**આજનો સુવિચાર**

સુખ લેવાથી અંત:કરણ અશુધ્ધ થાય છે અને સુખ આપવાથી અંત:કરણ શુધ્ધ થાય છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૩૧૬ જૂનાગઢ તા. ૧૩-૧૨-૨૦૨૨ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


### ૯ ડિસેમ્બરે અરૂણાચલ પ્રદેશનાં તવાંગ ક્ષેત્રમાં વાસ્તવીક અંકુશ રેખા ઉપર ભારત-ચીનનાં સૈન્ય વચ્ચે અથડામણ થઈ હતી

# ભારતીય સૈન્યએ ચીનનાં અતિક્રમણને રોકયું, જડબાતોડ જવાબ આપ્યો : રાજનાથસિંહ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૩

ગત તા. ૯ ડિસેમ્બરનાં રોજ ભારતનાં અરૂણાચલ પ્રદેશ રાજયમાં આવેલ સરહદી વિસ્તાર તવાંગ ક્ષેત્રમાં ભારત અને ચીનનાં સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી. આ અથડામણ અંગે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે પ્રથમ લોકસભામાં અને ત્યારબાદ રાજયસભામાં સત્તાવાર નિવેદન આપતા જણાવ્યું હતું કે, આપણા સૈન્યએ ચીનનાં ઘુસણખોર સૈન્યનો જડબાતોડ જવાબ આપ્યો હતો અને ચીનનાં સૈનિકોને પાછા ખદેડી દીધા હતા. ૯ ડિસેમ્બરે ચીનની પીપલ્સ લીબરેશન આર્મીનાં જવાનોએ ભારતીય વિસ્તારમાં ઘુસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો અને ભારતીય સૈનિકો સાથે હાથાપાઈ કરી હતી જેનો ભારતીય સૈન્યએ જોરદાર પ્રત્યુત્તર આપ્યો હતો અને ચીનનાં સૈનિકોને પરત ફરવાની ફરજ પડી હતી.

### ચીન સાથેની અથડામણમાં ભારતનાં તમામ જવાનો સુરક્ષિત કોઈને ગંભીર ઈજા થઈ નથી : કલાકોમાં જ ચીની સૈન્યને પરત ફરવાની ફરજ પડી : ૧૧ ડિસેમ્બરે બંને દેશો વચ્ચે ફલેગ મીટીંગ યોજાઈ હતી : સંરક્ષણ મંત્રી

ભારતીય સૈન્યએ ચીનનાં સૈનિકોને ઘુસણખોરી કરતા અટકાવ્યા હતા. ત્યારબાદ બંને દેશો વચ્ચે આ મામલે તા. ૧૧ ડિસેમ્બરે ફલેગ મીટીંગ થઈ હતી. ભારતે આ મામલો રાજદ્વારી સ્તરે પણ ઉઠાવ્યો છે. તેટલું જ નહી ચીની સૈન્ય સાથેની ઝડપમાં કોઈ ભારતીય સૈન્ય ગંભીરરૂપથી ઘાયલ નથી કે કોઈનું મૃત્યુ થયું નથી તેમ રાજનાથસિંહે જણાવ્યું હતું. આ પહેલા સંસદની કાર્યવાહી શરૂ થઈ તે અગાઉ ગૃહમંત્રી અમિત શાહે મીડીયા સાથે વાતચીત કરતા કહયું કે, આપણી એક ઈંચ જમીન ઉપર કબ્જો કરી શકતું નથી, આપણે અમુક કલાકોમાં જ ચીનને પાછળ ખદેડી દીધું હતું તેમ અમીત શાહે મીડીયાને જણાવ્યું હતુ.

બીજી તરફ કોંગ્રેસે આ અંગે ભાજપને આડેહાથ લેતા કહયું કે, રક્ષામંત્રીને પગલે ગૃહમંત્રીએ જે રીતે સત્તાવાર નિવેદન પહેલા મીડીયા સાથે વાત કરી તેજ બતાવે છે કે, આ સરકાર દેશની નહી પરંતુ પોતાની રક્ષા કરી રહી છે. રક્ષામંત્રી માત્ર નામના રહી ગયા છે તેવો ટોણો લોકસભામાં કોંગ્રેસનાં નેતા અધિરરંજન ચૌધરીએ માર્યો હતો.

## ભૂપેન્દ્ર પટેલ સરકાર આજથી એકશન મોડમાં

ગાંધીનગર તા. ૧૩

ગઈકાલે ગુજરાતના ૧૮માં મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલે શપથ ગ્રહણ કર્યા હતા. ત્યારબાદ કેબિનેટની બેઠક મળી હતી. જેમાં મંત્રીઓને તેમના ખાતાની ફાળવણી કરાઈ હતી. ત્યારે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સ્વર્ણિમ સંકુલ પહોચ્યા હતા. તેઓએ મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. આ ઉપરાંત તેમના મંત્રીમંડળમાં સામેલ અન્ય મંત્રીઓ પણ પોતાનો ચાર્જ લઈ લેશે. આ પહેલા કુબેર ડિંડોરે ચાર્જ લીધો હતો.

મુખ્યમંત્રીએ નવનિયુક્ત મંત્રીઓને શુભેચ્છાઓ પાઠવી હતી અને રાજયના ઉત્તરોત્તર અવિરત વિકાસમાં તેમનું યોગદાન મળતું રહે તેવી મંગળ કામનાઓ વ્યક્ત કરી હતી.

## ચીન સાથે ઘર્ષણ મામલે રાજનાથસિંહનાં નિવાસ સ્થાને ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૩

અરુણાચલ પ્રદેશમાં લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ પાસે ભારત અને ચીનના સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી. એમાં ભારતના ૬ જવાન ઘાયલ થયા છે, જ્યારે ચીનના સૈનિકોને હુમલાથી વધુ નુકસાન પહોંચ્યું છે. ચીનનાં ઘણા સૈનિકોનાં હાડકાં તૂટી ગયાં છે. ઘાયલ ભારતીય જવાનોને ગુવાહાટી હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

આ અથડામણને લઈને રક્ષામંત્રી રાજનાથ સિંહે આજે બેઠક બોલાવી હતી. આ બેઠકમાં વિદેશમંત્રી એસ. જયશંકર, CDS લેફ્ટનન્ટ જનરલ અનિલ ચૌહાણ અને ત્રણેય સેનાના પ્રમુખ, NSA અજિત ડોભાલ સહિત તમામ અધિકારીઓ હાજર રહયા હતા. વાસ્તવમાં ૯ ડિસેમ્બરે ભારતીય સૈનિકોએ ચીનના ઈરાદા ઉપર પાણી ફેરવી નાખ્યું હતું. અરુણાચલના તવાંગના યાંગત્સે વિસ્તારમાં ભારતીય સેના અને ચીની સેના વચ્ચે અથડામણ થઈ હતી. ચીની સૈનિકો ભારતીય સેનાની પોસ્ટને હટાવવાના ઈરાદે આવ્યા હતા, પરંતુ ભારતીય સેનાની બહાદુરીને કારણે તેઓ પોતાના ઈરાદામાં સફળ થયા ન હતા. બંને દેશ વચ્ચે સૈન્ય સ્તરે સમજૂતી થઈ છે, જે અંતર્ગત બંને દેશના સૈનિક એક નક્કી કરેલા વિસ્તારમાં ફાયરિંગ આર્મ્સ એટલે કે રાઈફલ અથવા આવા જ કોઈ હથિયારનો ઉપયોગ નહીં કરે. સામાન્ય રીતે બંને દેશના સૈનિકો એકબીજાને હાથ વડે પાછળ ધકેલે છે. ગલવાન અથડામણમાં ચીની સૈનિકોએ કાંટાવાળી લાકડીનો ઉપયોગ કર્યો હતો. ત્યાર પછી ભારતીય સૈનિકોએ પણ આ પ્રકારની ઈલેક્ટ્રિક બેટલ અને કાંટાવાળી લાકડીનો ઉપયોગ શરૂ કર્યો છે.

## મોંઘવારીનો રાક્ષસ બચતનું ભક્ષણ કરી જાય છે : ફુગાવાનો દર ૭ ટકા રહેશે તો ૧૦ વર્ષમાં ૧ લાખ રૂપિયાનું મૂલ્ય રૂા. ૫૦ હજાર થઈ જશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૩

દેશ અને દુનિયામાં ફુગાવાનો દર ચિંતાજનક સ્થિતિ ધારણ કરી રહયા છે. કમાણીનું યોગ્ય રીતે રોકાણ કરવામાં ન આવે તો આ કમાણીને મોંઘવારી કોરી ખાશે. ચાલો સમજીએ કે મોંઘવારી તમારી કમાણીને કેવી રીતે ઉધઈની જેમ કોરી ખાઈ રહી છે.

ખરીદશક્તિ અને ફુગાવાવચ્ચે ઘનિષ્ટ સંબંધ રહેલો છે. ભારતમાં ફુગાવાનો દર ૭ ટકા છે. આ સંજાગોમાં તમારી પાસે રહેલા પૈસા એક રીતે જોવા જઈએ તો પ્રતિ વર્ષ ૭ ટકા દરથી મૂલ્ય ગુમાવી રહયા છે એટલે કે તમારી પાસે રૂપિયા ૧૦૦ છે અને ફુગાવાનો દર ૭ટકા છે તો એક વર્ષ બાદ તમારી પાસે રહેલા રૂપિયા ૧૦૦ની ખરીદ શક્તિનું મૂલ્ય ફક્ત ૯૩ થઈ જશે. એવી જ રીતે તમારી પાસે જો એક લાખ રૂપિયા છે તો તેનું મૂલ્ય આ ગણતરી પ્રમાણે અડધુ એટલે કે રૂપિયા ૫૦ હજાર થઈ જશે. ૧૫ વર્ષમાં તે રૂપિયા ૩૬ હજાર અને આગામી ૨૦ વર્ષમાં આ મૂડીનું મૂલ્ય ફક્ત રૂપિયા ૨૫ હજાર થઈ જશે. સામાન્ય રીતે ફુગાવાજનક સ્થિતિથી બચવા ભારતમાં લોકો સદીઓથી સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓમાં રોકાણ કરે છે, આ કિંમતી ધાતુઓ વધતી મોંઘવારી પ્રમાણે કિંમતમાં વધારો નોંધાવે છે, અલબત છેલ્લા બે વર્ષ દરમ્યાન સોના અને ચાંદીની કિંમતને જાવામાં આવે તો તેમણે લગભગ શૂન્ય અથવા તો નકારાત્મક વળતર આપ્યું છે. આ ઉપરાંત વ્યાજની કમાણી પણ કંઈક હસ્તક ફુગાવાજન્ય સ્થિતિમાં તમારા નાણાના ધોવાણની સ્થિતિથી બચાવે છે. જેમ કે ૭ ટકા અથવા ૮ ટકા વ્યાજ લાંબા ગાળે તમારી મૂડીને સુરક્ષિત રાખવા ઉપરાંત સંપૂર્ણ નહીં તો કંઈક સ્તરે ફુગાવાની સ્થિતિમાં વધતા ફુગાવા પ્રમાણે વળતર પણ એટલું જ આપે છે.

## ૧૫ વર્ષ જૂના સરકારી વાહનો સ્ક્રેપમાં ફેરવાશે

નવી દિલ્હી, તા. ૧૩:

નાણા મંત્રાલયે તમામ મંત્રાલયો અને વિભાગોને તેમના તમામ ૧૫ વર્ષ જૂના વાહનોને સ્ક્રેપ કરવા કહયું છે જે હવે 'સર્વિસિંગ' માટે યોગ્ય નથી. એક ઓફિસ મેમોરેન્ડમમાં, નાણાં મંત્રાલય હેઠળના ખર્ચ વિભાગે જણાવ્યું હતું કે પ્રદૂષણ ઘટાડવા અને મુસાફરોની સલામતી અને બળતણ કાર્યક્ષમતામાં સુધારો કરવાના સરકારના સર્વોચ્ચ ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખીને, નીતિ આયોગ અને માર્ગ પરિવહન મંત્રાલય સાથે પરામર્શ કરીને, ૧૫ વર્ષ જૂના અથવા જે વાહનો હવે 'સર્વિસિંગ' લાયક નથી તેવા વાહનો અંગે હાલની જોગવાઈઓ ઉપર પુનર્વિચાર કરવામાં આવ્યો છે.

## ટોલ પ્લાઝાને ખતમ કરવા સરકારની વિચારણા : નંબર પ્લેટ સ્કેન થઈને બેંક ખાતામાંથી ટોલ ટેકસ કપાઈ જશે

નવી દિલ્હી,તા. ૧૩ : દેશમાં ટુંકસમયમાં જ ટોલ ટેક્સ વસુલવાની સીસ્ટમને બદલાવવા જઈ રહી છે. હાલ ટોલ કલેક્શન માટે દેશભરમાં FASTag નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જોકે કેન્દ્ર સરકાર હવે હાઈવે ઉપર ટોલ પ્લાઝાને ખતમ કરવા ઉપર વિચાર કરી રહી છે. તેની જગ્યા કેમેરાઅ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ લાગૂ કરવામાં આવશે. આ પ્રોસેસર અંતગર્ત ગાડીઓની નંબર પ્લેટ સ્કેન કરીને સીધા બેંક એકાઉન્ટમાં ટોલ કાપી લેવામાં આવશે. આ કેમેરાને ઓટોમેટિક નંબર પ્લેટ રીડર (ANPR) કેમેરાના નામેથી ઓળખવામાં આવશે.

રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયનો દાવો છે કે આ કેમેરાને લગાવવાથી ટોલ પ્લાઝા ઉપર વાહનોનો વેટિંગ પીરિયડ ઓછો થઈ જશે. હાલ દેશમાં લગભગ ૯૭ ટકા ટોલ કલક્શન FASTag દ્વારા થઈ રહ્યું છે. તેમ છતાં પણ ટોલ પ્લાઝા ઉપર જામ લાગી જાય છે. રોડ મંત્રાલયનું કહેવું છે કે દેશભરના તમામ હાઈવે ઉપરથી ટોલ પ્લાઝાને હટાવી દેવામાં આવશે. ટોલ પ્લાઝાની જગ્યાએ ANPR લગાવવામાં આવશે, જે વાહનની નંબર પ્લેટને વાંચશે અને બેંક એકાઉન્ટમાંથી ટોલ ટેક્સ કાપી લેશે. હાઈવેના એન્ટ્રી અને એક્ઝિટ પર કેમેરાને સ્થાપિત કરવામાં આવશે. સિસ્ટમ નંબર પ્લેટનો ફોટો લઈને એડ્રેસ અને અંતર વિશે જાણી લેશે અને તે મુજબ ટોલ ટેક્સ વસૂલવામાં આવશે.

## મોંઘવારી બેકાબુ : છેલ્લા એક વર્ષમાં જીવન જરૂરી ચીજવસ્તુઓનાં ભાવમાં ૧૪ ટકાનો વધારો

નવી દિલ્હી તા. ૧૩ : આંકડામાં રિટેલ ફુગાવો ભલે ૧૧ મહિનાની નીચીસપાટી ૫.૮૮ ટકા ઉપર પહોંચી ગયો હોય, પરંતુ છેલ્લા એક વર્ષમાં આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં ૧૪ ટકાનો વધારો થયો છે. ઉપભોક્તા મંત્રાલયના ડેટા અનુસાર, સોમવારે ચોખાની કિંમત ૩૮.૦૭ રૂપિયા પ્રતિ કિલો હતી, જે એક વર્ષ પહેલા તે જ દિવસે ૩૫.૨૭ રૂપિયા હતી. ઘઉં રૂા. ૨૭.૦૯થી વધીને રૂા. ૩૧.૮૬, તુવેર દાળ રૂા. ૧૦૨.૭૫થી વધીને રૂા. ૧૧૨.૩૮, અડદની દાળ રૂા. ૧૦૬.૨૦થી વધીને રૂા. ૧૦૮.૨૬ અને મગની દાળ રૂ.૧૦૧.૬૬થી વધીને રૂ.૧૦૩.૮૬ થઈ હતી. ખાંડનો ભાવ રૂ. ૪૧.૮૪ થી વધીને રૂા. ૪૨.૪૫, દૂધનો ભાવ રૂા. ૪૯.૯૦ થી વધીને રૂા. ૫૫.૫૧, સીંગતેલનો ભાવ રૂા. ૧૭૪ થી વધીને રૂા. ૧૯૦ પ્રતિ લીટર થયો હતો. વનસ્પતિ તેલનો ભાવ રૂા. ૧૩૬.૬૬થી વધીને રૂા. ૧૪૩ થયો હતો. બટાકાના ભાવમાં ૨૩ થી ૨૬ રૂપિયાનો વધારો થયો છે

## મોંઘવારી વધવાનાં કારણો અંગે હવે રીઝર્વ બેંકનો અહેવાલ જાહેર નહી થાય

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૩

મોંઘવારીથી માંડીને બેંકની નિષ્ફળતા સાથે રીઝર્વ બેંકનો રિપોર્ટ જાહેર નહી થાય તેમ સરકારે નિયમોનો હવાલો આપીને કહ્યું છે. કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે મોંઘવારીને નિયંત્રીત કરવામાં વિફળ રહેવાના કારણે રિઝર્વ બેંકનો રિપોર્ટ જાહેર નથી કરી શકાતો. રીઝર્વ બેંકનો અધિનિયમ તેની મંજુરી નથી આપતો. લોકસભાના સભ્ય જયદેવ ગલ્લાએ સવાલ પૂછયો હતો કે, શું રીઝર્વ બેંકે ૬ ટકા ઉપર ફુગાવો (મોંઘવારી)ને નિયંત્રીત ન કરવાના કારણો ઉપર પોતાનો રિપોર્ટ રજૂ કર્યો છે? શું સરકાર તે રિપોર્ટ જાહેર કરશે? તેના જવાબમાં નાણા રાજયમંત્રી પંકજ ચૌધરીએ પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે નિયમો અનુસાર આ રિપોર્ટ જાહેર કરી શકાય નહી.


**ઓફિસ વેચાણ / ભાડે / લીઝથી**

ફુલ આધુનિક ફર્નિચર, CCTV કેમેરા, નવું બિલ્ડીંગ, લીફ્ટ, રોડ ફેસિંગ, ૬૨૨ ચો. ફુટ જગ્યા, જૂનાગઢના મધ્યમાં. CA, કલાસીસ, બેંક, ફાઈનાન્સ કું., IT કંપની, ટ્રેનિંગ સેન્ટર માટે મોકાની જગ્યા ખૂબજ વ્યાજબી ભાવે તાત્કાલીક આપવાની છે.

**સંપર્ક : ૯૪૨૬૧ ૬૫૨૧૫**


## દિલ્હી કરતા હવે મુંબઈ વધુ પ્રદુષિત શહેર

મુંબઈ, તા.૧૩: દેશના પાટનગર દિલ્હીના પ્રદુષણની ચર્ચા વિશ્વભરમાં થાય છે પણ હવે મુંબઈ પણ અછૂત નથી. મુંબઈની હવા દિલ્હી કરતાં વધુ પ્રદૂષિત થઈ રહી છે. સપ્તાહની શરૂઆતમાં જે આંકડા જાહેર થયા છે તે અત્યંત ભયાનક છે. જો કે મુંબઈમાં ગયા સપ્તાહની સરખામણીમાં વધુ સારું AQI સ્તર નોંધાયું હતું પરંતુ તેમ છતાં તે પૂરતું નથી. સોમવારે મુંબઈનું એકંદર AQI સ્તર ૨૨૫ નોંધાયું હતું. દિલ્હીની સરખામણીમાં તે ખૂબ જ ખરાબ છે. સોમવારે દિલ્હીનું કુલ AQI સ્તર ૧૫૨ નોંધાયું હતું.

## ભારતમાં ૪૧.૫ કરોડ લોકો ગરીબીમાંથી મુકત થયા હોવાનો અહેવાલ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૩

યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામના રિપોર્ટને ટાંકીને સરકારે રાજયસભામાં કહ્યું કે, ૨૦૦૫-૦૬ અને ૨૦૧૯-૨૧ વચ્ચે ભારતમાં ૪૧.૫ કરોડ લોકોને ગરીબીમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રીરાવ ઈન્દ્રજીત સિંહે કહ્યું કે, 'ઓક્સફોર્ડ પોવર્ટી એન્ડ હ્યુમન ડેવલપમેન્ટ ઈનિશિએટિવ અને સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ દ્વારા જાહેર કરાયેલ ગ્લોબલ મલ્ટીડેમેન્શનલ પોવર્ટી ઈન્ડેક્સ ૨૦૨૨ના રિપોર્ટ અનુસાર, ૨૦૦૫-૦૬ અને ૨૦૧૯ વચ્ચે ભારતમાં ૪૧.૫ કરોડ લોકો -૨૧ ગરીબીમાંથી મુક્ત થયા છે.

## ૨૦૨૫ સુધીમાં ભારતનું એફએમસીજી માર્કેટ ૨૨૦ અબજ ડોલરનું થઈ જશે

નવી દિલ્હી તા. ૧૩ : ફાસ્ટ મૂવિંગ કન્ઝયુમર ગુડ્સ ક્ષેત્ર દેશના જીડીપીમાં ચોથું સૌથી મોટું ક્ષેત્ર છે. આ ક્ષેત્ર છેલ્લાં કેટલાંક વર્ષોમાં વધતી નિકાલજોગ આવક અને વધતી જતી યુવા વસ્તી અને ગ્રાહકોમાં બ્રાંડ જાગરૂકતા સાથે તંદુરસ્ત દરે વિકાસ કરી રહ્યું છે. ભારતમાં એફએમસીજી વેચાણમાં ૫૦ ટકા હિસ્સો ઘરગથ્થુ અને પર્સનલ કેર કેટેગરીનો છે. દેશના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટ (જીડીપી)માં પણ આ ઉદ્યોગનો નોંધપાત્ર ફાળો છે. ઈન્ડિયન બ્રાન્ડ ઈક્વિટી ફાઉન્ડેશનના એક રિપોર્ટ અનુસાર, ભારતનું એફએમસીજી માર્કેટ ૨૦૨૫ સુધીમાં ૧૪ ટકાના વાર્ષિક દરે વૃધ્ધિ પામવાની ધારણા છે અને ૨૨૦ બિલિયન ડોલર સુધી પહોંચી જશે. હાલમાં દેશનું એફએમસીજી માર્કેટ ૧૧૦ બિલિયનનું છે. પેકેજડ ફૂડ, પીણાં, કેન્ડી અને રોજિંદા ઉપયોગની વસ્તુઓ જેમ કે સૌંદર્ય પ્રસાધનો અને સાબુનું ઉત્પાદન કરતી કંપનીઓને એફએમસીજી કહેવામાં આવે છે. ઉપરાંત, ભારતીય પેકેજડ ફૂડ માર્કેટ ૨૦૨૫ સુધીમાં બમણું થઈને ૭૦ બિલિયન ડોલર થવાની ધારણા છે.

### વડાપ્રધાન મોદીને મારવાની વાત કરનાર

## કોંગ્રેસનાં નેતા રાજા પટેરીયાની મધ્યપ્રદેશમાં ધરપકડ

ભોપાલ, તા.૧૩:

કોંગ્રેસના પૂર્વ મંત્રી રાજા પટેરિયાની ધરપકડ કરવામાં આવી છે. રાજા પટેરિયાએ વડાપ્રધાન મોદી ઉપર વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. મધ્યપ્રદેશના દમોહના હટ્ટાથી આજે લગભગ ૫.૩૦ વાગે કોંગ્રેસના નેતા રાજા પટેરિયાની ધરપકડ કરવામાં આવી હતી. રાજા પટેરિયાનો એક વીડિયો સામે આવ્યો હતો. આમાં તે કથિત રીતે 'પીએમ મોદીને મારવા'ની વાત કરતો જોવા મળ્યો હતો. જોકે બાદમાં પટેરિયાએ પોતાનું નિવેદન પાછું ખેંચી લીધું હતું. તેમણે કહયું હતું કે તેઓ આગામી ચૂંટણીમાં મોદીને હરાવવા માગે છે. આટલું જ નહીં, તેણે કહયું હતું કે તે પ્રવાહમાં થયું છે.

રાજા પટેરીયાનો જે કથિત વીડિયો સામે આવ્યો છે તેમાં તે કેટલાક કાર્યકરોને સંબોધિત કરી રહયા છે. તેઓ કહેતા જણાય છે, મોદી ચૂંટણી ખતમ કરશે, મોદી ધર્મ, જાતિ, ભાષાના આધારે ભાગલા પાડશે, દલિતો, આદિવાસીઓ અને લઘુમતીઓના જીવ જોખમમાં છે, બંધારણ બચાવવું હશે તો મોદીને મારવા તૈયાર રહો. જો કે, પાછળથી તે કહે છે કે હત્યાનો અર્થ હાર થાય છે.

## અમેરીકા, ચીન, જાપાનમાં ૧૦૦થી વધુ મૂલ્યની કરન્સી જ નથી

નવી દિલ્હીઃ દેશમાં ૨૦૧૬માં અમલીબનાવાયેલી નોટબંધી યોગ્ય હતી કે કેમ તે અંગે હવે સુપ્રીમકોર્ટમાં સુનાવણી આખરી તબકકે છે. રાજયસભામાં ભાજપના જ સાંસદ સુશીલ મોદીએ રૂા.૨૦૦૦ની ચલણી નોટો તબકકાવાર ચલણમાંથી પાછી ખેચી લેવાની માંગ કરીને નવો ફફડાટ સર્જયો છે.

વિકસીત ઈકોનોમી દેશો જેમકે અમેરિકા, ચાઈના, જર્મની, જાપાનમાં ૧૦૦થી વધુ મૂલ્યની લોકલ કરન્સી જ નથી

## ઓરીસ્સામાં તોડફોડ કરનાર વકિલો સામે કડક કાર્યવાહી કરવા સુપ્રિમ કોર્ટનો આદેશ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૩

સુપ્રીમ કોર્ટે સોમવારે ઓરીસ્સા રાજ્ય સરકાર અને રાજ્ય પોલીસને રાજ્યના પશ્ચિમ ભાગમાં સંબલપુર ખાતે ઓરિસ્સા હાઈકોર્ટની કાયમી બેંચની તેમની લાંબા સમયથી ચાલી રહેલી માંગ દરમ્યાન હડતાળ ઉપર ઉતરેલા વકીલો સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે.

વકીલો કોર્ટ પરિસરમાં તોડફોડ કરવામાં શામેલ હતા. જસ્ટિસ એસ કે કૌલ અને એએસ ઓકની ખંડપીઠે ઓરીસ્સા રાજ્ય સરકાર અને પોલીસ મહાનિર્દેશક, સંબલપુર જિલ્લાના ઈન્ચાર્જ પોલીસ અધિકારી સાથે આવતીકાલે વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં હાજર રહેવા આદેશ આપ્યો છે કે શું પગલાં લેવામાં આવ્યા છે તેની જાણ કરો .

બેન્ચે વિરોધનો વીડિયો જોયા બાદ આ આદેશ આપ્યો હતો જેમાં કોર્ટને દર્શાવવામાં આવ્યું હતું કે જિલ્લાના સમગ્ર કોર્ટ સંકુલને વિરોધ કરી રહેલા વકીલોએ નુકસાન પહોંચાડ્યું હતું. કોર્ટ સમક્ષ એવી રજૂઆત પણ કરવામાં આવી હતી કે તમામ કોમ્પ્યુટર, વીસી સુવિધાઓ તોડી નાખવામાં આવી હતી અને સમગ્ર કેમ્પસમાં તોડફોડ કરવામાં આવી હતી.


આયુર્વેદીક હેર કેર અને સ્કિનકેર પ્રોડકટસ




આપના જીવનમાં આયુર્વેદનાં આશીર્વાદ લાવે છે

**વૃંદાવન આયુર્વેદા**

એજન્સી માટે ડીલર અને ડીસ્ટ્રીબ્યુટર્સ આવકાર્ય છે

**મો. ૯૭૭૩૦ ૧૫૪૯૬**

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવારકરવાનાં નિષ્ણાંત




વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

AYURVEDIC KAYAM TABLET

કબજીયાતને **કાયમ** રાખે દૂરરરરર......



**કાયમ ટેબલેટ**

કબજીયાત અને તેના કારણે થતી તમામ તકલીફો જેવી કે એસિડિટી, ગેસ, અપચો, માથાનો દુખાવો, મોઢામાં ચાંદા, ખાટા ઓડકાર, ભૂખ ન લાગવી, પેટ તથા છાતીમાં બળતરા, સ્ફૂર્તિનો અભાવ, ગામડીના દર્દો વગેરેને રાખે દૂર... કાયમ ટેબલેટ ફક્ત એક ગોળી રાત્રે અને સવારે આપને મળશે કબજીયાતથી રાહત. આયુર્વેદિક ઔષધિઓ અને જડીબુટ્ટીઓથી નિર્મિત કાયમ ટેબલેટ સંપૂર્ણ પ્રાકૃતિક અને બિન હાનિકારક છે. તો હવે સ્ફૂર્તિને રાખો પાસે અને કબજીયાતને દૂર....

કાયમ ચૂર્ણ પણ ઉપલબ્ધ
કાયમ ચૂર્ણ 50, 100 અને 200 ગ્રામ માં ઉપલબ્ધ

ભાવનગર વાળા શેઠ બ્રધર્સનું આયુર્વેદિક ઉત્પાદન
Toll Free No.: 1800 419 0807 | Buy online


C M Y K

### નશાની પાર્ટી ઉપર બ્રેક મારવા અત્યારથી આયોજન

# 31st માટે પોલીસ તૈયાર, હાઈ પ્રોફાઈલ રેવ પાર્ટી રડારમાં

## પોલીસ માઇક્રો લેવલે પ્લાનિંગ કરી રહી છે, જ્યાં બંદોબસ્તને લઇ બ્લૂ પ્રિન્ટ પણ તૈયાર કરી લીધી છે

અમદાવાદ,તા.૧૩

અમદાવાદ જિલ્લા તેમજ ૫૦કિલોમીટરના અંતરે આવેલાં ફાર્મ હાઉસ તેમજ ખેતરોમાં યુવાઓએ પાર્ટી કરવાનું આયોજન કરી લીધું છે. ૩૧ ડિસેમ્બર પહેલાં યુવાઓ દારૂ તેમજ હુક્કા સહિતની ચીજવસ્તુઓ ફાર્મ હાઉસ અને ખેતરોમાં પહોંચાડી દેશે.સાંજના સમયે યુવાઓ ફાર્મ હાઉસ અને ખેતરોમાં પહોંચી જશે અને પાર્ટીનું આયોજન કરશે. આ સાથે કેમ્પફાયર પણ કરવાનું આયોજન કરી દીધું છે. આવી પાર્ટી ઉપર નજર રાખવા માટે પણ પોલીસ એલર્ટ છે.

છેલ્લાં બે વર્ષથી કોરોનાએ આપેલી દસ્તકના કારણે ૩૧ડિસેમ્બરની ઉજવણી પર ગ્રહણ લાગી ગયું હતું, જોકે હવે આ ગ્રહણનો અંત આવતાં ધુમધડાકા સાથે નવા વર્ષને આવકારવા માટે યુવાઓ થનગનાટ કરી રહ્યાં છે. એમડી ડ્રગ્સ, હુક્કા પાર્ટી, દારૂની મહેફિલની કિક સાથે ૩૧ ડિસેમ્બરની ઉજવણી થશે. યુવાઓની રેવ પાર્ટીમાં ભંગ પડાવવા માટે પોલીસ તેમજ ક્રાઇમ બ્રાંચ સહિતની એજન્સીઓએલર્ટમોડ પર આવી ગઈ છે. નશાની પાર્ટીને રોકવા માટે પોલીસ માઇક્રો લેવલે પ્લાનિંગ કરી રહી છે, જ્યાં બંદોબસ્તને લઇ બ્લૂ પ્રિન્ટ પણ તૈયાર કરી લીધી છે.

શહેરમાં એમડી ડ્રગ્સની બોલબાલા વધી ગઈ છે, જેને રોકવા માટે પોલીસ રાત-દિવસ મહેનત કરી રહી છે. સાંજ પડે એટલે યુવાઓ ઠાઠમાઠથી તૈયાર થઈને સિંધુ ભવન રોડ અને એસજીહાઇવે પર નીકળી પડેછે. ત્યાર બાદ એમડી ડ્રગ્સનો નશો કરે છે. શહેરના સૌથી વધુ પોશ વિસ્તારમાં એમડી ડ્રગ્સ તેમજ નશો કરતા યુવાઓ વધુ છે, જે આગામી દિવસોમાં પેડલર્સબની જશે. ૩૧ ડિસેમ્બરને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે યુવાઓએ પાર્ટી કરવાનું આયોજન કરી દીધું છે. ડ્રગ્સ માફિયાઓએ એમડીનો જથ્થો સુરક્ષિત જગ્યાએ મૂકી દીધો છે અને તેને ડબલ ભાવમાં નવા વર્ષે વેચવાની તૈયારી કરી દીધી છે ત્યારે બુટલેગર્સેપણ મોંઘી દારૂની બોટલોનો સ્ટોક કરી દીધો છે.

યુવાઓ નવા વર્ષને આવકારવા માટે નવી નવી પાર્ટીઓનુંઆયોજન કરી રહ્યાંછે, જેમાં કેટલીક જગ્યાએ ડીજે પાર્ટીનુંપણ આયોજન થવાનુંછે. ડીજે પાર્ટી, રેવ પાર્ટીમાં યુવાઓ એમડી ડ્રગ્સ તેમજ દારૂનો નશો કરીને આવે તેવી શક્યતા છે, જેથી પોલીસ એલર્ટ મોડ ઉપર આવી ગઈ છે. આ સિવાય અમદાવાદ બહાર આવેલાં ફાર્મ હાઉસનુલિસ્ટ પોલીસે તૈયાર કર્યું છે, જ્યાંહાઇ પ્રોફાઇલ પાર્ટીઓનું આયોજન થવાનુંછે.

શહેરમાં કેટલી પાર્ટીનું આયોજન થવાનું છે તેની આંકડાકીય માહિતી હજુ સુધી સામે નથી આવી, પરંતુ સિંધુ ભવન રોડ પર સૌથી વધુ પાર્ટીઓનું આયોજન કરવામાં આવશે. યુવાઓના પ્લાન પર પાણી ફેરવી દેવા માટે પોલીસ તેમજ સુરક્ષા એજન્સીઓ તત્પર છે. તેઓ બુટલેગર તેમજ ડ્રગ્સ માફિયાઓને એક પછી એક ઝડપી રહ્યાં છે ત્યારે પાર્ટી થાય તેવી જગ્યા પર વોચ પણ રાખી રહ્યાં છે. નબીરાઓ પોલીસને પડકાર આપીને કોઇ પણ ગમેતે ભોગેપાર્ટી કરવા માટે તૈયાર છે, જ્યારેપોલીસપણ તેમનેપકડવા માટેસક્ષમ છે.

પોલીસ સુરક્ષા વ્યવસ્થાને લઈ આખરી ઓપ આપવામાં આવીરહ્યોછે, જેમાં ૧૨ ડીસીપી, ૨૦થી વધુ એસીપી, ૬૦થી વધુ પીઆઇ તેમજ પીએસઆઇ સહિત હજારોની સંખ્યામાં પોલીસ કર્મચારીઓ નાઇટ ડ્યૂટી કરશે. પોલીસ કંટ્રોલરૂમથી અમદાવાદનું મોનિટરિંગ સીસીટીવી કેમેરા મારફતે કરવામાં આવશે અને ‘શી’ ટીમ પણ સતત પેટ્રો?લિંગ કરશે. જ્યારે સ્ટંટ કરતાવાહનચાલકોને કાબૂમાં કરવા વાહનોની સ્પીડ પર નજર રાખી પાઠ ભણાવાશે.

દારૂડિયાઓને પકડવા માટે ખાસ ડ્રાઇવનું આયોજન કરાશે, જે અંતર્ગત પોલીસને બ્રેથ એનેલાઇઝરથી સજ્જ કરી દેવામાં આવશે.

પોલીસ દારૂડિયા તેમજ નશેડીઓ વિરૂધ્ધ કાર્યવાહીકરશે ત્યારે હવે નશાખોરોએ આયુર્વેદિક હર્બલ ટોનિકનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું છે. પાન પાર્લર ઉપર આસાનીથી હર્બલ ટોનિક મળી રહે છે, જેમાં સેલ્ફ જનરેટ આલ્કોહોલહોવાથી યુવાઓને તેમાં નશો ચઢે છે. બુટલેગર્સે પણ મોંઘી દારૂની બોટલોનો સ્ટોક કરી દીધો છે.

યુવાઓ નવા વર્ષને આવકારવા માટે નવી નવી પાર્ટીઓનુંઆયોજન કરી રહ્યાંછે, જેમાં કેટલીક જગ્યાએ ડીજે પાર્ટીનુંપણ આયોજન થવાનુંછે. ડીજે પાર્ટી, રેવ પાર્ટીમાં યુવાઓ એમડી ડ્રગ્સ તેમજ દારૂનો નશો કરીને આવે તેવી શક્યતા છે, જેથી પોલીસ એલર્ટ મોડ પર આવી ગઈ છે. આ સિવાય અમદાવાદ બહાર આવેલાં ફાર્મ હાઉસનુલિસ્ટ પોલીસે તૈયાર કર્યું છે, જ્યાંહાઇ પ્રોફાઇલ પાર્ટીઓનું આયોજન થવાનુંછે.

શહેરમાં કેટલી પાર્ટીનું આયોજન થવાનું છે તેની આંકડાકીય માહિતી હજુ સુધી સામે નથી આવી, પરંતુ સિંધુ ભવન રોડ ઉપર સૌથી વધુ પાર્ટીઓનું આયોજન કરવામાં આવશે. યુવાઓના પ્લાન ઉપર પાણી ફેરવી દેવા માટે પોલીસ તેમજ સુરક્ષા એજન્સીઓ તત્પર છે. તેઓ બુટલેગર તેમજ ડ્રગ્સ માફિયાઓને એક પછી એક ઝડપી રહ્યાં છે ત્યારે પાર્ટી થાય તેવી જગ્યા પર વોચ પણ રાખી રહ્યાં છે. નબીરાઓ પોલીસને પડકાર આપીને કોઇ પણ ગમેતે ભોગેપાર્ટી કરવા માટે તૈયાર છે, જ્યારેપોલીસપણ તેમનેપકડવા માટેસક્ષમ છે.

પોલીસ સુરક્ષા વ્યવસ્થાને લઈ આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે, જેમાં ૧૨ ડીસીપી, ૨૦થી વધુ એસીપી, ૬૦થી વધુ પીઆઇ તેમજ પીએસઆઇ સહિત હજારોની સંખ્યામાં પોલીસ કર્મચારીઓ નાઇટ ડ્યૂટી કરશે. પોલીસ કંટ્રોલરૂમથી અમદાવાદનું મોનિટરિંગ સીસીટીવી કેમેરા મારફતે કરવામાં આવશે અને ‘શી’ ટીમ પણ સતત પેટ્રો?લિંગ કરશે. જ્યારે સ્ટંટ કરતા વાહનચાલકોને કાબૂમાં કરવા વાહનોની સ્પીડ પર નજર રાખી પાઠ ભણાવાશે.

દારૂડિયાઓને પકડવા માટે ખાસ ડ્રાઇવનું આયોજન કરાશે, જે અંતર્ગત પોલીસને બ્રેથ એનેલાઇઝરથી સજ્જ કરી દેવામાં આવશે.

પોલીસ દારૂડિયા તેમજ નશેડીઓ વિરુદ્ધ કાર્યવાહી કરશે ત્યારે હવે નશાખોરોએ આયુર્વેદિક હર્બલ ટોનિકનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું છે. પાન પાર્લર પર આસાનીથી હર્બલ ટોનિક મળી રહે છે, જેમાં સેલ્ફ જનરેટ આલ્કોહોલહોવાથી યુવાઓને તેમાં નશો ચઢે છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારી ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી લિ.ના પ્રમુખ પદે સતત ત્રીજી વાર બિનહરીફ ચૂંટાતા પ્રો. જયદીપસિંહ ડોડીયા

### ઉપપ્રમુખ પદે ડો. જયંત એ. ભાલોડિયા, મંત્રી પદે પ્રો. વિનોદરાય જે. કનેરિયા, સહમંત્રી તરીકે ડો. યોગેશ જોગસણ અને ખજાનચી તરીકે ડો. રંજન ખૂંટની સર્વાનુમતે વરણી : સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું ગૌરવ વધે અને સૌરાષ્ટ્રની ધરતીને શોભે તેવી સહકાર ક્ષેત્રે કામગીરી કરવા નવનિયુક્ત પદાધિકારીઓની પ્રતિબદ્ધતા



પ્રો. જયદીપસિંહ ડોડીયા પ્રમુખ | ડો. જયંત એ. ભાલોડિયા ઉપપ્રમુખ | પ્રો. વિનોદરાય કનેરીયા મંત્રી | ડો. યોગેશ જોગસણ સહમંત્રી | ડો. રંજન ખૂંટ ખજાનચી

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૩

સૌરાષ્ટ્રયુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારી ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી લિ.ના કારોબારી સદસ્યોની એક મહત્વની બેઠક આગામી ચાર વર્ષ માટે પદાધિકારીઓની ચૂંટણી કરવા માટે મળી હતી. આ બેઠકમાં મોટાભાગના કારોબારી સદસ્યો હાજર રહ્યા હતા. ગહન ચર્ચા વિચારણાના અંતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારી ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી લિ.ના પ્રમુખ પદે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના વરિષ્ઠ પ્રોફેસર અને આર્ટસ ફેકલ્ટીના પૂર્વ ડીન પ્રો. ડો. જયદીપસિંહ ડોડીયાની સતત ત્રીજી વખત સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આમ પ્રો. જયદીપસિંહ ડોડીયા પ્રમુખ પદે સતત ત્રીજીવાર બિનહરીફ ચૂંટાયા છે. તેમજ ઉપપ્રમુખ તરીકે ભૌતિકશાસ્ત્ર ભવનના સિનિયર પ્રાધ્યાપક ડો. જયંત એ. ભાલોડિયા, મંત્રી તરીકે ગણિતશાસ્ત્ર ભવનના પ્રો. ડો. વિનોદરાયજે. કનેરિયા, સહમંત્રી તરીકે મનોવિજ્ઞાન ભવનના વડા ડો. યોગેશ જોગસણ તેમજ ખજાનચી તરીકે રસાયણશાસ્ત્ર ભવનના પ્રાધ્યાપક ડો. રંજન ખૂંટની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લખનીય છે કે,છેલ્લા પાત્રીસ વર્ષથી મંડળીના કારોબારી સભ્યો અને તમામ હોદ્દેદારો બિનહરીફ ચૂંટાતા રહ્યા છે.

છેલ્લા ત્રણ દાયકામાં ક્યારેય ચૂંટણી યોજવાની નોબત આવી નથી, જેનો સંપૂર્ણ શ્રેય આ સહકારી સંસ્થાનું હિત જેમના હૈયે વસેલું છે તેવા તમામ સભાસદો ને ફાળે જાય છે. કારોબારીની આ મહત્વની બેઠકમાં વરિષ્ઠ કારોબારી સભ્ય પ્રો. અતુલ ગોસાઈ, હોમસાયન્સ ભવનના પ્રાધ્યાપક ડો. રેખાબા જાડેજા, કોમર્સ ભવનનાં પ્રાધ્યાપક ડો. અશ્વિન સોલંકી, સમાજ શાસ્ત્ર ભવનનાં પ્રાધ્યાપક ડો. ભરતભાઈ એમ. ખેર વગેરે હાજર રહ્યા હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની આ ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી લિ.ના નવનિયુક્ત હોદ્દેદારોને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતી ડો. ગીરીશભાઈ ભીમાણી, ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાના કુલપતિ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ, સિન્ડિકેટ સભ્ય પ્રો. કલાધર આર્ય તેમજ રાજકોટ આરડીસી બેંકના ડિરેકટર અરવિદભાઈ તાળાએ અભિનંદન પાઠવ્યા છે તેમજ નવનિયુક્ત હોદ્દેદારોએ પોતાના કાર્યકાળમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું ગૌરવ વધે અને સૌરાષ્ટ્રની ધરાને શોભે તેવી કામગીરી કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

# રાજ્યમાં માવઠાથી ખેડૂતોમાં ચિંતા

અમદાવાદ,તા.૧૩

રાજ્યમાં શિયાળીની સીઝનની શરૂઆત થઈ ગઈ છે. ધીમે-ધીમેઠંડી વધી રહી છે. પરંતુ આ વચ્ચે ત્રણ દિવસ રાજ્યમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. વલસાડ અને નવસારીમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. ૧૪ ડિસેમ્બરે ભાવનગરમાં પણ માવઠાની આહાગી કરવામાં આવી છે. રાજ્યમાં માવઠાની સાથે ઠંડીનું જોર પણ વધવાનું છે. માવઠાની આગાહી વચ્ચે ડાંગ અને વલસાડ જિલ્લાના કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદ પણ પડ્યો છે.

રાજ્યના હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે ગુજરાતમાં ૧૨થી ૧૪ડિસેમ્બર સુધી માવઠાની આગાહી કરવામાં આવી છે. વલસાડ, નવસારીમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. તો ૧૪ ડિસેમ્બરે ભાવનગર સહિતની આસપાસના વિસ્તારમાં પણ માવઠાની અસર જોવા મળી શકે છે. ઉત્તર-પૂર્વીય પવનને કારણે રાજ્યમાં ઠંડીનુંજોર પણ વધવાનું છે. રાજ્યમાં ૫ દિવસબાદ ઠંડીની ચમકારામાં વધારો થશે.

કમોસમી વરસાદને કારણે ખેડૂતોનાપાકનેમોટું નુકસાન થઈ શકેછે. ડાંગ જિલ્લાના આહવામાં પણ આજે વાતાવરણમાં પલટો આવ્યો હતો. ડાંગ જિલ્લામાં વાદળછાયુવાતાવરણ જોવા મળ્યું છે. કેટલાક ગામડાઓમાંવરસાદ પણ શરૂ થયો છે. આહવામાં વરસાદને કારણે રસ્તા પર પાણી જોવા મળ્યુંછે. કમોસમીવરસાદને કારણે શિયાળુ પાકને નુકસાન જવાની શક્યતાથી ખેડૂતો પણ ચિંતામાંમુકાયા છે.

## ૧૬ ડિસેમ્બરને શુક્રવારથી કમુહર્તાનો પ્રારંભ થશે

માગસર વદ આઠમને શુક્રવાર તારીખ ૧૬-૧૨-૨૦૨૨ના સવારના ૯.૫૯ કલાકે સૂર્ય ધન રાશીમાં પ્રવેશ કરશે અને કમુહુર્તાનોપ્રારંભથશે સાથે લગ્નના ઢોલ વાગતા બંધ થશે. કમુહર્તા દરમ્યાન લગ્ન વાસ્તુ થઈ શક્તા નથી તેસિવાયના બધા જ કાર્યો થઈ શકે છે. કમુહર્તામાં પણ સત્યનારાયણની રાંદલ કથા ચંડીપાઠ, લઘુરૂદ્ર નવગ્રહશાંતી જપ આ બધા જ કાર્યો થઈ શકે છે.

તા. ૧૪-૧૨-૨૨ના દિવસે લગ્નનું છેલ્લુ મુહૂર્ત છે ત્યાર બાદ કમુહર્તા પછી તા. ૧૭-૧-૨૩ના દિવસે લગ્નનું મુહૂર્ત છે. આમ એક મહિના સુધી લગ્નમાં બ્રેક રહેશે. કમુહર્તા તા. ૧૬-૧૨-૨૨ થી તા. ૧૪-૧-૨૩ના રાત્રીના ૮.૪૬ કલાકે સૂર્ય મકર રાશીમાં જશે અને કમુહર્તા પુરા થશે. ખાસ કરીને આ ધન રાશીના સૂર્ય દરમ્યાન સૂર્ય ઉપરના ખાસ કરવી જોઈએ.

આમ ૩૬૫ દિવસ આખુ વર્ષ સૂર્યને અર્ધ આપવુ જોઈએ. પરંતુ ખાસ કરીને ધન રાશી અને મીન રાશીના સૂર્યમાં વિદ્યાર્થી લોકોએખાસ સૂર્ધને અર્ધને અર્ધઆપવુ અને આદિત્ય હૃદયસ્ત્રોતના પાઠ કરવા જેથી વિદ્યા અભ્યાસમાં મન લાગે આરોગ્યસારૂ રહે અને એકાગ્રતા આવે સાથે જે લોકો બીમાર છે તેવાએ પણ આ સમયદરમ્યાન સૂર્ય ઉપાસના કરવી શ્રેષ્ઠ ફળ આપનાર બનશે.

**કમુહર્તા દરમ્યાન આવનાર તહેવારોની વિગત**

(૧) સફલા એકાદશી તા ૧૯-૧૨-૨૨
(૨) શાકંભરી નવરાત્રી પ્રારંભ તા ૩૦-૧૨-૨૨
(૩) પુત્રદા એકાદશી તા ૨-૧-૨૩
(૪) પોષીપુનમ તા. ૬-૧-૨૩
(૫) રવિપુષ્યા મૃત યોગ તા. ૮-૧-૨૩
(૬) અંગારીક ચોથ તા. ૧૦-૧-૨૩ મંગળવાર
(૭) મકર સંક્રાતિ તા .૧૪-૧-૨૩.

# ખંભાળિયાના ધારાસભ્ય મુળુભાઈ બેરાને કેબિનેટમાં સ્થાન મળતા મોટી સંખ્યામાં અગ્રણીઓ શપથવિધિમાં જોડાયા





(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

ખંભાળિયા વિધાનસભાની રસાકસી ભરી ચૂંટણીમાં વટભેર વિજેતા બનેલા ભાજપનો ઉમેદવારએ આમ આદમી પાર્ટીના દિગ્ગજ નેતા ઈશુદાન ગઢવી તથા પૂર્વ સાંસદ અને બે વખતના ધારાસભ્ય વિક્રમભાઈ માડમનેહરાવીને વિજય મેળવતા ભૂપેન્દ્ર પટેલના મંત્રી મંડળમાં અહીંના ધારાસભ્યને કેબિનેટ વિભાગના વન પર્યાવરણ અને પ્રવાસન તેમજ કલાઈમેટ ચેન્જનો મહત્વનો વિભાગ સોંપવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખ છે અહીંના ધારાસભ્ય મુળુભાઈ બેરા અગાઉ ચાર વખત વિજેતા બન્યા હતા. એટલું જ નહીં, આ જીત સાથે તેમને મંત્રી પદ પણ મળ્યું હતું. વર્ષ ૧૯૯૫માં પ્રથમ વખત ધારાસભ્ય બનતાની સાથે કેશુભાઈ પટેલની સરકારમાં નાયબ મંત્રી તરીકે સમાજ સુરક્ષા અને સમાજ કલ્યાણ વિભાગના મંત્રી હતા. આ પછી તેઓ સતત ત્રણ વખત મંત્રી રહ્યા હતા. વર્ષ ૧૯૯૮માં મહેસુલ અનેસિંચાઈ, પ્રૌઢ શિક્ષણ તથા બિન પરંપરાગત ઊર્જાના મંત્રી તરીકે સેવાઓ આપી ચૂક્યા છે. ત્યારબાદ નરેન્દ્ર મોદીસરકારમાં પણ તેઓ શ્રમ અનેરોજગાર તથા ખાણખનીજ વિભાગનાસ્વતંત્રતા હવાલા સાથે મંત્રી પદ મેળવ્યું હતું.ત્યારે આ પાંચમી વખત પણ તેઓ ધારાસભ્યસાથે મંત્રી બન્યા છે.એટલુંજ નહીં, તેમને પ્રમોશન સાથેરાજ્ય કક્ષામાં કેબિનેટ મંત્રી બનાવાયા છે. વર્ષ ૨૦૧૩ માં જામનગરમાંથી દેવભૂમિ દ્વારકા જિલ્લો અલગ થયો, ત્યારથી ૨૦૧૯ સુધી અહીં કોંગ્રેસનું શાસન હોય, અહીં ભાજપ સરકારના કોઈ મંત્રી ન હતા. ત્યારે આ ચૂંટણીમાં પ્રથમ વખત દ્વારકા જિલ્લાના ધારાસભ્ય મુળુભાઈ બેરા પ્રથમ કેબિનેટ મંત્રી બન્યા છે. મુળુભાઈ બેરા વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૪ ની ચૂંટણીમાંલડ્યાહતા. પરંતુ તેઓ પરાજય પામ્યા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૨૨માં ચૂંટણી લડી અને પૂર્નઃ સત્તા ઉપર આવી અને પ્રધાન બન્યા છે. જો કે તેઓ અગાઉ બે વખત ગ્રામ્ય ગૃહ નિર્માણ બોર્ડના ચેરમેન તરીકે તેમજ અગાઉ જામનગર જિલ્લા ભાજપના પ્રમુખ તરીકે, ભાણવડ તાલુકા ભાજપ પ્રમુખ, ભાણવડ યાર્ડના પ્રમુખ તથા જામનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંકના ડાયરેક્ટર તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. ગઈકાલ સોમવારે મુખ્યમંત્રી તેમજ કેબિનેટ મંત્રીઓની શપથવિધિમાં મુળુભાઈ બેરાને મંત્રીમંડળમાં સ્થાન મળતા ખંભાળિયા તથા ભાણવડસહિત સમગ્રજિલ્લાના આશરે અઢીસોથી વધુઆગેવાનો કાર્યકરો ગાંધીનગર ખાતે શપથવિધિમાં જોડાયા હતા. આ શપથવિધિ સમારોહમાં જિલ્લા ભાજપના મહામંત્રી મયુરભાઈ, યુવરાજસિંહ, શૈલેષભાઈ, શહેર પ્રમુખ અનિલભાઈ તન્ના, નગરપાલિકા પ્રમુખ ભાવનાબેન પરમાર, કારોબારી ચેરમેન હીનાબેન આચાર્ય, યોગેશભાઈ મોટાણી, ઈન્દ્રજીતસિંહ પરમાર, વનરાજસિંહ વાઢેર, રાજુભાઈ ભરવાડ, હાર્દિકભાઈ દતાણી, હસમુખભાઈ ધોળકિયા, ધીરૂભાઈ ટાકોદરા, ભવ્ય ગોકાણી, મુકેશભાઈ કાનાણી મહેશભાઈ ધોરીયા સહિતના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ખંભાળિયાના ભાડથર ગામે ૧.૫૧ લાખ પાર્થિવેશ્વર શિવલિંગ મહાપૂજનનો કાર્યક્રમ ભવ્ય રીતે સંપન્ન



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩


ખંભાળિયા તાલુકાના ભાડથર ગામે તાજેતરમાં ૧.૫૧ લાખ પાર્થિવેશ્વર શિવલિંગના નિર્માણ તથા મહાપૂજનના ત્રિદિવસીય કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. જેનો લાભ મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતાએ લીધો હતો. ખંભાળિયા નજીક આવેલા ભાડથર ગામના બસ સ્ટેશન પાસેઅહીંના જાણીતા સેવાભાવી તબિબ ડો. પી.વી. કંડોરીયા (દેવભૂમિહોસ્પિટલ વારા) દ્વારા ૧,૫૧,૦૦૦ પાર્થિવેશ્વર મહાપૂજન, દર્શન સમારોહનું સુંદર આયોજન ગત ગુરૂવાર તારીખ ૮થી રવિવાર સુધી કરવામાં આવ્યું હતું. સંતો-મહંતોની ઉપસ્થિતિમાં વૈદિક જાપ સાથે પૂજન, અર્ચન તથા શિવજીની ઝાંખીનો પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અનેરા ધર્મોત્સવના આયોજન બદલ ખંભાળિયા તાલુકાના સલાયા ગામના રઘુવંશી અગ્રણી તથા સલાયા શહેર ભાજપ મહામંત્રી લાલજીભાઈ ભુવા દ્વારા આયોજક ડો. પી.વી. કંડોરીયાનું સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

## અમદાવાદ એરપોર્ટ ઉપર ગ્રીન કાર વોશની સુવિધા શરૂ : ૨૦ મીનીટમાં કાર સાફ થઈ જશે

અમદાવાદ,તા.૧૩

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીયએરપોર્ટ ઉપર અનેક નવી સુવિધાઓ શરૂ કરવામાં આવી છે. હવે આ એરપોર્ટ ઉપર ગ્રીન કાર વોશની અનોખી સુવિધા શરૂ કરવામાં આવી છે. સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ ઉપર ઈન્ટરિશિલ એરપોર્ટઉપર કારવોશ માટે ઈકોફ્રેન્ડલી સર્વિસ શરૂ કરવામાંઆવી છે. આ સુવિધા દ્વારા એરપોર્ટ ઉપર આવતા વ્યક્તિ માત્ર ૨૦ મિનિટમાં પોતાની કાર વોશ કરાવી શકશે. ક્લીન કાર્ટ દ્વારા એરપોર્ટ ઉપર આ સુવિધા શરૂ કરવામાં આવી છે. અમદાવાદનું સરદાર વલ્લભભાઈ પટેલ ગુજરાતનું સૌથી મોટું એરપોર્ટ છે અને અહીં સતત ટ્રાફિક રહે છે. એરપોર્ટ ઉપર કાર વોશની નવી સુવિધા શરૂ કરવામાં આવી છે. અહીં ઈન્ટરિશિલ એરપોર્ટર્ ઉપર કાર વોશ માટે ઈકોફ્રેન્ડલી સર્વિસ શરૂ કરવામાં આવી છે. જેમાં માત્ર ૨૦ મિનિટમાં કાર વોશ થઈ જશે. એરપોર્ટ ઉપર પીકઅપ અને ડ્રોપીંગ માટે આવતા લોકો આ સુવિધાનો લાભ લઈ શકશે. અહીં માત્ર ૨૦ મિનિટમાં ૧.૫ લીટર પાણીથી કાર વોશ કરવામાં આવશે. એરપોર્ટ પાર્કિંગમાંપાર્ક કરેલી કારનેઅહીં વોશ કરાવી શકાશે. મુસાફરો કાર પાર્ક કરીને જઈ શકશે અને તે પરત ફરશે ત્યારે તેની કાર સાફ થઈ ગઈ હશે. કાર વોશની સુવિધા માટે પ્રી-બુકિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તમામ લોકો આ સુવિધાનો લાભ ઉઠાવી શકશે.

# ખંભાળિયાના ભરાણા બંદર ખાતેથી વિદેશી સિગારેટના જથ્થા સાથે બે શખ્સો ઝડપાયા



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. પોલીસે પરવાનગી વગરની વિદેશી સિગારેટના જથ્થા સાથે ભરાણાના ખંભાળિયા તાલુકાના ભરાણા ગામના બે શખ્સોને ઝડપી લીધા હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લાની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ પોલીસની ટીમના ઈન્ચાર્જ પી.આઈ.પી.સી. સીંગરખીયાના માર્ગદર્શન હેઠળ ગઈકાલે સોમવારે ખંભાળિયા તાલુકાના વાડીનાર વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન એ.એસ.આઈ. મહંમદભાઈ બ્લોચ, ઈરફાનભાઈ ખીરા તથા ધર્મેન્દ્રસિંહ જાડેજા અને મહાવીરસિંહ ગોહિલને મળેલી ચોક્કસ બાતમીના આધારે નજીકના ભરાણા બંદર ખાતે આવેલી એક દરગાહ પાસેરહેલા સ્થાનિક રહીશ દાઉદ અબ્બાસ માણેક અને નજીર કાસમ ભાયા નામના બે શખ્સોની અટકાયત કરી, ચેકિંગ કરતા તેમની પાસે આધાર પુરાવા વગરનો વિદેશી સિગારેટનો જથ્થો મળી આવ્યો હતો. વધુ તપાસમાં આ બંને શખ્સો પાસેથી માલબોરો, એલ. એન્ડ એમ. રેડ લેબલ, માલબોરો ગોલ્ડ વિગેરે જુદી જુદી કંપનીના વિદેશી સિગારેટના ૫૫૦ પાકીટ મળી આવ્યા હતા. આથી કુલ રૂપિયા ૨,૦૭,૯૯૦ની કિંમતની વિદેશી સિગારેટનો જથ્થો કબજે લઈ વધુ તપાસ અર્થે વાડીનારના કસ્ટમ વિભાગને સોંપી આપવામાંઆવ્યા છે.

# હ્યુમેનિટી ફર્સ્ટ ગૃપ અને કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ગિરનારના જંગલમાંથી ૨૦૦ કિલો પ્લાસ્ટીક એકત્રિત કર્યુ





જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને હ્યુમેનિટી ફર્સ્ટ ગૃપના વિદ્યાર્થીઓ દ્વારા ગિરનારના જંગલ વિસ્તારમાંથી ૨૦૦ કિલો પ્લાસ્ટીક એકત્રિત કરી પ્લાસ્ટીકનો નાશ કરવામાં આવ્યો હતો. મિશન પ્લાસ્ટિક ફ્રી જૂનાગઢ યાત્રાધામ, સ્વચ્છ જૂનાગઢ, સ્વચ્છ ગિરનારને સાર્થક કરવા માટે નેચર ફર્સ્ટ ગ્રુપની ટીમ છેલ્લા દોઢ વર્ષથી જૂનાગઢમાં પ્લાસ્ટિક મુક્ત અભિયાન ચલાવી રહી છે. જેમાંહ્યુમેનિટી ફર્સ્ટ ગૃપ અને કૃષિ યુનિવર્સિટી જૂનાગઢના વિદ્યાર્થીઓએ નેચર ફર્સ્ટ ગ્રુપ સાથે વન વિભાગના સહયોગથી ખોડિયાર ડેમની આસપાસના જંગલ વિસ્તારમાં ૬૧માં પ્લાસ્ટિક મુક્ત ગિરનાર જંગલ અભિયાનમાં લગભગ ૨૦૦ કિલો પ્લાસ્ટિક એકત્ર કરીને તેનો નાશ કરવામાં આવ્યો છે. એનજીઓ અને એસએચજીની મદદથી જૂનાગઢને સ્વચ્છ અને પ્લાસ્ટિક મુકત પ્રવાસન બનાવવા જિલ્લા વહીવટી તંત્ર ઉત્સુકતા સાથે કામ કરી રહ્યું છે.

# જૂનાગઢ જીલ્લાના ખમીરવંતા યુવાનોને સંરક્ષણ દળમાં કારકિર્દી ઘડતર માટેની તક

## ઈચ્છુક ઉમેદવારો તા.૧૭ ડિસેમ્બર સુધીમાં જીલ્લા રોજગાર કચેરી ખાતે નોંધણી કરાવવાની રહેશે

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ જિલ્લાના ખમીરવંતા યુવાનોને સંરક્ષણદળમાં કારકિર્દી ઘડતરની ઉજ્જ્વળ તક મળી રહે તેવા હેતુસર ઓક્ટોબર-૨૦૨૨માં રાજકોટ ખાતે યોજાયેલ થલસેના ભરતી રેલી અંતર્ગત લેખિત કસોટી માટે એડમીટ કાર્ડ મેળવેલ તમામ ટ્રેડના ઉમેદવારોને લેખિત કસોટીની અસરકારક અને સઘન પૂર્વ તૈયારી થઈ શકે તેવા હેતુસર ૧૫ દિવસીય તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં લેખિત કસોટીની પરીક્ષા પધ્ધતિ અને અભ્યાસક્રમ મુજબ વિષય તજજ્ઞો દ્વારા માહિતી અને માર્ગદર્શન તેમજ સંદર્ભસાહિત્ય આપવામાં આવશે.

આ તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોએ રોજગાર કચેરી ખાતેના નામ નોંધણી કાર્ડની નકલ અને થલસેના ભરતી કાર્યાલય દ્વારા મેળવેલ એડમીટ કાર્ડની નકલ કચેરીના વોટ્સએપ નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯૫૨ કે ઈ-મેલ- **dee-jun@ gujarat. gov. in** મારફત અથવા રૂબરૂમાં તા.૧૭/૧૨/૨૦૨૨ સુધીમાં જિલ્લા રોજગાર વિનિમય કચેરી–જૂનાગઢ ખાતે મોકલી આપવાના રહેશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી–જૂનાગઢના કોલ સેન્ટર નંબર ૬૩૫૭૩૯૦૩૯૦ મારફત સંપર્ક કરવા જણાવવામાં આવે છે. તેમ જિલ્લા રોજગાર અધિકારી પ્રશાંત ત્રિવેદીની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ સિનિયર સિટીઝન ઝડપી ચાલ સ્પર્ધામાં ૭૬ વર્ષના બ્રાહ્મણ વૃધ્ધે પ્રથમ નંબર મેળવ્યો

જૂનાગઢ, તા.૧૩

વિશ્વ વિખ્યાત તિર્થધામ નરસૈયાની નગરી અને ઐતિહાસિક જૂનાગઢમાં ગરવા ગિરનારની ગોદમાં પંડિત દિન દયાલ પર્વતારોહણ કેન્દ્ર ભવનાથ ખાતે તા.૧૧/૧૨/૨૦૨૨ને રવિવારનારો વહેલી સવારે જૂનાગઢ સિનિયર સિટીઝન મંડળ દ્વારા ઝડપી ચાલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં જૂનાગઢના ઔદચ્ય ખરેડી બ્રાહ્મણ પીજીવીસીએલના નિવૃત કર્મચારી ૭૬ વર્ષના દિનેશભાઈ જે. જોષીએ ભાગ




લીધેલ. ૭૦ પ્લસ ભાઈઓના ગૃપમાં બે કિલો મીટરની ઝડપી ચાલમાં યુવાન જેવું જોમ જોશ દાખવી જુસ્સાભેર ઝડપથી ચાલી પ્રથમ નંબર મેળવેલ છે. દિનેશભાઈ જોષીને પ્રથમ નંબર મેળવવા બદલ સિનિયર સિટીઝન મંડળના પ્રેસિડેન્ટ અને સેક્રેટરી તેમજ કન્વીનર દ્વારા ઈનામ તથા પ્રમાણપત્ર આપી તેઓનું સન્માન કરવામાંઆવેલ અને ભવિષ્યમાં વજયારે ઝડપી ચાલ સ્પર્ધા યોજાય તેમાં તેઓ પ્રથમ નંબર મેળવે તેવી શુભેચ્છા પાઠવી છે. દિનેશભાઈ જોષીએ ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ જ્ઞાતિ અને સમસ્ત બ્રાહ્મણ સમાજ તેમજ સિનિયર સીટીઝન મંડળ જૂનાગઢનું ગૌરવ વધારેલ છે.

# ૪૦ વર્ષીય દર્દીના થાપાના સાંધાની સફળ સર્જરી કરતા વોકહાર્ટ હોસ્પીટલના ઓર્થોપેડીક સર્જન ડો.હાર્દીક ધમસાણીયા

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૩

રાજકોટની એન.એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલમાં એક ૪૦ વર્ષીય પુરૂષ સારવાર અર્થે દાખલ થયેલ હતા. દર્દીને ચાલતા સમયે તથા બેસતા સમયે પગના થાપાના સાંધામાં સતત દુ:ખાવો રહેતો અને તેઓને રોજીંદા કાર્યો કરવામાં પણ મુશ્કેલીઓ રહેતી હતી.આવી તકલીફો માંથી મુકિત મેળવવા માટે દર્દીએ વોકહાર્ટ હોસ્પિટલના ઓર્થોપેડીક અને જોઈન્ટ રિપ્લેશમેન્ટ સર્જન ડો.હાર્દિક ધમસાણીયાનો સંપર્ક કરેલ હતો.

આ દર્દીની સારવાર ડો.હાર્દિક ધમસાણીયાના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવી હતી. જેમાં સૌપ્રથમ તપાસ અને ડાયગ્નોસીસ,એકસરે અને એમ.આર.આઈ જેવા જરૂરી રિપોર્ટ કરવામાં આવેલ હતા. દર્દીના બધા જ રિપોર્ટ જોતા અને તપાસમાં માલુમ થયુ કે દર્દીના બન્ને સાઈડ સાંધા સુકાંઈ ગયેલ છે. જે ઘણા કારણોસર હોય શકે છે.

ડો.હાર્દિક ધમસાણીયાએ જણાવેલ હતું કે આ પ્રકારની સારવાર માટે ફકત સર્જરી જ સચોટ નિદાન છે કારણ કે સાંધાની તકલીફ ખુબ જ વધી ગયેલ હતી. ત્યારબાદ બન્ને સાંધાની સર્જરી ૧૫ દિવસના અંતરે સફળતાપુર્વક કરવામાં આવી હતી.હાલ દર્દી દુખાવા વગર ચાલી શકે છે. એ ઉપરાંત દર્દીને સર્જરીના બે દિવસમાં જ ચાલતા કરી દેવામાં આવ્યા હતા. ડો.હાર્દિક ધમસાણીયાએ વધુ માહિતી આપતા જણાવેલ હતુ કે ભારતમાં ગોઠણના




સાંધાની તકલીફો વધુ જોવા મળેલછે. શરૂઆતના તબક્કામાં દર્દીને કસરત, બરફનો મસાજ અને સોજો ઉતારવાની દવા આપવામા આવે છે પરંતુ એડવાન્સ તબક્કામાં આ રોગની સારવાર ઓપરેશનથી કરવામા આવે છે અને ગોઠણના ઘસાઈ ગયેલા સાંધાની જગ્યાએ કૃત્રિમ સાંધોપ્રત્યારોપણ કરવામાંઆવે છે. વર્તમાન સમયમાં અતિઆધુનિક પધ્ધતીથી થતા આ ઓપરેશનમાં (૧) પર્યાપ્ત કાપકુપ કરવામાઆવતી હોય છે (૨) ઓપરેશનને ઓછો સમય લાગે (૩) ઓછી દવાની જરૂર પડે જેથી ઓછી આડઅસર આવે (૪) ઓછા દિવસ હોસ્પિટલમાં રહેવુ પડે (૫) લોહી ઓછુ વહે (૬) દર્દી ઓપરેશન પછી થોડા સમયમાં જ ચાલી શકે (૭) ઓપરેશન પછી ફીઝીયોથેરાપી એટલે કે કસરતની જરૂર નહીવત રહે (૮) ખાસ પ્રકારની બનાવટનો સાંધો વાપરવામા આવતો તેનુ આયુષ્ય ૩૦ વર્ષ સુધી હોય જે યુવાન દર્દી માટે આશિર્વાદરૂપ છે (૯) સામાન્ય રીતે ઘુંટણ બદલાવાના ઓપરેશનમાં ગોઠણ ૧૨૦ ડીગ્રી સુધી વળી શકે છે પરંતુ આ પધ્ધતિમાં એક ખાસ પ્રકારના કૃત્રીમ સાંધાના ઉપયોગને લીધે દર્દીનો ગોઠણ ૧૪૦ ડીગ્રી વળી શકે છે જેથી ઓપરેશન પછી પલાઠી વાળીને બેસી શકાય છે.

# એચડએફસી બેંકે પરિવર્તન સ્માર્ટઅપ ગ્રાન્ટસ માટે સ્ટાર્ટઅપ ઈન્ડીયા સાથે સહભાગીદારી કરી

## ભારતની ઈન્કયુબેશન ઈકોસિસ્ટમને સુદ્રઢ બનાવવા માટે ૧૨-૧૫ ઈન્કયુબેટરોને આપવામાં આવશે

અમદાવાદ, તા.૧૩

એચડીએફસી બેંકે આજે ભારત સારકારની પ્રમુખ પહેલ સ્ટાર્ટઅપ ઈન્ડીયાના સહયોગમાં સામાજીક સ્ટાર્ટઅપ્સ માટેના ગ્રાન્ટસ પ્રોગ્રામની છઠ્ઠી વાર્ષિક આવૃતિ લોન્ચ કરી હતી. પરિવર્તન સ્માર્ટઅપ ગ્રાન્ટસ તરીકે જાણીતા આ પ્રોગ્રામનો ઉદેશ્ય સામાજીક પ્રભાવના ક્ષેત્રમાં કામ કરતા સ્ટાર્ટઅપ્સનો ઓળખી કાઢવાનો તથા તેમના ઈન્કયુબેટરોનો આર્થિક અનુદાન આપી તેમનો સમર્થન પુરૂ પાડવાનો છે. આ અનુદાનો બેંકની સામાજીક પહેલ માટેના મુખ્ય નામ પરિવર્તનના નેજા હેઠળ પુરી પાડવામાં આવી છે. અત્યાર સુધીમાં બેંકે ૪૫થી વધારે ઈન્કયુબેટરોને રૂા.૩૦ કરોડ વધારેના અનુદાનની ચુકવણી કરી છે જેણે પર્યાવરણ, કૃષિલક્ષી વ્યવસાયો, એડન્ટેક, કચરાના મેનોજમેન્ટ, આરોગ્યસેવા અનો કૌશલ્યવિકાસના સેકટર વજેવા ક્ષેત્રોમાં ૧૬પથી વધારે સ્ટાર્ટ-અપ્સાનો સમર્થન પુરૂ પાડયું છે. બેંક તેના અત્યાધુનિક સ્માર્ટઅપ પ્રોગ્રામ મારફતે આ સ્ટાર્ટઅપ્સાને સક્ષમ બનાવી રહી છે જે ઉદ્યોગસાહસિકોને વિશિષ્ટ પ્રકારની બેંકિંગ અનો મુલ્યવર્ધિત સેવાઓ પુરી પાડી રહી છે તેનો ઉદેશ્ય બેંકના સુવિખ્યાત અને અત્યાધુનિક સ્માર્ટ ફાઈનાન્શિયલ ટુલ્સ, સલાહપુરી પાડવાની સેવા અને ટેકનોલોજી મારફતે સ્ટાર્ટ-અપ્સના લક્ષ્યાંકો હાંસલ કરવામાં તેમને મદદરૂપ થવાનો છે.

# યોગી ઓટો કેરે તેની ઓવરલેન્ડર્સ નામની બ્રાન્ડ હેઠળ ગુજરાતમાં કેમ્પર વેનને ભાડે આપવાની સેવા શરૂ કરી

અમદાવાદ, તા.૧૩

ગુજરાતમાં યુવાનોની હરવાફરવાની આકાંક્ષાઓને પૂરી કરવાના ઉદેશ્યથી બે દાયકા જુની કંપની યોગી ઓટો કેરે વૈભવી કેમ્પર વેનનો ભાડે આપવાની સેવા શરૂ કરવાની જાહેરાત કરી છે. રૂા.૬૦ લાખના પ્રારંભિક રોકાણની સાથે આ કંપની સંપૂર્ણ પણે સજજ વૈભવી કેમ્પર વેનને ભાડે આપશે.

ઓવરલેન્ડર્સ કેમ્પરવેન એ જાણે કે, હરતોફરતો અત્યાધુનિક વૈભવ છે. આ કેરાવેન ખુબજ આરામદાયક કિવન-સાઈઝના બેડ, મોટાર વડે સંચાલિત થતા સોફા -કમ-બેડ, એક બાથરૂમ શોવર, વોશરૂમ, ગીઝર, એર કન્ડિશનર, મુડ લાઈટીંગ, ઓટોમેટેડ બ્લાઈન્ડસ, ફ્રિજ ધરાવતી ડ્રાય પેન્ટ્રી, માઈક્રોવેન અનો ઈલેકિટ્રક કીટલી, સોન્ટરન્ટેબલ, સાઉન્ડ પ્રુફ ઈન્ટીરિયર્સ, સાઉન્ડ બારની સાથે સ્માર્ટ ટીવી, ઓટોમેટેડ ફુટસ્ટેપ્સ, સ્ટોરેજની જગ્યા, શેડસ, વાઈફાઈ કનેકિટીવીટી, પાવર બેક-પ જનારેટર તથા સીસીટીવી કેમેરા, જીપીએસ ટ્રેકિંગ જેવી ટેકનોલોજી પર આધારીત સુરક્ષા વિશેષતાઓ અને વળી અગ્નિશામક જેવી સુવિધાઓથી પણ સજજ છે. ઓવરલેન્ડર્સાનો કોન્સોપ્ટ સમજાવતા યોગી ઓટો કેર પ્રાઈવેટ લિમિટેડના ડિરેકટર શશિન શાહે જણાવ્યું હતું કે, ઓવરલેન્ડર્સ એ ગુજરાતમાં વૈભવી કેમ્પરવેનાના માર્કેટમાં ઘણી વહેલી પ્રવેશ કરનારી બ્રાન્ડ છે. ઓવરલેન્ડર કેમ્પરવેન રૂા.૨૭૦૦૦/જીએસટીશી શરૂ કરીને ભાડે ઉપલબ્ધ કરાવવામાં આવશે જેમાં ફયુઅલ, મેઈન્ટેનન્સ અને ડ્રાઈવરના ખર્ચનો પણ સમાવેશ થઈ જશે. કેમ્પરવેન એકથી વધારે દિવસો/એક દિવસ માટે ટ્રિપ ઉપ્ર જતા ચારથી છ લોકો માટે આદર્શ છે. અમારી ટીમો પ્રવાસીઓ માટે વિશેષ ટુર પેકેજીસ પણ તૈયાર કરશે જે તેમને પ્રવાસનો એક અલાયદો અનુભવ પુરો પાડશે.

## સ્વીડન ખાતે યોજાયેલ નોબેલ પ્રાઈઝ વિતરણ સમારોહનું

# રાજકોટમાં રીજીયોનલ સેન્ટર ખાતેથી જીવંત પ્રસારણ કરાયું : તજજ્ઞોએ લાભ લીધો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા. ૧૩

સ્વીડનના પ્રસિદ્ધ વૈજ્ઞાનિક અને ડાયનેમાઈટના શોધક ડો.આલ્ફ્રેડ નોબેલ તારીખ ૨૭ નવેમ્બર, ૧૮૯૫ના રોજ પોતાનું વસિયતનામું અને ટેસ્ટામેન્ટ સાઈન કર્યું, જે મુજબ તેની મિલકત નો મોટો હિસ્સો એક ઈનામની સિરીઝ માટે આપવામાં આવે જેને 'નોબેલ પ્રાઈઝ' કહેવામાં આવે. નોબેલના વસિયતનામા મુજબ મિલકતનો એક હિસ્સો "એવા વ્યક્તિ કે જેણે ભૌતિક વિજ્ઞાનના ક્ષેત્રે સૌથી મહત્વની શોધ અથવા ઈન્વેનશન કર્યું હોય " તેને મળે તેવું ઉલ્લેખાયેલું છે. આ સિવાય વર્ષ ૧૯૦૧થી રસાયણશાસ્ત્ર(**Chemistry**), ભૌતિક શાસ્ત્ર (રઅજૈષ્ઠજ), ચિકિત્સા શાસ્ત્ર (**Medicine**), સાહિત્ય (**Literature**) અને વિશ્વ શાંતિ(**World Peace**) માટે નોબેલ પ્રાઈઝ એનાયત કરવામાં આવે છે, જયારે વર્ષ

૧૯૬૮થી ઈકોનોમિક સાયન્સક્ષેત્રે મેમોરીયલ પ્રાઈઝ આપવાનું ઉમેરાયું. વર્ષ ૧૯૦૧થી લઈને આજ દિન સુધીમાં ભૌતિક વિજ્ઞાનના ક્ષેત્રે કુલ ૧૧૬ નૉબેલ પ્રાઈઝ એનાયત કરવામાં આવ્યા છે. તારીખ ૧૦ ડિસેમ્બર, ૧૮૯૬ના રોજ ડો. આલ્ફ્રેડ નોબેલનું અવસાન થયું હતું. ત્યાર પછી તેમની વસિયતના આધારે દર વર્ષે તેમની પુણ્યતિથિએ નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.

તારીખ ૧૦ ડીસેમ્બર ૨૦૨૨ ના રોજ વિજ્ઞાન જગતના સર્વોચ્ચ પુરસ્કાર એવા નોબેલ પ્રાઈઝ વિતરણનો સમારોહ સ્ટોકહોમ (સ્વીડન) ખાતે યોજાયો હતો જેમાં **Alain Aspect (Institut d'Optique Graduate School – Université Paris-Saclay and École Polytechnique, Palaiseau, France), John F. Clauser (J.F. Clauser & Assoc., Walnut Creek, CA, USA), Anton Zeilinger (University of Vienna, Austriayk)** આ સંદર્ભે રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ દ્વારા આ સમારોહના જીવંત પ્રસારણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૦૦ જેટલા લોકોમાં રાજકોટ વાસીઓ, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને પ્રોફેસર્સ શિક્ષકો તથા શાળાના વિદ્યાર્થીઓ સામેલ થયા હતા. બપોરે ૪:૦૦ કલાકે કાર્યક્રમ ચાલુ થતા ડો. અનામિક શાહ, પૂર્વ કુલપતિ ગુજરાત વિદ્યાપીઠ તથા ફાઉન્ડર – સેન્ટર ઓફ એક્ષલન્સ ઈન ડ્રગ ડિસ્કવરી દ્વારા રસાયણશાસ્ત્રમાં અપાયેલ નોબેલ પ્રાઈઝ તથા અત્યાધુનિક પદ્ધતિઓ ઉપર રસપ્રદ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. ડો.અશ્વિની જોષી, આસિસ્ટન્ટ પ્રોફેસર, નેનોટેકનોલોજી વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા ભૌતિક વિજ્ઞાનઅને તેમાં થયેલ અત્યાધુનિક શોધખોળો તથા નોબેલ પ્રાઈઝ ૨૦૨૨પર વ્યાખ્યાન આપવામાં આવ્યું અને ડો. સકિના લાકડાવાલા, મેડીકલ ઓફિસર, પ્રાઈમરી હેલ્થકેર સેન્ટર, માધાપર, રાજકોટ દ્વારા ફિઝિયોલોજી અને મેડિસીન ક્ષેત્રે વિકાસ અને અત્યાધુનિક પદ્ધતિઓ તથા નોબેલ આ ક્ષેત્રના નોબેલ પ્રાઈઝ ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું ત્યારબાદ સાંજે ૮:૦૦ કલાકે નોબેલ પ્રાઈઝ ૨૦૨૨નુ સ્ટોકહોમ (સ્વીડન) ખાતેનું જીવંત પ્રસારણ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ), વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકારની યુ ટ્યુબ ચેનલ ઉપરથી કરવામાં આવ્યું હતું. રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટને, ઈશ્વરીયા પાર્કપાસે, માધાપર, રાજકોટ ખાતે ગુજરાત સરકાર દ્વારા વિજ્ઞાન અનેપ્રૌદ્યોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ) દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

રીજીયોનલ સાયન્સ સેન્ટરના મુખ્ય ઉદ્દેશો સામાન્ય લોકોની અંદર વૈજ્ઞાનિક અભિગમ ઉભો કરવો તથા વિજ્ઞાન પ્રત્યે લોકજાગૃત્તિ કેળવવી અને તેને જાળવવી, વિજ્ઞાન અને ટેક્નોલોજી તથા સમાજ વચ્ચે આદાન-પ્રદાનના માધ્યમ તરીકે ભાગ ભજવવો, લોક વિજ્ઞાન કેન્દ્રો, આસ-પાસના વિસ્તારોના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે સ્રોત તરીકે વર્તવું તથા સુવિધા પુરી પાડવી, લોકો માટે જાગૃતિ તથા સુવિધા પુરી પાડતું કેન્દ્ર બનવું અને વિદ્યાર્થીઓને આગામી પેઢીના વૈજ્ઞાનકો બનવા માટે પ્રેરિત કરવા તથા વિજ્ઞાનના શિક્ષકો / વિદ્યાર્થીઓ / યુવા ઉદ્યોગસાહસિકો / ટેકનિશીયનો / દિવ્યાંગો / ગૃહિણીઓ તથા અન્ય લોકો માટે વિજ્ઞાન, ટેકનોલોજી તથા ઉદ્યોગને લગતા તાલીમ કાર્યક્રમોનું આયોજનકરવું વગેરે છે.

**રીજીયોનલ સાયન્સ સેન્ટરના મુખ્ય આકર્ષણોમાં**

- વિવિધ વિજ્ઞાનને ખંગાળતી થીમ આધારિત છ ગેલેરીઓ, આરામ સાથે માહિતીઓને ખંગાળવા માટે સેન્ટ્રલ કોર્ટયાર્ડ, વર્કશોપ્સ નું આયોજન કરવા માટે સુવિધા, ૩ડી થીએટર.
- થીમ આધારિત ઉદ્યાન, દિવ્યાંગો અને વૃધ્ધો માટે અનુકૂળ એવી મ્યુઝિયમની ડિઝાઈન, આઉટડોર મનોરંજક પ્રવૃત્તિઓ અનેકાફેટેરિયા જેવી સુવિધા પણ છે.
- આ ઉપરાંત ઓગમેન્ટેડ રિઆલિટી, વર્ચ્યુઅલ રિઆલિટી, ૩ડી હોલોગ્રાફી તથા સિમ્યુલેશન આધારિત અદ્યતન તકનિકીથી સજ્જ પ્રદર્શન પણ વિકસાવવામાં આવ્યું છે.
- રીજીયોનલ સાયન્સ સેન્ટર –રાજકોટમાં ભારતમાં પ્રથમ એવી નોબેલ પ્રાઈઝ ગેલેરી વિકસાવવામાં આવી છે.
- આ ગેલેરી ભૌતિક વિજ્ઞાનમાં અપાતા નોબેલ પ્રાઈઝને સમર્પિત છે. નોબેલ પ્રાઈઝ એ વિજ્ઞાનના વિશ્વનું સર્વોચ્ચ સન્માન ગણવામાં આવે છે અને માનવજાતના ભલા માટે કરાયેલ શોધો માટે આપવામાં આવે છે.

રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટની નોબેલ પ્રાઈઝ ગેલેરીમાં વર્ષ ૧૯૦૧ થી લઈને તમામ ભૌતિક વૈજ્ઞાનિકો અને તેની શોધો વિશે રસપ્રદ માહિતી રાખવામાં આવી છે, જેથી લોકો પ્રેરિત થાય અને વિદ્યાર્થીઓમાં સંશોધક વૃત્તિ કેળવાય તે મુખ્ય હેતું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે કરવામાં આવે તો અનેક સમસ્યાનું નિરાકરણ થશે

૨૦૨૩ વિદાય થતાં પહેલાં જ આગામી સામાન્ય ચૂંટણીઓની તૈયારી શરૂ થઈ જશે. કેટલાક પક્ષોએ તો આ ચૂંટણીઓની તૈયારી શરૂ પણ કરી દીધી છે. કોંગ્રેસની જે ભારત જોડો યાત્રા નીકળી રહી છે, તેનો ઉદ્દેશ્ય ભલે દેશને જોડવાનો કહેવાતો હોય, પરંતુ તેનો મૂળ ઉદ્દેશ્ય ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પાર્ટીના પક્ષમાં માહોલ ઊભો કરવાનો છે. સ્પષ્ટ છે કે દેશને સતત થનારી ચૂંટણીઓથી ક્યારેય મુક્તિ નથી મળવાની. દર વર્ષે કોઈને કોઈ રાજ્યમાં વિધાનસભા ચૂંટણીઓ થતી જ રહે છે. વિધાનસભા ચંટણીઓ સિવાય નિગમો અને પંચાયતોની ચૂંટણીઓ થતી હોય છે. રાજકીય પક્ષો તો વિધાનસભા અને લોકસભા ચૂંટણીઓની સાથે નિગમ અને પંચાયત ચૂંટણીઓમાં પણ પોતાનો સમય ખપાવે છે, પ્રશાસનિક મશીનરી પણ પોતાનું તમામ જોર આ ચૂંટણીઓને સંપન્ન કરાવવામાં લાગે છે. એનાથી જનહિતનાં કેટલાંય કામો અટકી જાય છે, કારણ કે આચાર સંહિતા પ્રભાવી થઈ જાય છે. રાજકીય પક્ષ અને પ્રશાસનિક મશીનરી એક રીતે પાંચ વર્ષમાં ચાર વખત ચૂંટણીઓનો સામનો કરે છે. કોઈ ધારાસભ્ય-સાંસદના નિધન, તે અયોગ્ય ઠેરવાય, પાટલી બદલે કે રાજીનામું આપવાને કારણે થનારી પેટા ચૂંટણીઓથી બચી ન શકાય, પરંતુ એવું કંઈક અવશ્ય કરી શકાય કે જેનાથી દેશે વારંવાર ચૂંટણીઓનો સામનો ન કરવો પડે. રહી રહીને થનારી ચૂંટણીઓથી માત્ર એટલા માટે ન બચવું જોઈએ કે તેમાં ઘણાં નાણાં ખર્ચ થાય છે, પરંતુ એટલે પણ બચવું જોઈએ કે શાસન અને પ્રશાસનનું તમામ ધ્યાન ચૂંટણીઓ પર કેન્દ્રિત થઈ જાય છે.

જોકે ચૂંટણીઓમાં ખર્ચ થનારાં નાણાં એટલાં ઓછાં નથી કે તેની આપણે અવગણના કરીએ. દર વર્ષે ચૂંટણીઓ પર થનારો ખર્ચ વધતો જાય છે. એક અનુમાન અનુસાર ગત લોકસભા ચૂંટણીઓમાં લગભગ ૬૦ હજાર કરોડ રૂપિયા ખર્ચ થયા હતા, જ્યારે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીઓનો ખર્ચ ૩૦ હજાર કરોડ રૂપિયા હતો. આ સરકારી ખર્ચ છે. એ ખર્ચનો હિસાબ લગાવવો તો મુશ્કેલ છે, જે રાજકીય પક્ષો ચોરીછૂપી કરતા હોય છે. જ્યારે ચૂંટણી આવે છે તો રાજકીય પક્ષોની સાથે જ શાસન-પ્રશાસનની પણ પ્રાથમિકતા બદલાઈ જાય છે. જે રાજ્યોમાં સત્તા બદલાવાના અણસાર હોય છે, ત્યાં તો પ્રશાસન પંગુ બની જાય છે. એ સાચું કે ચૂંટણી લોકતંત્ર માટે એક ઉત્સવ સમાન હોય છે, પરંતુ જ્યારે કોઈ ઉત્સવ વારંવાર ઉજવીએ તો તે કંટાળાજનક અને બોજ સમાન બની જાય છે. કોઈપણ ચીજ અતિ સારી નથી હોતી, તે ચાહે ઉત્સવ હોય કે ચૂંટણી એક સમય હતો, જ્યારે લોકસભા અને વિધાનસભા ચૂંટણી સાથે સાથે થતી હતી. ૧૯૫૨થી લઈને ૧૯૬૭ સુધી લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી એક સાથે જ થઈ. આ સિલસિલો ત્યારે તૂટ્યો જ્યારે ૧૯૬૮-૬૯માં કેટલાંય રાજ્યોની વિધાનસભાઓ ભંગ કરી દેવામાં આવી અને ૧૯૭૧ની સામાન્ય ચૂંટણી એક સાથે કરાવવાની ચર્ચા થતી રહી છે, પરંતુ તે કોઈ પરિણામ પર નથી પહોંચી શકી. આ ત્યારે છે, જ્યારે કાયદા પંચ એક સાથે ચૂંટણી કરાવવાની તરફદારી કરી ચૂક્યું છે. એક સાથે ચૂંટણીઓને લઈને રાજકીય પક્ષો અને ખાસ કરીને પ્રાદેશિક પક્ષોનો વાંધો એ છે કે જો વિધાનસભા ચૂંટણીઓ સાથે લોકસભા ચૂંટણી હશે તો તેમાં ઉભરેલા રાષ્ટ્રીય મુદ્દા પ્રાદેશિક મુદ્દા પર ભારે પડશે અને તેનાથી તેમને નુકસાન થશે. આ વાંધો કેટલો સાચો છે તે કહેવું મુશ્કેલ છે, કારણ કે લોકસભા ચૂંટણી સાથે ઓડિશા વિધાનસભા ચૂંટણી થઈ રહી છે. આ વિધાનસભા ચૂંટણીઓમાં બીજૂ જનતા દળ જીતતું આવે છે. તે એક પ્રાદેશિક પક્ષ છે. તેણે ક્યારેય કહ્યું નથી કે એક સાથે ચૂંટણી થવાથી તેને નુકસાન થાય છે. જો એક ક્ષણ માટે માની લઈએ કે લોકસભા ચૂંટણી સાથે વિધાનસભા ચૂંટણી થવાથી પ્રાદેશિક પક્ષોને નુકસાન થશે તો તેનો પણ ઉપાય છે, લોકસભા ચૂંટણીનાં બે-ત્રણ વર્ષ બાદ તમામ વિધાનસભાઓની ચૂંટણીઓ એક સાથે કરાવી લેવી. જો રાજકીય પક્ષો ઈચ્છે તો એના પર સામાન્ય સહમતિ સાધી શકાય અને ભારત ચૂંટણી પ્રધાન દેશ હોવાથી બચી શકે છે. એવું થવાથી સંસાધનોની બચત તો થશે જ, આપણા નીતિ-નિયંતાઓ પાસે દેશની સમસ્યાઓનું સમાધાન કરવા માટે વધુ સમય પણ મળશે.

# સેનામા પ્રથમવાર મહિલાઓ સ્પેશિયલ ફોર્સમાં કમાન્ડો બનશે

નવી દિલ્હી, તા.૧૩

ઈન્ડિયન નેવીએ પોતાના એલિટ સ્પેશ્યલ ફોર્સમાં મહિલાઓને સામેલ કરવા માટે ઐતિહાસિક નિર્ણય લીધો છે. સૈન્યના કોઈ પણ અંગમાં પ્રથમવાર કમાન્ડોના રૂપમાં મહિલાઓને સેવાની મંજૂરી આપવામાં આવી છે. અધિકારીઓએ રવિવારે આ જાણકારી આપી હતી. જોકે હજુ સુધી તેની સત્તાવાર જાહેરાત કરાઈ નથી. નોંધનીય છે કે આર્મી, નેવી અને એરફોર્સના વિશેષ દળોમાં કેટલાક ખાસ સૈનિકોનો સમાવેશ થાય છે, જેમને સખત તાલીમ લેવી પડે છે. તેઓ ગુપ્ત કામગીરી હાથ ધરવા સક્ષમ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે હવે તાલીમ બાદ જો મહિલાઓ માપદંડ પર ખરી ઉતરશે તો નેવીમાં મરીન કમાન્ડો (માર્કોસ) બની શકે છે. તેમણે કહ્યું કે ભારતના સૈન્ય ઈતિહાસમાં આ એક ઐતિહાસિક પગલું છે પરંતુ કોઈને પણ સીધા સ્પેશ્યલ ફોર્સ યુનિટમાં સામેલ કરવામાં આવશે નહીં. વોલિન્ટિયર તરીકે કામ કરવું પડશે. અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે વોલિન્ટિયર તરીકે માર્કોસ બનવાનો વિકલ્પ મહિલા અધિકારીઓ અને ખલાસીઓ બંને માટે ખુલ્લો રહેશે જેઓ આગલા વર્ષે અગ્નિવીર ભરતી હેઠળ સેવામાં જોડાશે. નેવીમા માર્કોસને અનેક મિશનને અંજામ આપવા માટે ટ્રેનિંગ અપાય છે. સમુદ્ર, હવા અને જમીન પર મિશન હાથ ધરી શકે છે. આ કમાન્ડો દુશ્મનના યુદ્ધજહાજો, લશ્કરી થાણાઓ, વિશેષ ડાઈવિંગ ઓપરેશન્સ અને જાસૂસી મિશન સામે પ્રહારો કરી શકે છે. માર્કોસ દરિયાઈ ક્ષેત્રમાં પણ આતંકવાદીઓ સામે લડી શકે છે અને તેને કાશ્મીરના વુલર લેક વિસ્તારમાં આતંકવાદ વિરોધી ભૂમિકામાં તૈનાત કરવામાં આવ્યા છે. મહિલાઓનું હવે નૌકાદળની તમામ શાખાઓમાં ખાસ કામગીરીથી લઈને ઉડ્ડયન અને જહાજની ફરજો વગેરેમાં



સ્વાગત કરવામાં આવશે. નૌકાદળની વિશેષ દળોના વિંગમાં મહિલાઓને સ્થાન આપવામાં આવી રહ્યું છે. સૈન્યમાં મહિલાઓને પ્રથમ વખત ઓફિસર રેક્ક કેડરથી નીચેના કર્મચારીઓમાં સામેલ કરવાની તૈયારી કરી રહ્યું છે. ઓડિશામાં INS ચિલ્કા પ્રશિક્ષણ સુવિધા ખાતે નૌકાદળ તેના પ્રથમ વર્ગના અગ્નિવીરોની તાલીમ પર કડક નજર રાખી રહ્યું છે, જેમાં મહિલાઓનો સમાવેશ થાય છે. નૌકાદળના અગ્નિવીરોની પ્રથમ બેચમાં ૩,૦૦૦ ભરતીમાં ૩૪૧ મહિલાઓનો સમાવેશ થાય છે.

# ટ્વીટર ઉપર હવે તમે ૨૮૦ને બદલે ૪૦૦૦ અક્ષરોમાં પોસ્ટ કરી શકશો

નવી દિલ્હી, તા.૧૩

માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ ટ્વિટર પર ખૂબ જ ઉપયોગી સુવિધા શરૂ થવાની છે. હાલમાં, ટ્વિટર ફક્ત ૨૮૦ અક્ષારોમાં ટ્વીટ કરવાની મંજૂરી આપે છે, જે વપરાશકર્તાઓ માટે લાંબી પોસ્ટ લખવાનું મુશ્કેલ બનાવે છે. યુઝર્સની આ સમસ્યા જલ્દી જ ખતમ થઈ જશે. ખરેખર, ટ્વિટરના નવા માલિક અને વિશ્વના સૌથી અમીર વ્યક્તિ ઈલોન મસ્ક આ પ્લેટફોર્મમાં વ્યાપક ફેરફારો કરી રહ્યા છે. હવે મસ્કે પુષ્ટિ કરી છે કે ટ્વિટર અક્ષર મર્યાદા ૨૮૦ થી વધારીને ૪૦૦૦ કરવા માટે તૈયાર છે. જ્યારે ઈલોન ઓબારે નામના ટ્વિટર યુઝરે તેમને પૂછ્યું કે શું ટ્વિટરે કેરેક્ટર લિમિટ ૨૮૦થી વધારીને ૪૦૦૦ કરી છે, તો ઈલોન મસ્કે 'હા'માં જવાબ આપ્યો. અગાઉ પ્લેટફોર્મ માત્ર ૧૪૦ અક્ષારોની મર્યાદા આપતું હતું. ટ્વિટરે ૮ નવેમ્બર, ૨૦૧૭ ના રોજ અક્ષર મર્યાદાને ૧૪૦ થી ૨૮૦ અક્ષાર સુધી બમણી કરી. નોંધપાત્ર રીતે, ટ્વિટરે ફરી એકવાર સબસ્ક્રિપ્શન સેવા **'Twitter Blue'** લોન્ચ કરવાની જાહેરાત કરી છે. કંપનીએ શનિવારે ટ્વિટ કર્યું કે યુઝર્સ સોમવારથી ટ્વિટર બ્લુનું સબસ્ક્રિપ્શન ખરીદી શકે છે. વેબ ટ્વિટર વપરાશકર્તાઓએ આ સેવા માટે દર મહિને **$8** ચૂકવવા પડશે. જોકે, **iOS** યુઝર્સ માટે તે થોડું મોંઘું હશે. કંપનીએ જાહેરાત કરી છે કે **iOS** વપરાશકર્તાઓ માટે ટ્વિટર બ્લુની સેવા દર મહિને **$11** હશે. તમને જણાવી દઈએ કે નવેમ્બરની શરૂઆતમાં ટ્વિટરે ટ્વિટર બ્લુની શરૂઆત કરી હતી. પરંતુ, નકલી ખાતાઓની સંખ્યામાં વધારો થતાં, તે બંધ કરવામાં આવ્યું હતું. આ પછી, તેને ૨૯ નવેમ્બરે લોન્ચ કરવાની વાત થઈ હતી, પરંતુ તારીખ આગળ લંબાવવામાં આવી હતી. જાણીતી ટેક કંપની ટેસ્લાના માલિક અને વિશ્વના સૌથી અમીર વ્યક્તિ તેમજ ટ્વિટરના સીઈઓ ઈલોન મસ્કે ફેડ રિઝર્વ સામે પોતાની નારાજગી વ્યક્ત કરી છે. આગામી સપ્તાહે અમેરિકાનું ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરી શકે છે તેવા અહેવાલને પગલે આ નારાજગી દર્શાવી છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકામાં વધતી જતી મોંઘવારી પર અંકુશ મેળવવા માટે ફેડ રિઝર્વ આવતા અઠવાડિયે એકવાર વ્યાજદરમાં વધારો કરી શકે છે. આ મામલે ઈલોન મસ્કે પોતાનો જવાબ આપ્યો હતો. મસ્કે કહ્યું હતું કે, જો ફેડ રિઝર્વ આગામી સપ્તાહે ફરી એકવાર વ્યાજદર વધારશે તો આવનારા દિવસોમાં અમેરિકામાં મંદી અનેક ગણી વધી જશે.

# ભારતને સસ્તામાં તેલ મળે છે કારણ કે અહીં અમારા દેશના લોકો મરે છે : એસ જયશંકર

ઈંગ્લેન્ડ,તા.૧૩

રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન જ્યાં એક તરફ વિશ્વભરના દેશો પોતાનો પક્ષ મૂકી રહ્યા હતા, ત્યાં બીજી તરફ ભારતે આ બાબતે નિષ્પક્ષ અભિગમ અપનાવ્યો હતો અને તટસ્થ રહેવાનું નક્કી કર્યું હતું. રશિયા ભારતનું સૌથી સારું મિત્ર રાષ્ટ્ર છે તે વાતમાં કોઈ શંકાને સ્થાન નથી અને ભારતને દરેક ખરાબ સમયમાં રશિયાએ સાથ આપ્યો છે. પરંતુ યુક્રેનને હવે ભારત અને રશિયાની આ દોસ્તી પસંદ નથી આવી રહી. હકીકતમાં ભારત રશિયા પાસેથી સસ્તું રશિયન ઓઈલ ઈમ્પોર્ટ કરી રહ્યું છે એ વાત યુક્રેનને બરાબરની ખટકી રહી છે. યુક્રેનના વિદેશ પ્રધાન ડીમિટ્રો કુલેબાએ સામાન્ય યુક્રેનિયન લોકોની પીડાના ભોગે રશિયન તેલ ખરીદવા માટે ભારતને દોષી ઠેરવ્યા બાદ ખળભળાટ મચી ગયો હતો. શું કહ્યું યુક્રેનના વિદેશમંત્રીએ? તે જાણો... એક ન્યુઝ એજન્સી સાથેની એક્સક્લુઝિવ મુલાકાતમાં તેમણે દાવો કર્યો હતો કે, "ભારત માટે સસ્તી કિંમતે રશિયન તેલ ખરીદવાની તક એ હકીકતથી મળી છે કે યુક્રેનના લોકો રશિયન આક્રમણથી પીડાઈ રહ્યા છે અને દરરોજ મૃત્યુ પામે છે." યુક્રેનના વિદેશ પ્રધાને ભારતને તેની વિદેશ નીતિમાં સુધારો કરવા અને રશિયન તેલ ખરીદવાનું બંધ કરવા પણ જણાવ્યું હતું, કારણ કે આ નાણાંનો ઉપયોગ કથિત રીતે યુક્રેન સાથે ચાલી રહેલા યુદ્ધને નાણાં આપવા માટે કરવામાં આવી રહ્યો છે. ભારતના વિદેશમંત્રીનો યુક્રેનને જડબાતોડ જવાબ તે જાણો... આ વર્ષે ૩૧ માર્ચે ભારતના વિદેશ મંત્રી **(EAM)** એસ જયશંકરે ભારત-બ્રિટન સ્ટ્રેટેજિક ફ્યુચર્સ ફોરમમાં ચર્ચા દરમિયાન ધ્યાન દોર્યું હતું કે, "આ રસપ્રદ છે કારણ કે અમે થોડા સમયથી જોયું છે કે આ મુદ્દા પર લગભગ એક અભિયાન (અમારી વિરુદ્ધ) જેવું લાગે છે. જ્યારે તેલના ભાવો વધે છે, ત્યારે મને લાગે છે કે આ દેશો માટે બજારમાં જવું અને તેમના લોકો માટે ક્યાં સારી ડીલ્સ છે તે શોધવું સ્વાભાવિક છે." તેમણે ધ્યાન દોર્યું હતું કે તેલની કુલ આયાતમાંથી આશરે ૮% યુનાઈટેડ સ્ટેટ્સથી થાય છે, જ્યારે ક્રૂડ ઓઈલની ૧% કરતા ઓછી ખરીદી રશિયાથી થાય છે. ૧૧ એપ્રિલ, ૨૦૨૨ના રોજ ફરીથી એસ. જયશંકરે એક પત્રકારને ભારત-અમેરિકા ૨ ૨ સંવાદની ચોથી આવૃત્તિ દરમિયાન આ મુદ્દે જડબાતોડ જવાબ આપ્યો કે,"અમે કેટલીક એનર્જી ખરીદીએ છીએ, જે અમારી ઊર્જા સુરક્ષા માટે જરૂરી છે. પણ મહિના માટેની અમારી કુલ ખરીદી એક બપોરે યુરોપ જે કરે છે તેના કરતા ઓછી હશે. તેથી, તમે તેના વિશે વિચારી શકો છો." એપ્રિલમાં દિલ્હીમાં રાયસીના ડાયલોગ્સ કોન્ફરન્સમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે યુક્રેનમાં સંઘર્ષ અંગે ભારતની સ્થિતિ ખૂબ જ સ્પષ્ટ છે અને યુદ્ધને તાત્કાલિક સમાપ્ત કરવાની જરૂરિયાત જણાવી હતી. ચાલુ યુદ્ધમાં ભારતીય વલણ વિશે પૂછાતા ડો.જયશંકરે જણાવ્યું હતું કે યુરોપે એ વિચારમાંથી વિકસિત થવું જોઈએ કે તેના મુદ્દાઓ આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ છે, પરંતુ વિશ્વની સમસ્યાઓ યુરોપની ચિંતાઓ નથી. ભારતની રશિયામાંથી ઓઈલની ખરીદીના પૈસા યુદ્ધ માટે ફંડમાં વપરાય છે.

## પૂર્વ મંત્રી કિર્તીસિંહ વાઘેલાનો જાહેરમાં બફાટ

# કેટલાકે ભાજપનો ખેસ પહેરી કોંગ્રેસ માટે કામ કર્યું

અમદાવાદ, તા.૧૩

ગુજરાત ચૂંટણીનાં પરિણામો સામે આવ્યા બાદ હજુ પણ રાજ્યની રાજનીતિમાં ઉલટફેર જોવા મળી રહ્યા છે. વિધાનસભાની ચૂંટણીમાં હારેલા નેતાઓના ચર્ચાસ્પદ નિવેદનો સામે આવી રહ્યા છે. જેમાં કાંકરેજના થરા ખાતે પૂર્વ મંત્રી કીર્તિસિંહ વાઘેલાએ ઋણ સ્વીકાર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં પૂર્વમંત્રી કિર્તીસિંહ વાઘેલાએ હાર માટે કાર્યકરોને જવાબદાર ગણાવ્યા છે. તેમણે જણાવ્યું કે કાર્યકરોએ પાર્ટી વિરુદ્ધ કામ કરી પાર્ટી તોડવાનું કામ કર્યું.

કેટલાક લોકોએ ભાજપનો ખેસ પહેરી કોંગ્રેસ માટે કામ કર્યું. પૂર્વમંત્રી કિર્તીસિંહ વાઘેલાએ હાર માટે કાર્યકરોને જવાબદાર ગણાવ્યા હોય તેવો એક વીડિયો હાલ વાયરલ થઈ રહ્યો છે. જેમાં તેમણે હારનું ટોપલું કાર્યકરો પર ઢોળ્યું છે. કિર્તીસિંહ વાઘેલાએ જણાવ્યું કે, કાંકરેજમાં હાર બાબતે કાર્યકરો જવાબદાર છે. ઋણ સ્વીકાર કાર્યક્રમમાં પૂર્વ મંત્રી કિર્તીસિંહ વાઘેલાએ કેટલાક કાર્યકરોએ ભાજપનો ખેસ પહેરી



કોંગ્રેસ માટે કામ કર્યુ હોવાનો આરોપ લગાવીને ખળભળાટ મચાવી દીધો છે. તેમણે ઉમેર્યું કે, અમુક કહેવાતા કાર્યકરોએ ભાજપને તોડવાનું કામ કર્યુ છે. જેના કારણે મારી હાર થઈ છે. પરંતુ ભાજપને તોડવાનું કામ કરતા કાર્યકર્તાઓને નહી ચલાવી લેવાય. મહત્વનું છે કે, કિર્તીસિંહ વાઘેલા કાંકરેજ બેઠક પર ભાજપના ઉમેદવાર હતા. આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર અમૃતજી ઠાકોર સાથે તેમની સીધી ટક્કર હતી. કાંકરેજ બેઠક પરથી કોંગ્રેસનાં ઉમેદવાર અમૃતજી ઠાકોર સામે કિર્તીસિંહ વાઘેલાની હાર થઈ હતી. કિર્તીસિંહ વાઘેલાએ હાર માટે કાર્યકરોને જવાબદાર ગણાવ્યા હોય તેવો વીડિયો હાલ વાયરલ થઈ રહ્યો છે ત્યારે હવે કિર્તીસિંહ વાઘેલાએ હારનું ટોપલું કાર્યકરો પર ઢોળ્યું છે. તમને જણાવી દઈએ કે, કાંકરેજ બેઠક પર બેઠક પર કોંગ્રેસે ૬ વખત અને ભાજપે ૩ વખત કબજો કર્યો હતો. પરંતુ આ વખતે ફરીથી કોંગ્રેસે બાજી મારી છે. આ બેઠક પર સૌથી વધુ ધારસિભાઈ ખાનપુરા ૪ વાર જીત્યા છે.

વર્ષ ૧૯૯૦માં ધારસિભાઈ જનતા દળ તરફથી ઊભા રહ્યા અને જીત મેળવી હતી. ત્યારબાદ વર્ષ ૧૯૯૫, ૨૦૦૨ અને ૨૦૧૨માં કોંગ્રેસ તરફથી વિધાનસભા ચૂંટણીમાં ઊભા રહ્યા હતા અને જીતનો પરચમ લહેરાવ્યો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ઘરની વાત સડક ઉપર આવે એટલે લોકો તમાસો જુવે છે.

- સાંઈબાબા

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.તીર-૧૩૯૨, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, માગસર વદ-૫, તા.૧૩ ડિસેમ્બર ૨૦૨૨, મંગળવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૧૮, આશ્લેષા નક્ષત્ર, વૈધૃતિ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૨૪, સૂ.અ.૬:૦૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), રાત્રે ૨:૩૩ ક. પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે. - કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : પુરૂષાર્થ પછી પણ યોગ્ય ફળ ન મળે. પડવા-વાગવાથી સંભાળવું.
વૃષભ: ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સામસ્યા હળવી બને.
મિથુન: આરોગ્ય બાબતે ચિંતા સર્જાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
કર્ક : ઘરમાં વાદ-વિવાદનો પ્રસંગ બને. પ્રયત્નો વિલંબથી ફળે.
સિંહ: અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. નાણાભીડ ઉદ્ભવે.
કન્યા: ધીરજની કસોટી થાય. મનમાં ઉગ્રતા રહે.
તુલા : જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળે.
વૃશ્ચિક : કાર્યમાં અટકી-અટકીને સફળતા મળે. આર્થિક પરિસ્થિતિ ગુંચવાય.
ધન : વિશ્વાસે વહાણ ન ચલાવવું. અપયશના ભોગ બનવું પડે.
મકર : માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સાફળતા મળે.
કુંભ : નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.
મીન : મહત્વના કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ઘર્ષણ થવા સંભવ છે.

# શાળાના વિદ્યાર્થીઓ-કર્મચારીઓને ગુજરાતી ફિલ્મ મેડલ જોવા DEOની ભલામણ

## શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ સ્કૂલોને પરિપત્ર મોકલી ફિલ્મ નિહાળવા માટે સૂચન કર્યું

અમદાવાદ, તા.૧૩

અમદાવાદની તમામ સ્કૂલોના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને વાલીઓને ગુજરાતી ફિલ્મ મેડલ જોવા માટે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પરિપત્ર કરી સુચન કર્યુ છે. શિક્ષક દ્વારા વિદ્યાર્થીની પ્રતિભાને ઓળખી તેને મેડલ જીતવા માટે પ્રેરિત કરવામાં આવતો હોવાની વાર્તા ધરાવતી આ ફિલ્મ વિદ્યાર્થીઓને બતાવવા માટે પ્રોડક્શનહાઉસ તરફથી વિનંતી આવ્યા બાદ પરિપત્ર કરાયો છે. જેથી અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા આ અંગે પરિપત્ર કર્યો હોવાનું જાણવા મળે છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ અમદાવાદની તમામ સ્કૂલોને ઉદ્દેશીને પરિપત્ર મોકલ્યો છે. જેમાં ગુજરાતી ફિલ્મ મેડલ તમામ શાળાના વિદ્યાર્થીઓને બતાવવા માટે સુચન કર્યુ છે. પરિપત્રમાં તેમણે જણાવ્યું છે કે, નવકાર પ્રોડક્શનની ફિલ્મ મેડલ જે શાળા કક્ષાએ વિદ્યાર્થીઓ, વાલીઓને તેમજ શાળાના તમામ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે ખુબ જ ઉપયોગી થાય તેમ છે. આ ફિલ્મનો વિષય સામાન્ય બાળકોની પ્રતિભા ખીલવી મેડલ જીતવાની લડત અને તેમાં એક શિક્ષકના સંનિષ્ઠ પ્રયાસો થકી આપેલા માર્ગદર્શન ઉપર આધારીત છે. પરિપત્રમાં વધુમાં જણાવાયું છે કે, મનોરંજનના માર્ગે આજની પેઢીને મુલ્યો શિખવાડવાની મહેનત આ ફિલ્મ સાથે જોડાયેલા દરેકની છે. બાળકો અને યુવાનોને આ ફિલ્મ એક નવા જોમ અને ઉત્સાહથી ભરી દેશે તેવી છે. જેથી તમામ શાળાઓને અપીલ છે કે, આપની શાળાના તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ શાળાના તમામ કર્મચારીઓ મેડલ ફિલ્મ નિહાળે. જો શાળાઓ પોતાના વિદ્યાર્થીઓને સમુહમાં જોવા માટેનું આયોજન કરવા માંગતા હોય તો તેમને પ્રોડક્શનહાઉસ દ્વારા કન્શેનનનો પણ લાભ આપવામાં આવશે.

# શું અકસ્માત થાય અને ડોક્ટર વિકલાંગ થાય તો તેની માન્યતા રદ કરી દેશો ? : હાઈકોર્ટનો સરકારને સવાલ

**જમણા હાથમાં વિકલાંગતા ધરાવતા ડીસા શહેરના વિદ્યાર્થીને મેડિકલમાં પ્રવેશ નહીં આપવામાં આવતા તેણે હાઈકોર્ટમાં અરજી કરી છે : સરકારના મેડિકલ બોર્ડ દ્વારા ખોટી રીતે પ્રવેશ અટકાવાયો હોવાથી તે રદ કરીને પ્રવેશ આપવાની કરાઈ રજૂઆત**

અમદાવાદ, તા.૧૩

વિકલાંગ વિદ્યાર્થીને પ્રવેશ નહિ આપવાના મેડિકલ એજ્યુકેશન કમિટીના નિર્ણયને લઈને ગુજરાત હાઈકોર્ટે સખત નારાજગી વ્યક્ત કરી હતી અને સરકારને અણીયાળો સવાલ કર્યો હતો કે શું કોઈ ડોકટરનું અકસ્માતમાં અંગ વિચ્છેદ થઈ જાય તો શું તેઓને પ્રેક્ટીસ કરવા ઉપર પ્રતિબંધ કરી દેવામાં આવશે ? આ બાબતે હાઈકોર્ટે વિદ્યાર્થીને હાજર રહેવાનો આદેશ કરીને વધુ સુનાવણી આગામી સોમવારના રોજ મુલતવી રાખી હતી. કેસની વિગતો મુજબ બનાસકાંઠા જિલ્લાના ડીસાના એક વિકલાંગ વિદ્યાર્થીને મેડિકલમાં પ્રવેશ નહિ આપવામાં આવતા તેણે હાઈકોર્ટમાં પિટિશન કરી હતી. તેની શારિરીક હાલત એવી છે કે તેના જમણા હાથમાં મસલ્સની તકલીફ હોવાથી તે હાથ યોગ્ય રીતે મુવમેન્ટ કરી શકતો નથી. સરકારી મેડિકલ પ્રમાણપત્ર મુજબ તેની વિકલાંગતા ૪૦થી ૮૦ ટકા હોવાથી તેણે વિકલાંગના ક્વોટામાં એમબીબીએસમાં પ્રવેશ માટે અરજી કરી હતી પરંતુ નકારી કાઢવામાં આવી હતી. મેડિકલ બોર્ડદ્વારા એવું તારણ આપવામાં આવ્યું હતું કે, આ પ્રકારની વિકલાંગતા હોવાથી તે તબીબને લગતા અમુક કાર્યો કરવા સક્ષમ નહિ હોવાથી તેને એમબીબીએસમાં પ્રવેશ મળી શકે નહી. આથી વિદ્યાર્થીએ કરેલી અરજીની સુનાવણી ચીફ જસ્ટીસ અરવિંદ કુમારની ખંડપીઠ સમક્ષ નીકળી હતી તેમા વિદ્યાર્થીના વકીલ તરફથી રજૂઆત કરાઈ હતી કે, આના કરતા પણ વધારે વિકલાંગતા હોય તેવા વિદ્યાર્થીઓને માન્ય ગણીને પ્રવેશ આપવામાં આવ્યો છે. બીજી બાજુ સરકારે વિદ્યાર્થીને પ્રવેશ ના મળી શકે તે બાબત દોહરાવી હતી અને રજૂઆત કરી હતી કે તેની વિકલાંગતાને ધ્યાનમાં લેવામાં આવતા તે અમુક પ્રકારના મેડિકલ ફંક્શન્સ કરી શકે તેમ નથી. આ બાબતે હાઈકોર્ટે નારાજગી વ્યકત કરતા સવાલ કર્યો હતો કે જો કોઈ ડોક્ટરનો એક હાથ અકસ્માતથી કપાઈ જાય તો શું મેડિકલ કાઉન્સિલ તેની માન્યતા રદ કરી દેશે? ત્યારપછી પણ સરકારી વકીલે પોતાની રજૂઆત ચાલુ રાખતા હાઈકોર્ટે કહ્યું હતું કે, સરકાર આવી ફાલતુ દલીલો કરીને વિદ્યાર્થીને પ્રવેશનો લાભ નકારી શકે નહી. ડીસેબીલીટી એક્ટ છે તે લાભકારક કાયદો છે. વિકલાંગતા સાથેનો વિદ્યાર્થી માસ્ટર ઓફ ફાર્માકોલોજી સુધીનો અભ્યાસ કરી શકે છે. સરકાર તેને પ્રવેશ અટકાવીને મેડકલ ફિલ્ડમાં આવવાના દ્વાર બંધ કરી રહી છે.

# ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનકરનું ન્યાયતંત્ર સામેનું વલણ ભારતીય લોકશાહી માટે સારૂં નથી



નવી દિલ્હી તા.૧૩

ભારતના ઉપરાષ્ટ્રપતિના ઉચ્ચ હોદ્દા ઉપર રહીને જગદીપ ધનકર ન્યાયાધીશોની નિમણૂંકના મુદ્દે સુપ્રીમ કોર્ટ સામે આકરા પ્રહારો કરી રહ્યા છે, અને કાયદા પ્રધાન કિરેન રિજિજુ પણ સુપ્રીમ કોર્ટના વિરોધમાં બોલી રહ્યા છે. SC વિરુદ્ધના આક્ષેપોથી નરેન્દ્ર મોદી સરકારના ઈરાદાઓ અંગે ચોક્કસ આશંકાઓ જન્મે છે. ધનકર મોદી પ્રત્યે અતૂટ વફાદાર છે. પશ્ચિમ બંગાળના રાજયપાલ તરીકેની તેમની ક્રિયાઓ અને ઉચ્ચારણો દ્વારા આ સ્પષ્ટપણે પ્રગટ થયું હતું. તેમના કાર્યકાળ દરમ્યાન તેમણે મમતા બેનર્જી સરકારને અસ્થિર કરવા માટે તમામ પ્રકારના ષડયંત્રનો આશરો લીધો હતો અને તેમણે વર્ચ્યુઅલ રીતે રાજભવનને ભાજપના કાર્યાલયમાં ફેરવી દીધું હતું. મમતાની લોકપ્રિયતા ઓછી કરવામાં તેમના પ્રયાસો નિષ્ફળ ગયા હોવા છતાં, મોદી સરકારે તેમની કામગીરીની નોંધ લીધી અને તેમને ઉપરાષ્ટ્રપતિ તરીકે બઢતી આપી છે. સંસદના શિયાળુ સત્રના શરૂઆતના દિવસે પ્રથમ વખત અધ્યક્ષ તરીકે રાજયસભાની અધ્યક્ષતા કરતી વખતે તેમણે સુપ્રીમ કોર્ટ સામે કડક વલણ અપનાવીને સ્પષ્ટ કરી દીધું છે કે મોદી સરકાર સુગમતા આપવા તૈયાર નથી. રાજ્યસભાના ફ્લોર ઉપરની તેમની ટિપ્પણીમાં, ધનખરે શોક વ્યકત કર્યો કે સુપ્રીમ કોર્ટે નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ કમિશન (NJAC) એક્ટને ફગાવી દીધો છે. તેમણે તેને સંસદીય સાર્વભૌમત્વના ગંભીર સમાધાન અને લોકોના આદેશની અવગણનાનું સ્પષ્ટ ઉદાહરણ ગણાવ્યું હતું. આ શું સૂચવે છે ? તેણે દેખીતી રીતે સુપ્રીમ કોર્ટને તેનું વર્તન સુધારવા અને લક્ષ્મણરેખાની અંદર કાર્ય કરવા ચેતવણી આપવાનો પ્રયાસ કર્યો છે. આ શબ્દસમૂહનો અગાઉ રિજિજુ દ્વારા સુપ્રીમ કોર્ટ માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ અગાઉ, ૨ ડિસેમ્બરે નવી દિલ્હીમાં ૮મા ડૉ એલ એમ સિંઘવી મેમોરિયલ લેકચરમાં CJI સાથે સ્ટેજ ઉપર ધનકરે આવી જ ટિપ્પણી કરી હતી. ગયા મહિને, રિજિજુએ કહ્યું હતું કે ન્યાયાધીશોની નિમણૂંક કરવાની કોલેજિયમ સિસ્ટમ અપારદર્શક છે અને બંધારણ મુજબ યોગ્ય નથી. મોદી સરકાર શા માટે ન્યાયતંત્રની સત્તા ઉપર અંકુશ લગાવવા ઈચ્છે છે. તેમાં કોઈ શંકા નથી કે સંસદ એ બંધારણની રચનાનું વિશિષ્ટ અને અંતિમ નિર્ણાયક છે, પરંતુ તે ન્યાયતંત્રના અધિકારો અને સત્તાઓ છીનવી શકતી નથી અને તે કારોબારીને સોંપી શકતી નથી. ઉલ્લેખનીય છે કે મોદીના પીએમ બન્યા બાદ સંસદે ૨૦૧૪માં નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ કમિશન (NJAC) માટે માર્ગ મોકળો કરતું ૯૯મું બંધારણીય સંશોધન બિલ પસાર કર્યું હતું. ૧૩ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ, લોકસભાએ સર્વસંમતિથી તેની તરફેણમાં મતદાન કર્યું, જેમાં કોઈ ગેરહાજરી ન હતી. રાજ્યસભાએ તેને ૧૪ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ પસાર કર્યો હતો. ૧૬ ઓકટોબર, ૨૦૧૫ના રોજ સુપ્રીમ કોર્ટ દ્વારા બંધારણના 'મૂળભૂત માળખા'ના ન્યાયિક સિદ્ધાંત સાથે સુસંગત ન હોવાને કારણે ૪:૧ની બહુમતી દ્વારા તેને રદ કરવામાં આવ્યું હતું. સ્વતંત્ર ન્યાયતંત્રના મહત્વ ઉપર ભાર મૂકવાની જરૂર નથી. લોકશાહીની મૂળભૂત ધારણા એ છે કે નાગરિક અને રાજ્ય વચ્ચેના વિવાદોનો ચુકાદો કાયદાના આધારે આગળ વધવો જોઈએ, બાહ્ય વિચારણાઓને આધારે નહીં. ન્યાય તો થવો જ જોઈએ. ન્યાયિક નિમણૂંકોના મામલામાં સરકારની ઘૂસણખોરી એ સ્પષ્ટ કરે છે કે તેનો અભિગમ વિકૃત પ્રકૃતિનો છે. તે ન્યાયતંત્રને પોટને આધીન બનાવવા અને તેના આદેશોનું પાલન કરવા માંગે છે. આજે પણ જયારે અંતિમ સત્તા સર્વોચ્ચ અદાલત પાસે છે, ત્યારે મોદી સરકાર ન્યાયાધીશોની નિમણૂંકને લાંબા સમય સુધી અટકાવે છે. કેટલાક કિસ્સાઓમાં, જે નામો પાછળથી મોકલવામાં આવે છે તેમને પ્રાથમિકતા મળે છે જ્યારે અગાઉના નામોને મંજૂરી માટે રાહ જોવી પડે છે. ધનકર અને રિજિજુએ સમજવું જોઈએ કે બળજબરીનું રાજકારણ કોઈ ફળદાયી પરિણામ આપી શકે નહીં. તે માત્ર સરકારને પ્રતિકૂળ સ્થિતિમાં મૂકશે. મોદીની ઈમેજ અને કરિશ્માને પહેલાથી જ ભારે નુકસાન થયું છે. ભલે તેમની પાર્ટી ગુજરાતની ચૂંટણી જીતી ગઈ હોય, પરંતુ તે દિલ્હી અને હિમાચલ પ્રદેશની મ્યુનિસિપલ કોર્પોરેશન હારી ગઈ છે. ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં પણ તેને વિપક્ષ તરફથી સખત પડકારનો સામનો કરવો પડે તેવી શક્યતા છે. સરવાળે, મોદી સરકાર ન્યાયતંત્રને અપમાનિત કરવા અને તેને સ્વતંત્ર રીતે કામ કરવા દેવાના તેના અભિયાનથી દૂર રહેવું જોઈએ અને બંધારણ પણ સ્પષ્ટપણે આવો જ આદેશ આપે છે.

# ધો. ૬ અને ૯ના વિદ્યાર્થીઓ માટે આગામી ૨૨ જાન્યુઆરીએ શિષ્યવૃત્તિની પરીક્ષા

અમદાવાદ, તા.૧૩

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક અને માધ્યમિકના વિદ્યાર્થીઓ માટે ૨૨ જાન્યુઆરીના રોજ પરીક્ષા લેવાનું આયોજન કરાયું છે. પ્રાથમિક શિષ્યવૃત્તિ માટે ધોરણ-૬ના અને માધ્યમિક શિષ્યવૃત્તિ માટે ધોરણ-૯ના વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકશે. પરીક્ષા માટેના ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી પુર્ણ થઈ ચુકી છે. વિદ્યાર્થીઓ જે સ્કૂલમાં અભ્યાસ કરતા હશે તે તાલુકામાં જ પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા માટે દુર સુધી જવાની ફરજ નહીં પડે. પ્રાથમિક શિષ્યવૃત્તિ માટે ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૬માં સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ સ્કૂલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકશે. તેમણે ધોરણ-૫ની પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ મેળવેલા હોવા જરૂરી છે. આ જ રીતે માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિની પરીક્ષા ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આપી શકશે. તેમણે ધોરણ-૮માં ૫૦ ટકા કે તે સમકક્ષ ગ્રેડ મેળવેલો હોવો જરૂરી છે. પ્રાથમિક શિષ્યવૃત્તિ માટે ધોરણ૧થી ૫નો અભ્યાસક્રમ રહેશે. જયારે માધ્યમિક શિષ્યવૃત્તિ માટે ધોરણ-૬થી ૮નો અભ્યાસક્રમ રહેશે. રાજય પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષાને લગતી તમામ તૈયારીઓ પુર્ણ કરી લેવામાં આવ્યા બાદ હવે પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો છે. જે મુજબ એક જ દિવસમાં બે પેપર લેવામાં આવશે. જેમાં પેપર-૧ ભાષા અને સામાન્ય જ્ઞાન અને પેપર-૨ ગણિત અને વિજ્ઞાનની પરીક્ષા ૨૨ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ બપોરે ૧ વાગ્યાથી ૪ વાગ્યા દરમ્યાન લેવામાં આવશે. બંને પેપર ૧૦૦-૧૦૦ ગુણના હશે અને પેપર લખવા માટે ૯૦-૯૦ મિનિટનો સમય આપવામાં આવશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષાને લઈને સત્તાવાર જાહેરાત કરી છે. જેમાં જણાવાયું છે કે, પ્રાથમિક- માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના ઓનલાઈન ફોર્મ ભરેલા હતા તે વિદ્યાર્થીઓની પરીક્ષા જે શાળામાં અભ્યાસ કરતા હોય તે શાળાના તાલુકા મથકે જ લેવામાં આવશે.

### હાઈ રિસ્ક અને કમ્યુનિટી સ્પ્રેડ વિસ્તારમાં કડક સૂચના

# ન્યૂયોર્કમાં ફરી એક વાર માસ્ક ફરજિયાત કરવામાં આવ્યું



ન્યૂયોર્ક ,તા.૧૩

કમ્યુનિટી સ્પ્રેડની વધતી જતી સંખ્યાથી હવે કોવિડ-૧૯ના કેસ અને હોસ્પિટલમાં દાખલ થવાના કેસો વધવાના કારણે માસ્ક અને વાયરસને કાબૂમાં લેવા માટેના અન્ય પગલાં માટેની એક્શન લેવાઈ રહી છે. રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્રોએ ચેતવણી આપી હતી અને કેટલાય મોટા શહેરોમાં હવે માસ્ક ફરજિયાત કરવાની વિચારણા ચાલી રહી છે.

કોવિડ સ્પ્રેડને જોતા ન્યૂયોર્કમાં ફરી એક વાર દરેક જગ્યાએ, ઈન્ડોર, ઓફિસ, લોબી, ઈવેન્ટ, જાહેર સ્થળો, સ્કૂલ, જાહેર જગ્યાઓએ માસ્ક પહેરવું જરૂરી છે, આ ઉપરાંત ભીડભાડવાળી જગ્યા ઉપર પણ માસ્ક પહેરવાનું જણાવ્યું છે. આ ઉપરાંત ટ્રાવેલિંગ કરતી વખતે પણ માસ્ક પહેરવું જરૂરી છે. જો પાસ કોવિડ પોઝિટિવ છો, તો આપે હાઈ કવાલિટીવાળા માસ્ક પહેરવાની પણ સલાહ આપી છે. એક એજન્સીના જણાવ્યા મુજબ, ૧૩.૭% અમેરિકનો હવે એવા કમ્યુનિટીમાં રહે છે જે હવે હાઈ COVID-19 કમ્યુનિટી સ્તર ઉપર રેટિંગ ધરાવે છે, જે ગયા અઠવાડિયે વસ્તીના ૪.૯% થી વધુ છે. વધારાના ૩૮.૧% અમેરિકનો મીડિયમ વિસ્તારોમાં છે અને ૪૮.૨% અમેરિકનો નોર્મલ વિસ્તારોમાં રહે છે.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તક્ષેપ પછી સુપ્રીમ કોર્ટે જામીન મળ્યા પછી પણ જેલમાં રહેલા કેદીઓને મુક્ત કરવા માટે રાષ્ટ્રીય યોજના તૈયાર કરવાનો આદેશ આપ્યો

નવી દિલ્હી, તા.૧૩

સુપ્રીમ કોર્ટે સમગ્રભારતમાં જેલ પ્રશાસનને આદેશ આપ્યો છે કે તેઓ રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળને અદાલતો દ્વારા જામીન આપ્યા પછી પણ વર્ષોથી જેલમાં બંધ લોકો વિશે માહિતી પ્રદાન કરે. સુપ્રીમ કોર્ટે કોર્ટમાંથી જામીન મેળવ્યા પછી પણ જેલમાં રહેલા ગરીબ લોકોની મુક્તિ માટે રાષ્ટ્રીય યોજના તૈયાર કરવા માટે આદેશ જારી કર્યો હતો. ઘણા આદિવાસીઓ જામીન ઉપર હોવા છતાં જેલમાં બંધ છે કારણ કે તેઓ ગરીબ છે અને જામીનની રકમ અને જામીન ચૂકવવાની વ્યવસ્થા કરી શકતા નથી. ૨૬ નવેમ્બરે સુપ્રીમ કોર્ટમાં બંધારણ દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેમના ભાષણમાં તેમની દુર્દશા પર પ્રકાશ પાડ્યા પછી સર્વોચ્ચ અદાલતે ૨૯ નવેમ્બરે આદેશ જારી કર્યો હતો. મુર્મુ પોતે એક આદિવાસી છે અને ઓડિશામાં આદિવાસી સમુદાયોના કલ્યાણ માટે કામ કરી ચૂક્યા છે. ૨૬ નવેમ્બરના રોજ ભારતના રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, ઝારખંડના રાજયપાલ તરીકેના તેમના પોતાના અનુભવ વિશે અવલોકનો કર્યા હતા, જેઓ અન્ડરટ્રાયલ કેદીઓની વધતી સંખ્યાની સમસ્યાઓને સંબોધિત કરે છે. તેણીએ વહીવટી તંત્ર, ન્યાયતંત્ર અને વિધાનસભાને લોકોની દુર્દશાને ઓછી કરવા માટે અસરકારક વિવાદ નિરાકરણ પદ્ધતિ વિકસાવવા વિનંતી કરી હતી. ૨૯ નવેમ્બરના રોજ, ન્યાયમૂર્તિ કૌલ અને અભય એસ.ઓકાની બેન્ચે જેલ સ્ટાફને આદેશ આપ્યો હતો કે તેઓ રાજય સરકારોને આ કેદીઓ વિશેની માહિતી પ્રદાન કરે જેથી તેઓ તેને ૧૫ દિવસની અંદર નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટીને મોકલી શકે. કોર્ટે ચુકાદો આપ્યો હતો કે જેલ પ્રશાસને અંડરટ્રાયલ અટકાયતીઓ વિશે માહિતી આપવી જોઈએ, જેમાં તેમના નામ, તેઓ જે આરોપોનો સામનો કરી રહ્યા છે, જામીનનો આદેશ જારી કરવામાં આવ્યો હતો તે તારીખ અને જામીનની શરતો જે પૂરી થઈ નથી અને તેઓએ કેટલો સમય પસાર કર્યો છે તેની માહિતી આપે. દેશના દરેક જેલ સત્તાવાળાઓએ તેમની રાજય સરકારને આ વિગતો જણાવવી જોઈએ જે આવા કેદીઓને સહાય પૂરી પાડવા માટે રાષ્ટ્રીય સ્તરની યોજનાની રચના માટે NALSAને મોકલવામાં આવશે. સુપ્રીમ કોર્ટના એડવોકેટ તનવીર સિદીકીએ સુપ્રીમ કોર્ટના આદેશને આવકારતા જણાવ્યું હતું કે, IPCમાં ૨૦૦૫ના સુધારા પછી જોગવાઈ હોવા છતાં ઘણા લોકો કાયદા દ્વારા આપવામાં આવેલા આ અધિકારનો લાભ લઈ શકતા નથી. તમારી પાસે જામીન માટે ચૂકવણી કરવા માટે પૈસા નથી. તે કિસ્સામાં કોર્ટ તમને તે જોગવાઈઓ હેઠળ મુક્ત કરશે. અમે ICLUખાતે આવા લોકોને પહેલા ઓળખવા અને પછી જામીન મેળવવા અને જેલમાંથી બહાર આવવામાં મદદ કરવા માટે એક પ્રોજેક્ટ શરૂ કરી રહ્યા છીએ. રાષ્ટ્રપતિએ જે પણ કહ્યું તે સારી વાત છે કે સુપ્રીમ કોર્ટે આ અંગે રિપોર્ટ માંગ્યો છે તે ખૂબ જ પ્રશંસનીય છે અને અમને આશા છે કે તેનાથી જેલો ઉપરનું દબાણ પણ ઓછું થશે કારણ કે ૧૦ કેદીઓની બેરેકમાં ૨૦ કે ૩૦ કેદીઓ રહે છે. જાણીતા સામાજિક અને માનવાધિકાર કાર્યકર્તા જહોન દયાલના જણાવ્યા અનુસાર, તે શરમજનક છે કે ભારતના રાષ્ટ્રપતિ, દ્રૌપદી મુર્મુના ભાષણ પછી સુપ્રીમ કોર્ટ જાગી છે અને સરકારને કેદીઓની સ્થિતિ અંગેનો અહેવાલ માંગ્યો છે - જેની જેલમાં હાજરી નોંધાયેલ છે. અવિચારી ગૌણ ન્યાયતંત્ર દ્વારા ફાધર સ્ટેન સ્વામીને તેમના ૮૪ વર્ષની ઉંમર અને ઘણી જીવલેણ બિમારીઓ હોવા છતાં મૂળભૂત તબીબી સહાય અને સારવારનો ઈન્કાર કરીનો્ તેમની હત્યા કરી હતી અને તે એક ખોટા કેસમાં નિર્દોષ છે. તેમણે ઉમેર્યુ કે, દિલ્હી યુનિવર્સિટીના એસોસિયેટ પ્રોફેસર જી સાઈબાબા, વ્હીલચેર ઉપર છે જેમને શૌચાલયમાં જવા માટે બે સાથી કેદીઓની સહાયની જરૂર છે અને તે માટે કોર્ટમાં ઘણી અપીલ કરવામાં આવી છે. ગૌતમ નવલખાને જેલમાં ચશ્માની જોડી આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. તેના પરિવાર દ્વારા મોકલવામાં આવેલ ચશ્માની જોડી જેલ સત્તાવાળાઓને મળી નથી. આ ત્રણ કિસ્સાઓ રાજ્ય માટે ઘણા પ્રશ્નો ઊભા કરે છે, દેશની ૧,૩૫૦ જેલોમાં ઉપરોક્ત જેલો સિવાય ૬૧૭ સબ જેલો, ૪૧૦ જિલ્લા જેલો, ૧૪૪ સેન્ટ્રલ જેલો, ૮૬ ઓપન જેલ, ૪૧ સ્પેશિયલ જેલો, ૩૧ મહિલા જેલો, ૧૯ બોર્સ્ટલ સ્કૂલ અને ૨ અન્ય જેલોનો સમાવેશ થાય છે. રાજસ્થાનમાં (૧૪૪) સૌથી વધુ જેલો છે, ત્યારબાદ તમિલનાડુ (૧૪૧), મધ્યપ્રદેશ (૧૩૧), આંધ્રપ્રદેશ (૧૦૬), કર્ણાટક (૧૦૪) અને ઓડિશા (૯૧) છે. આ છ રાજ્યો મળીને ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૯ સુધીમાં દેશની કુલ જેલોના ૫૩.૧૧%ને આવરી લે છે. દિલ્હીમાં ૧૪ સેન્ટ્રલ જેલ છે, જે દેશમાં સૌથી વધુ છે. ભારતના સૌથી મોટા રાજ્ય ઉત્તરપ્રદેશમાં ૬૨ જિલ્લા જેલો છે. માત્ર ૧૫ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોમાં મહિલા કેદીઓ માટે જેલો છે. ભારતમાં કુલ ૬,૫૧૧ની ક્ષમતા સાથે કુલ ૩૧ જેલો છે. ૪,૭૮,૬૦૦ કેદીઓમાં ૪,૫૮,૬૮૭ પુરૂષો અને ૧૯,૯૧૩ મહિલા કેદીઓ હતા. સ્પષ્ટપણે, મહિલા જેલો વધુ ગીચ છે. રાષ્ટ્રીય રાજધાની, દિલ્હીમાં ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ સૌથી વધુ ઓક્યુપન્સી રેટ (૧૭૪.૯%) છે, ત્યારબાદ ઉત્તરપ્રદેશ (૧૬૭.૯%) અને ઉત્તરાખંડ (૧૫૯.૦%) છે. વધુ નિર્ણાયક ડેટા અંડરટ્રાયલ વિશે છે, જેમાં અમુક એક દાયકાથી જેલમાં છે, તેમાંના મોટા ભાગના ગરીબ, દલિત અથવા મુસ્લિમો છે. કુલ ૪,૭૮,૬૦૦ કેદીઓમાં ૩,૩૦,૪૮૭ અંડરટ્રાયલ વ્યક્તિઓ છે. ૪,૭૮, ૧૨૫માંથી કુલ, વાસ્તવિક દોષિતોની સંખ્યા ૧,૪૪,૧૨૫ હતી, અન્યમાં ૩,૩૦,૪૮૭ અંડરટ્રાયલ હતા અને ૭૬૫ કેદીઓ જેઓ વર્ગીકૃત કરી શકાયા નથી. અન્ડરટ્રાયલ કેદીઓની સ્થિતિ ધ્યાન આપવા યોગ્ય છે. અન્ડરટ્રાયલ કેદીઓની સંખ્યા ૨૦૧૮માં ૩,૨૩,૫૩૭થી વધીને ૨૦૧૯માં ૩,૩૦,૪૮૭ થઈ ગઈ છે. લગભગ અડધા વ્યક્તિઓ જિલ્લા જેલોમાં છે અને લગભગ ૩૬% કેન્દ્રીય જેલોમાં છે. સૌથી ભયંકર ડેટા જેલમાં મૃત્યુ અને માંદગીનો છે. ૨૦૧૯માં, જેલમાં ૧,૮૪૫ મૃત્યુ થયા હતા, જેમાં મોટા ભાગનાને "કુદરતી" તરીકે વર્ણવવામાં આવ્યા હતા, પરંતુ ૧૬૫ જેટલા "અકુદરતી મૃત્યુ" તરીકે ઓળખવામાં આવ્યા હતા જેમાં આત્મહત્યા અથવા હત્યાનો સમાવેશ થાય છે. કેદીઓના ૧૬૫ બિન-કુદરતી મૃત્યુ પૈકી, ૧૧૬ કેદીઓએ આત્મહત્યા કરી છે, ૨૦ કેદીઓ અકસ્માતમાં મૃત્યુ પામ્યા છે, ૧૦ કેદીઓની કેદીઓ દ્વારા હત્યા કરવામાં આવી છે અને ૧ કેદીનું ૨૦૧૯ દરમિયાન બહારના તત્વો દ્વારા કરવામાં આવેલા હુમલાને કારણે મૃત્યુ થયું છે. કુલ ૬૬ કેદીઓના મૃત્યુ માટેના કારણની હજૂ સુધી જાણ થઈ નથી. ૪૬૮ કેદીઓ કેદમાંથી ભાગી ગયા પરંતુ ૨૩૧ ફરી પકડાયા હતા અને ૨૦૧૯ દરમ્યાન ૨૦ જેટલા જેલ તોડવાના બનાવો બન્યા હતા.

### ઘરેથી કોઈને કહયા વિના જતી રહેલ

# જૂનાગઢની યુવતીના ગુમ થયા પાછળના ભેદનો પર્દાફાશ કરતી પોલીસઃ ચોંકાવનારી વિગત બહાર આવી



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢ સી-ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ રાધાક્રિષ્ન સોસાયટીમાં ગત તા.૭-૧૨-૨૨ ના રોજ એક સમાજને આંખ ખોલતો બનાવ બનવા પામેલ જેમાં એક દિકરી દ્વારા પોતાના માતા-પિતાને બપોરના સમયે જમવાની રસોઈમાં ઉંઘની દવા ખવડાવી અને ઘરેથી માતા પિતાના મોબાઈલ ફોન, બેંકના એટીએમ કાર્ડ, ક્રેડીટ કાર્ડ તથા બેંક પાસવર્ડની ડાયરી અને પોતાના પર્સનલ ડોકયુમેન્ટ, પાસપોર્ટ તથા મોબાઈલ ચાર્જર લઈ ઘરેથી નીકળી ગયેલ અને મોડી રાત્રીના ઘરે તેના માતા પિતા જાગતા બનાવ અંગેની જાણ થતાં જે અંગે સી-ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે જાણ કરેલ જેમાં તેઓએ જણાવેલ કે પોતાની દિકરી કયા ગયેલ છે, કોની સાથે ગયેલ છે તે અંગે કોઈ જાત માહિતી ન હતી. જે બનાવની ગંભીરતા ધ્યાને લેતા આ બનાવનો ભેદ ઉકેલવો પોલીસ માટે પડકાર રૂપ હોય જેથી જૂનાગઢ રેન્જના આઈજીપી મયંકસિંહ ચાવડા, જૂનાગઢ જીલ્લાના પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટીની સુચના તથા નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલ્યાના માર્ગદર્શન હેઠળ સી.ડીવીઝન પોલીસ સ્ટેશન તથા ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢ અને એસઓજીની અલગ-અલગ ટીમો બનાવી જે તમામ ટીમોની જૂનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટીની દેખરેખ નીચે અને તેઓના સીધા માર્ગદર્શન નીચે અલગ-અલગ દિશાઓમાં તપાસ હાથ ધરવામાં આવેલ તે દરમ્યાન હકીકત મળેલ કે ઘરેથી ગયેલ દિકરી રાજકોટ એરપોર્ટથી દિલ્હીની ફલાઈટમાં ગયેલ છે અને ઉત્તરપ્રદેશના બરેલી વિસ્તારમાં હોવાની શકયતા છે. જેથી તાત્કાલીક સી.ડીવીઝન પોલીસ સ્ટેશનની એક ટીમને પોલીસ અધિકારીની સુચના મુજબ ઉત્તરપ્રદેશ ખાતે રવાના કરવામાં આવેલ તેમજ ક્રાઈમ બ્રાન્ચની એક ટીમને માહિતી મેળવવા માટે રાજકોટ ખાતે રવાના કરવામાં આવેલ. અને તમામ ટીમની કામગીરીનું અપડેટ જૂનાગઢ જીલ્લાના પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટી જાતે લીધેલ અને તે દરમ્યાન સી.ડીવીઝન પોલીસ સ્ટેશનની ઉત્તરપ્રદેશના બરેલીમાં ગયેલ ટીમને સફળતા મળેલ અને ઘરેથી ગયેલ દિકરી ઉત્તરપ્રદેશના બરેલીમાં રહેતા રાહતઅહેમદ નફીસઅહેમદ ખાન સાથે મળી આવતા તે બંનેને પોલીસ સ્ટેશને લાવી પુછપરછ હાથ ધરતા પોતે સને ૨૦૧૭-૧૮ની સાલમાં ઈન્સ્ટાગ્રામ મારફત બરેલીમાં રહેતા રાહતઅહેમદ ખાનના પરીચયમાં આવેલ અને રાહત અહેમદે પોતાને જણાવેલ કે પોતે દુબઈમાં હોટલ મેનેજમેન્ટનો અભ્યાસ કરે છે તેમજ પોતે તથા પોતાના પિતાજી દુબઈમાં બિઝનેશ પણ કરે છે અને દુબઈમાં પોતાને બે મોલ તથા ત્રણ રેસ્ટોરન્ટ આવેલા છે. તેમજ ઉત્તરપ્રદેશના બરેલીમાં બે થી ત્રણ હોટલ અને રેસ્ટોરન્ટ છે. અને પોતાને કોઈ ભાઈ-બહેન નથી. પોતાની પાસે એક ઓ.ડી. અને એક બીએમડબલ્યુ કાર છે. અને દિકરી સાથે ઈન્ટાગ્રામ તથા ઈ.મો. એપ્લીકેશન્સથી કોન્ટેકમાં હેલ અને ત્યારબાદ થોડા મહિના પહેલા રાહત અહેમદે જણાવેલ કે પોતે દુબઈની તમામ પ્રોપર્ટી વેચીને બરેલીમાં શીફટ થઈ ગયેલછે. ત્યારબાદ બનાવ બનેલ તેના પંદર દિવસ પહેલા આ દિકરીને જૂનાગઢથી બરેલી આવવા માટે જણાવેલ જેથી દિકરીએ જૂનાગઢ પોતાને તેડવા માટે જણાવતા પોતે બિઝનેશમાં બીઝી હોય અને જૂનાગઢ આવતા બીક લાગે છે અને દિકરીને મેસેજ કરી અને દુબઈ લઈ જવાની વાત કરેલ. ત્યારબાદ રાહત અહેમદે દિકરીના માતા-પિતાને ઉંઘની દવા પીવડાવી તેના તમામ મોબાઈલ તથા બેંક એકાઉન્ટના તમામ એટીએમ કાર્ડ તથા ક્રેડીટ કાર્ડ, પાસવર્ડ તથા દિકરીના પર્સનલ ડોકયુમેન્ટ અને પાસપોર્ટ લઈ રાજકોટથી ફલાઈટમાં દિલ્હી આવવા માટે જણાવેલ. રાહત અહેમદે બરેલીથી ઈન્ડીયા પોસ્ટ મારફત ઘેનની ૨૦ ગોળીઓનું પાર્સલ જૂનાગઢ દિકરીના સરનામે મોકલેલ હતું જે તા.૬-૧૨-૨૨ના રોજ મળેલ અને તા.૭-૧૨-૨૨ના રોજ આ ગોળીઓ દિકરીએ તેના માતા-પિતાને રસોઈમાં નાખીને પીવડાવી દેતા બંને ઘેનમાં સુઈ ગયેલ હતા. અને આ દિકરી માટે રાહત અહેમદે બરેલીથી રાજકોટથી દિલ્હીની ફલાઈટબુક કરાવી અને તેના પેમેન્ટ માટેનું કયુઆર કોડ મોકલતા દિકરીએ પોતાના પિતાજીના ગુગલ પે એકાઉન્ટમાંથી ૨૪ હજાર ચુકવ્યા હતા અને ફલાઈટની ટીકીટ પીડીએફ કરી વોટ્સએપ મારફત દિકરીને મોકલેલ જેના આધારે દિકરી રાજકોટ એરપોર્ટ ઉપરથી એર ઈન્ડિયાની દિલ્હીની સાંજની ફલાઈટમાં બેસી દિલ્હી જતી રહેલ અને ત્યાં એરપોર્ટ ઉપરથી રાહત અહેમદ તેને તેડી ગયેલ હતો. ત્યારબાદ બરેલીમાં રહેતા રાહતઅહેમદને પુછપરછ કરતા પોતે દુબઈમાં ડ્રાઈવીંગનું કામ કરતો હતો અને માત્ર ધો.૧૦ સુધી ભણેલ છે. પોતાને કોઈ મોલ કે રેસ્ટોરન્ટ નથી કે પોતાની પાસે કોઈ ફોર વ્હીલ કાર નથી અને પોતાને એક ભાઈ અને એક બહેન છે તેમજ પિતાજી બંને પગે અપંગ છે. માતા માનસિક બિમાર છે. પોતાના નાના ભાઈ સલમાનને બરેલીમાં મોટરસાયકલ સર્વિસ સ્ટેશન આવેલ છે. પોતે ઘેનની ગોળીઓ મોકલેલ હતી અને દિકરીને દિલ્હીની ટીકીટ મોકલી હતી અને દિકરીને દિલ્હીથી તેડી બરેલી લઈ આવેલ અને તેની પાસે રહેલ ક્રેડીટ કાર્ડ અલગ અલગ પેટ્રોલ પંપ ઉપર જઈને તેમાંથી એક પેટ્રોલ પંપ ઉપરથી રૂા.૬૦,૦૦૦, બીજા પેટ્રોલ પંપ ઉપરથી રૂા.૧,૭૫,૦૦૦ રોકડ ઉપાડેલ હતા. આવી પ્રાથમિક હકીકત જાણવા મળેલ છે અને સદરહું બનાવની દિશામાં આગળની વિશેષ તપાસ ચાલુ છે.

આ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.એસ. સિંધવ, જૂનાગઢ સી.ડીવીઝનના પીએસઆઈ જે.એમ. વાળા, ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ જે.જે. ગઢવી, ડી.એમ. જલુ, એએસઆઈ એન.વી. રામ, હે.કો. સંજયસિંહ પથુભા, હે.કો. નિલેશભાઈ ભેટારીયા, આઝાદસિંહ સીસોદીયા, ઈન્દ્રજીતસિંહ ઝાલા, વિકાસભાઈ, રોહિતભાઈ ધાંધલ, દિલીપભાઈ ડાંગર, ચેતનસિંહ સોલંકી, દિલીપભાઈ ડાંગર, મનીષાભાઈ હુંબલ, નાગદાનભાઈ સિંધવ તેમજ મહિલા પો.કો. મમતાબેન વાળા વગેરે જોડાયા હતા.

# જૂનાગઢમાં બેંક ફ્રોડમાં ગુમાવેલ રૂા.૭૭,૪૨૯ ભોગ બનનારને પરત અપાવતી એસઓજી પોલીસ

જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહ ચાવડાની સુચના તેમજ પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટીની સુચના તથા માર્ગદર્શન હેઠળ જીલ્લામાં સાયબર ક્રાઈમના વધતા જતા ગુનાઓ બનતા અટકાવવા તેમજ આવા બનાવોમાં લોકોના નાણા રીફંડ થાય તેવા પ્રયત્નો કરવા સુચના આપવામાં આવેલ હોય જે અનુસંધાને એસઓજી જૂનાગઢના પીઆઈ એ.એમ. ગોહીલ તથા સાયબર સેલના પીએસઆઈ એમ.જે. કોડીયાતર તથા સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હોય તે દરમ્યાન જૂનાગઢના રહીશ હિતેન્દ્ર વૃજલાલભાઈ ડોંગાના મોબાઈલ ફોન ઉપર એક મેસેજ આવેલો જેમાં ઈલેકટ્રીસીટી બીલ ભરવા જણાવેલ અને બીલ ભરવામાં નહીં આવે તો પાવર કનેકશન કાપી નાખવામાં આવશે અને તેમાં સંપર્ક નંબર જણાવવામાં આવેલા જેથી અરજદારે ખરેખર બીલ ભરેલ હોય તેમ છતાં બીલ બાકી હોવાનો મેસેજ આવેલ હોય જેથી વિશ્વાસમાં આવી ગયેછલ અને તે મેસેજમાં જણાવેલ મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરતા સાયબર સેલના ગઠીયાએ જણાવેલ કે ઈલેકટ્રીસીટીનું બીલ ઓનલાઈન પેમેન્ટ કરેલ હોય તો આપના મોબાઈલ ઉપર આવેલ લીંક ઉપર જઈ પ્રોસેસ કરવી પડશે, જેથી અરજદારે તે લીંક ઓપન કરતા તેના ફોનમાં 'કવીક સપોર્ટ' નામની સ્ક્રિન શેરીંગ એપ્લીકેશન ઈન્સ્ટોલ થઈ ગયેલ જેથી ફોનનો તમામ કંટ્રોલ સામાવાળા પાસે જતો રહેલ અને સાયબર ગઠીયાએ અરજદારના ક્રેડીટ કાર્ડ મારફત રૂા.૭૭,૪૨૯ની ઓનલાઈન ખરીદી કરી લીધેલ જેના મેસેજ આવતા જાણ થતાં હિતેન્દ્ર વૃજલાલભાઈ ડોંગાએ તાત્કાલીક સાયબર સેલનો સંપર્ક કરેલ ત્યારબાદ જૂનાગઢ જીલ્લા સાયબર સેલ દ્વારા તાત્કાલીક કાર્યવાહી કરવામાં આવેલ અને બેંક તેમજ સંલગ્ન પેમેન્ટ ગેટવે એજન્સીઓ સાથે સતત સંકલનમાં રહી ફ્રોડસ્ટર દ્વારા ફ્રોડ કરવામાં આવેલ રકમ અન્ય જગ્યાએ ઉપયોગ ન થાય અને અરજદારને તે રકમ રિફંડ થાય તે માટે જરૂરી કાર્યવાહી કરી ફરીયાદીએ ફ્રોડમાં ગુમાવેલ તમામ રૂા.૭૭,૨૪૯/- તેમના બેંક ખાતામાં રીફંડ કરાવેલ હતા.

આ કામગીરીમાં એસઓજી જૂનાગઢના પીઆઈ એ.એમ. ગોહીલ તથા સાયબર સેલના પીએસઆઈ એમ.જે. કોડીયાતર, એએસઆઈ દિપકભાઈ જાની, હે.કો. પરેશભાઈ ચાવડા, કો.બિન્દ્રા એસ. ગીરનારા, કૃણાલસિંહ પરમાર, માનસીંગભાઈ રાઠોડ અને મયુરભાઈ ઓડેદરા વિગેરે જોડાયા હતા.

# ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની કુલ સંપત્તિ કેટલી છે, તેમને કેટલો પગાર મળે છે?

અમદાવાદ તા. ૧૩

ગુજરાતમાં ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી જીત્યા બાદ ભાજપ રાજયમાં સતત ૭મી વખત સરકાર બનાવવા જઈ રહી છે. પાર્ટીએ સરકારનું સુકાન ભુપેન્દ્ર પટેલને સોંપ્યું છે, જેઓ ફરીથી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લેવા જઈ રહ્યા છે. આવા સંજોગોમાં ભૂપેન્દ્ર પટેલ વિશે જાણવા માટે દરેકને ઉત્સુકતા છે, ચાલો જણાવીએ કે ભાજપના નેતા ભૂપેન્દ્ર પટેલની કુલ સંપત્તિ કેટલી છે અને ગુજરાતના સીએમ કોણ બનવા જઈ રહ્યા છે અને તેમને સીએમ તરીકે કેટલો પગાર મળશે.

તેમણે ૨૦૨૨ની ચૂંટણીના એફિડેવિટમાં પોતાની સંપત્તિનો ઉલ્લેખ કર્યો છે. ચૂંટણી પંચને આપેલી એફિડેવિટ મુજબ ભૂપેન્દ્ર પટેલની કુલ સંપત્તિ ૮ કરોડ ૨૨ લાખ રૂપિયા છે. સાથે જ તેમની પાસે કોઈ જમીન નથી, પરંતુ તેમની પત્ની હેતલબેનના નામે ૧૬ લાખ ૩૦ હજાર રૂપિયાની જમીન છે. પટેલ પાસે ૨ લાખ ૧૫ હજાર ૪૫૦ રૂપિયા રોકડા



છે. આ ઉપરાંત ભૂપેન્દ્ર પટેલ પાસે અંદાજે રૂ.૨૫ લાખના દાગીના છે અને તેમની પત્ની પાસે રૂ.૪૭ લાખ ૫૦ હજારના દાગીના છે. અને ૨૦૧૭ની ચૂંટણીમાં તેણે ૫ કરોડ રૂપિયાની સંપત્તિ જાહેર કરી હતી.

પાટીદાર સમાજ સાથે જોડાયેલા નેતા ભૂપેન્દ્ર પટેલ ગુજરાતના ૧૮મા મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે. તેમણે ઘાટલોડિયા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવારને ૧.૯૨ લાખ મતોના માર્જિનથી હરાવ્યા હતા. ૬૦ વર્ષીય ભૂપેન્દ્રભાઈ પટેલના પગાર વિશે વાત કરીએ તો, અહેવાલો અનુસાર, તેમને ૩૨૧,૦૦૦ રૂપિયા માસિક પગાર મળે છે. આ સિવાય તેઓને મફત રહેઠાણ, મુસાફરી ભથ્થું, તબીબી સુવિધાઓ વગેરે મળે છે. તેવી જ રીતે હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુને ૩૧૦,૦૦૦ રૂપિયા માસિક પગાર મળશે. તે જ સમયે, સુખુને મફત આવાસ, મુસાફરી ભથ્થું, તબીબી સુવિધાઓ વગેરે પણ મળશે.

જણાવી દઈએ કે દેશમાં કુલ ૨૮ રાજ્યો છે. આ રાજ્યોના વડા ત્યાંના 'મુખ્યમંત્રી' છે. રાજ્ય સ્તરે મુખ્યમંત્રીનું સ્થાન કેન્દ્રમાં વડાપ્રધાન જેવું જ છે. આપણા દેશમાં દરેક રાજ્યના મુખ્યમંત્રીનો પગાર અલગ-અલગ હોય છે કારણ કે દરેક રાજ્યના મંત્રીઓ માટે અલગ-અલગ પગાર ધોરણ હોય છે અને તેઓને માસિક ધોરણે પગાર મળે છે તેવી જ રીતે અન્ય સરકારી કર્મચારીઓને તેમનો પગાર મળે છે.

# જૂની પેન્શન યોજના અંગે સરકારે લોકસભામાં શું કહ્યું ?

નવી દિલ્હી તા. ૧૩

જો તમે સરકારી કર્મચારી હોવ કે તમારા ઘરમાં કોઈ સરકારી કર્મચારી હોય તો આ સમાચાર તમારા ખુબ કામના છે. કેન્દ્ર સરકારે કેટલાક રાજ્યો તરફથી જૂની પેન્શન યોજના લાગૂ કરવાની જાહેરાત ઉપર સોમવારે લોકસભામાં પોતાનું વલણ સ્પષ્ટ કર્યુ છે. નાણા રાજયમંત્રી ડો.ભાગવત કરાડે સોમવારે અસદુદ્દીન ઓવૈસીના સવાલ ઉપર લેખિત જવાબ આપ્યો હતો.

નાણા રાજયમંત્રીએ પોતાના જવાબમાં જૂની પેન્શન યોજનાને લાગૂ કરવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરી દીધો છે. તેમણે પોતાના લેખિત જવાબમાં કહ્યું કે સરકારનો જૂની પેન્શન યોજના લાગૂ કરવાનો કોઈ વિચાર નથી.

ભાગવત કરાડે કહ્યું કે અનેક રાજ્યોએ જૂની પેન્શન યોજના (OPS)ને લાગૂ કરવા માટે પોતાના સ્તર પર નોટિફિકેશન બહાર પાડ્યા છે. આવામાં સરકાર એ સ્પષ્ટ કરવા માંગે છે કે NPS ના પૈસા વાપસીની કોઈ પણ પ્રકારની જોગવાઈ નથી. નાણા રાજ્યમંત્રીનો આ જવાબ હાલના સમયમાં ખુબ મહત્વનો મનાય છે કારણ કે તાજેતરમાં છત્તીસગઢ, ઝારખંડ, રાજસ્થાન અને પંજાબ સરકારે રાજ્ય કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના બહાલ કરવાની જાહેરાત કરીકરી દીધી છે.

AIMIM ચીફ અસદુદ્દીન ઓવૈસીએ લોકસભામાં રાજ્ય સરકારો તરફથી જૂની પેન્શન યોજનાને બહાલ કરવા પર સવાલ કર્યો. તેમણે પૂછ્યું કે શું આ સરકારોએ રાષ્ટ્રીય પેન્શન સ્કીમ (NPS)ના પૈસાને પાછા કરવાની ડિમાન્ડ કરી છે. તેમણે સરકારને સ્થિતિ સ્પષ્ટ કરવાની વાત કરી અને પૂછ્યું કે શું સરકાર નજીકના ભવિષ્યમાં જૂની પેન્શન યોજના લાગૂ કરવાનું વિચારી રહી છે? ઓવૈસીના સવાલો પર નાણા રાજ્યમંત્રી ભાગવત કરાડે લેખિતમાં જવાબ આપ્યો છે.

ભાગવત કરાડે સરકારનો પક્ષ સ્પષ્ટ કરતા કહ્યું કે રાજસ્થાન, ઝારખંડ, અને છત્તીસગઢ સરકારે આ અંગે કેન્દ્ર સરકાર/PFRDA ને પોતાના નિર્ણય અંગે સૂચિત કર્યા હતા. પંજાબ સરકારે ૧૮ નવેમ્બર ૨૦૨૨ના રોજ જૂની પેન્શન યોજનાની બહાલી અંગે નોટિફિકેશન બહાર પાડ્યું હતું. રાજસ્થાન, ઝારખંડ, અને છત્તીસગઢની સરકાર તરફથી એનપીએસના પૈસાને પાછા કરવા અંગે પ્રપોઝલ મોકલવામાં આવી છે. પરંતુ પંજાબ સરકાર તરફથી આવો કોઈ પત્ર મળ્યો નથી. તેમણે જણાવ્યું કે રાજસ્થાન, ઝારખંડ, અને છત્તીસગઢ સરકારને સૂચિત કરી દેવાઈ છે કે NPS ના પૈસા પાછા કરવાની કોઈ જોગવાઈ નથી.

# અવકાશમાંથી ઉતર્યો મોટો ગોળો, 'એલિયન'ને જોવા હૈદરાબાદમાં મોટી ભીડ એકઠી થઈ!



હૈદરાબાદ તા.૧૩

ડિસેમ્બરે આકાશમાંથી જમીન ઉપર એવી વસ્તુ ઉતરી કે જેને જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. દેખાવમાં, તે વસ્તુ 'ઉડતી રકાબી' એટલે કે UFO (અનઆઈડેન્ટિફાઈડ ફલાઈંગ ઓબ્જેક્ટ) જેવી દેખાતી હતી. લોકોએ તેને આકાશમાંથી ઉતરતી જોતા સ્તબ્ધ થઈ ગયા હતા. તેમને લાગ્યું કે પુસ્તકો અને ફિલ્મોમાં બહાર લાવવામાં આવેલી 'એલિયન'ની વાત કાલ્પનિક નથી પણ વાસ્તવિક સત્ય છે. ત્યાં એલિયન્સ છે, તેથી જ ઉડતી રકાબી જમીન ઉપર આવી છે. તેમને અપેક્ષા હતી કે હવે દરવાજો ખુલશે અને આ યુએફઓમાંથી એક એલિયન બહાર આવશે. આ વિચારીને તેઓ ઉત્સાહિત થઈ ગયા.

ઉડતી રકાબી દેખાવમાં બલૂન જેવી ગોળમટોળ હતી. તે મૂવીઝમાં દર્શાવવામાં આવેલા યુએફઓ જેવી જ હતી અને પુસ્તકોમાંના શબ્દો દ્વારા તેને નીચે લાવવામાં આવ્યું હતું. આ યુએફઓ હૈદરાબાદથી લગભગ ૧૦૦ કિમી દૂર વિકરાબાદ જિલ્લાના મોગિલિગિદ્દા ગામમાં લેન્ડ થયુંહતું. આ જોઈને લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. આ સમાચાર ફેલાતાની સાથે જ તે પોલીસ સુધી પહોંચી, ત્યારબાદ પોલીસની મોટી ટુકડી તરત જ પોલીસ સ્ટેશનથી નીકળી મોગીલીગીડા ગામ પહોંચી. આ દરમિયાન કેટલાક લોકો UFO જેવી દેખાતી વસ્તુનો દરવાજો ખટખટાવતા જોવા મળ્યા હતા અને માની લીધું હતું કે અંદર કોઈ છે. તેણે દરવાજો ખખડાવવાનું શરૂ કર્યુ અને ખાતરી આપી કે જે કોઈ અંદર છે તેને નુકસાન નહીં થાય અને તેને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવશે.

ઘણા લોકોએ તેની તપાસ શરૂ કરી, તેને શંકાસ્પદ વસ્તુ માનીને તેને અહીં અને ત્યાં ધકેલી દીધી. તેઓને લાગવા માંડ્યું કે અવકાશની દુનિયામાંથી આ કોઈ 'જાદુ' ટપકે છે. લોકો તેને કરિશ્મા સમજવા લાગ્યા. આ UFOનું સત્ય ત્યારે બહાર આવ્યું જ્યારે ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ (TIFR), હૈદરાબાદના બલૂન વિભાગના વૈજ્ઞાનિકો સ્થળ ઉપર પહોંચ્યા. જ્યારે તેમણે કઠણ કર્યું, ત્યારે ખબર પડી કે તે TIFRની નેશનલ બલૂન ફેસિલિટીનો સંશોધન પ્રયોગ હતો, જે ઊર્ધ્વમંડળનો વાતાવરણીય અભ્યાસ કરી રહ્યો હતો.

ટીઆઈએફઆરના વૈજ્ઞાનિકોએ આ વસ્તુને 'સ્પેસ કેપ્સ્યુલ' નામ આપ્યું છે. ટીઆઈએફઆરની બલૂન ફેસિલિટીમાંથી છોડવામાં આવેલા મોટા હિલીયમ બલૂન દ્વારા તેને આકાશમાં લગભગ ૪૦ કિમીની ઊંચાઈએ ઉઠાવવામાં આવ્યું હતું. સ્પેસ કેપ્સ્યુલ પ્રયોગમાં સામેલ એક વૈજ્ઞાનિકે જણાવ્યું કે સ્પેસ કેપ્સ્યુલનું નિર્માણ સ્પેનમાં કરવામાં આવ્યું છે. તે આઠ લોકોને અવકાશમાં મોકલવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. કેપ્સ્યુલનું પરીક્ષણ કરવા અને ઊર્ધ્વમંડળ પર સંશોધન કરવા માટે ૧૦૦૦ કિલો વજનનું ઉપકરણ (યુએફઓ જેવું) મોકલવામાં આવ્યું હતું.

# શિયાળો શરૂ થતાં તલના વ્યંજનોનું બજાર ગરમ, સેન્ડવીચથી ચોકલેટ ચિક્કીની અનેક વેરાયટીઓનું ધૂમ વેચાણ

જૂનાગઢ તા. ૧૩

શિયાળાની શરૂઆત થતા ગરમ તાસીરના તલના વ્યંજનોના ભાવમાં વધારો થયો છે. ગત વર્ષની સરખામણીએ ચિક્કીના વ્યંજનોમાં ૨૦ ટકા સુધીનો વધારો થયો છે. ભાવમાં વધારો છતા વિવિધ ચિક્કીની ખરીદીમાં તેજી જોવા મળી રહી છે. શિયાળામાં તલનું સેવન સ્વાસ્થ્ય માટે ઘણું સારું છે. તમે તેનું સેવન ઘણી રીતે કરી શકો છો. તમે તલની ખીર અને લાડુ વગેરે બનાવી શકો છો. ટેસ્ટી હોવા ઉપરાંત તે ખૂબ જ હેલ્ધી પણ હોય છે. તેમાં ઘણા પોષક તત્વો હોય છે. ચાલો જાણીએ શિયાળામાં તલ ખાવાના ફાયદા.

આ વર્ષે સેન્ડવીચ ચિક્કી, ડ્રાયફ્રૂટ ચિક્કી, સ્પેશિયલ ડાયબિટીસ માટેની ચિક્કી, ડ્રાયફ્રૂટ માવા ચિક્કી અને ચોકલેટ ડ્રાયફ્રૂટ ચિક્કીનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે... મહત્વનું છે કે, શિયાળા દરમ્યાન આરોગ્યપ્રદ ખોરાક ખાઈને લોકો પોતાનું સ્વાસ્થ્ય





જાળવતા હોય છે. ચિક્કીનું નામ સાંભળતા જ લોકોના મોમાં પાણી આવવી જતુ હોય છે. શિયાળામાં ગોળની ચિક્કીનું લોકો વધુ ખરીદી કરતા હોય છે..

શિયાળામાં ગરમ તાસીરના તલના વ્યાજનોના બજારમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે. ગત વર્ષ કરતા ૨૦% ભાવમાં વધારો થયો છે. ભાવ વધારાની સાથે આ વર્ષે વેરાયટીમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. તમને જણાવી દઈએ કે, કાર્બોહાઈડ્રેટ સાથે એન્ટીઓક્સિડેન્ટના તત્વો તલમાં હોવાથી શિયાળામાં ખાવા ગુણકારી હોય છે.

તલમાં ઓમેગા ફેટી એસિડ હોય છે. તેમાં મેગ્નેશિયમ અને ફોસ્ફરસ જેવા ઘણા પોષક તત્વો હોય છે. તેમાં કેલ્શિયમ હોય છે. તે હાડકાંને મજબૂત બનાવવામાં મદદ કરે છે. તેનાથી સાંધાના દુખાવામાં રાહત મળે છે. તલ બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. બીપીના દર્દીઓ ડોક્ટરની સલાહ લીધા બાદ તલનું સેવન કરી શકે છે. હાઈ બ્લડ પ્રેશરથી પીડિત લોકો માટે આ ફાયદાકારક સાબિત થઈ શકે છે.

તલમાં સેસેમિન અને સેસમોલિન જેવા તત્વો હોય છે. તે ખરાબ કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. તે હૃદય સંબંધિત સમસ્યાઓને દૂર રાખવાનું કામ કરે છે. તલમાં પ્રોટીન, આયર્ન, મિનરલ્સ, કેલ્શિયમ, મેગ્નેશિયમ અને કોપર જેવા પોષક તત્વો હોય છે. શિયાળામાં તેમનું રોજનું સેવન યાદશક્તિ વધારવાનું કામ કરે છે. તલનું સેવન મગજ માટે ફાયદાકારક છે.

# ત્રિકોણીય જંગમાં ભાજપની જીત પાછળનાં ત્રણ 'રણનીતિતત્વ' મોદીત્વ-હિન્દુત્વ અને અમિતત્વની 'સોગઠાબાજી'

(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ તા.૧૩

ગુજરાત વિધાનસભાના ત્રિકોણીય જંગમાં ભાજપની જીત પાછળનાં મુખ્યતત્વે ત્રણ તત્વો કામ કરી ગયા જેમાં મોદી'તત્વનો ચહેરો હિન્દુત્વનો હાર્દ અને અમિતત્વની રણનીતિત્વની સોગઠાબાજી ઉપર આધારિત રહી નિર્ધારિત બન્યો હતો. ભાજપ હંમેશા ચૂંટણી જંગમાં પૂર્વ તૈયારી ઉપર તત્પર રહેતો હોય છે. પછી ભલે તે લોકસભાની ચૂંટણી હોય કે વિધાનસભાની પણ માઈક્રોમેનેજમેન્ટ સાથેની પૂર્વતૈયારીઓનું લોજીક જનમાનસના હાર્દમાનસને સમજી માઈક્રો મુદ્દાઓના પ્રચાર પ્રાધાન્ય, પ્રજાના મિજાજને પારખવાની કુશળતા અને આગામી જંગને ધ્યાનમાં રાખી દિર્ઘદ્રષ્ટિકોણ'ની સ્ટ્રેટેજીનેસ્ટ્રેઈટફોરવર્ડ (મુદ્દાસરની પ્રક્રિયા) ને યોગ્ય સમયે કાર્યાન્વિત કરતાં આ 'તત્વ'મેજીક' બની રહ્યું.

ભાજપે પહેલાથી જ લોકમાનસનાં 'તત્વ'ને સમજવાની કાર્યકુશળતા કેળવી લીધી છે, ૨૦૨૨ની ચૂંટણીની પૂર્વ તૈયારીના ભાગરૂપે પહેલાથી જ પેજ અભિયાનને સતેજના 'યાન'માં રાખી અભિયાન શરૂ કરવામાં આવ્યું જે અગાઉ પણ તેનો ઉપયોગ કરવામાં આવેલ હતો તે જ વ્યૂહરચનાને ફરી રચાત્મક સ્વરૂપે સ્થાનિક નેતાઓના પ્રચારકો, સ્ટાર પ્રચારકો અને મુખ્યતત્વ મોદીતત્વ પ્રચારકોના ચહેરાઓએ સંવાદરચનાની એકાત્મક બની રચનાત્મક રજૂઆતથી હરેક મતદારોના દર-એક-એક વિસ્તાર, રાજય શહેર અને ગ્રામ્યના 'મત'માનસ'ની વાત-સમસ્યાને હર-એક-એક જન-જન 'સભા'માં એવી રીતે સભાન બની સંબોધી કે કોઈ અમારી એટલે કે 'દરેક જનની' પોતાની વાત-સમસ્યાને કોઈ સાંભળે છે એવું કહેનારાઓની સંખ્યામાં વધારો થાય છે. બુથમેનેજમેન્ટ અને માઈક્રોપ્લાનીંગમાં આ 'સ્ટ્રેટેજી' કામ કરી ગઈ અને ગ્રાઉન્ડ ઉપર પેજ પ્રમુખોને રાઉન્ડ કરી તેમણે કેટલું 'અરાઉન્ડીંગ' કર્યુ તેના સવાલરૂપે ગ્રાઉન્ડ વર્કને 'હાર્ડવર્ક'માં વધારો કરી 'સરાઉન્ડીંગ' કરાવવામાં સફળ રહ્યું તેમનું કારણ એ હતું કે, આ વખતે ગુજરાતની વિધાનસભામાં મુખ્ય બે પક્ષ નહીં પરંતુ આપની એન્ટ્રીથી ભાજપને તેના ઉપર પણ 'ફોકસ' કરવાનું હતું પરંતુ ગુજરાતની પરંપરા મુજબ મુખ્ય બે પક્ષ કોંગ્રેસ-ભાજપ વચ્ચે જ મુખ્ય હરિફાઈ રહેતી હોય છે તે સ્વાભાવિક હતું અને મુખ્ય હરિફ પક્ષ કોંગ્રેસ અને 'આપ'નો વ્યાપ બહુ બહોળો ન હોવાથી તેનું 'માપ' કોંગ્રેસના 'વોટશેર'ને 'શોર્ટ-શેર'માં (ઓછું કરવામાં) મદદરૂપ બનાવી તેનો માપદંડ કાઢી લીધેલ. ચૂંટણીમાં છેલ્લા-મહિના અગાઉ પ્રજાનાં જનમાનસને ઓળખવામાં તત્પર બની હંમેશા માહિર પક્ષનાં મહત્વના 'ચહેરા-મ્હોરૂ' મોદીત્વએ 'દરેક-માહોલ'ને પારખી હરીફ પક્ષના માહોલને કેવીરીતે 'બેહાલ' કરવા તેનું એવું મેનેજમેન્ટ કરેલ કે, નાના-મોટા અને સ્થાનિકથી લઈને રાજય બહારના સ્ટાર પ્રચારકોને પ્રચાર-પ્રસાર દ્વારા જનમાનસના 'માનસ'ને જાણવા મેદાનમાં ઉતાર્યા બાદ છેલ્લે પોતે પ્રખરપ્રચારક સ્વરૂપના 'તત્વ'ચહેરાએ છેલ્લા ૨૭ વર્ષની ધુરાને જાળવી રાખવા ૨૭ રેલીઓ કરી જનસભાઓ સંબોધવા સુધીનું માઈક્રોથી માઈક્રોન સુધીની બાબતોને ઉજાગર કરવા 'કમલમ્'ની ઓફિસમાં રાત ઉજાગરા કરીને રાષ્ટ્રીય લેવલના નેતા-નેતીઓને સાથે રાખી ૩૨ કિ.મી.થી માંડીને ૫૦ કિ.મી.ના મસમોટા લાંબા રોડશો પણ કરાયા. યોગીથી માંડીને સ્મૃતિ ઈરાની પણ ગુજરાતમાં પ્રચાર માટે પહોંચ્યા અને પક્ષે એજ નેતાઓને 'સ્ટાર' બનાવી અલગ અલગ સાઈટના (વિસ્તારોને) 'બ્રાઈટ' કર્યા. અત્રે યાદ રહે કે, કોઈપણ સારા નેતા બનવા માટે પહેલા સારા 'વાંચક', પ્રવકતા, પછી અતિસારા 'વકતા' અને તે પણ જનમાનસના એક-એકમાનસને પરખવાની પારદર્શિતા અને તે જ 'માનસ-મુદ્દા'ને દરેક જનમાનસમાં 'સંવાદ-પ્રતિસંવાદ'રૂપે પ્રતિસાદ પ્રાપ્ત કરવા 'અવાચક' બનાવવાની સમજક્ષમતા પચાવી શકવાની 'સાધના-શકિત' સાધવાની તાકાત કેળવાય ત્યારબાદ 'નેતા' બનાય છે અને તે નેતામાં હરિફપક્ષના નેતાના એક-એક મુદ્દાની 'પક્કડ'ને સારીરીતે 'અક્કડ' બનાવી તેજ નેતાઓને જનમાસના મિજાજમાં 'તાને' કરવાની 'તત્પરી-ચપ્પળતા' જે-તે સમયે કેળવાય ત્યારે લોકપ્રિયતા સાથે સુશાસનની સફળતાનું આસન આપોઆપ તેના ચરણ ચૂમતું આચરણ બની જતું હોય છે. ઉપરોક્ત તમામ બાબતોનો સમયાંતરે સમાવેશી નિવેશ ભાજપે યોગ્ય સમયે યોગ્ય વકતાને મેદાનમાં ઉતારીને કર્યો. જયારે બીજી તરફ કોંગ્રેસના અગ્રણી રાહુલગાંધીએ ગુજરાતના ચૂંટણી રાજયથી અલગદ. ગુજરાતથી ભારત જોડો યાત્રા શરૂ કરી અને જે અન્ય રાજયમાં દોરવાઈ ગઈ અને ગુજરાતને પ્રાધાન્ય ન આપ્યું. કોંગ્રેસ પાસે ચૂંટણી જંગને જીતવા માટેનો એજન્ડાનો અભાવ હતો પોતાના 'અસ્તિત્વ'ને ટકાવી રાખવા કયાં 'તત્વ'નો ઉપયોગ કરવો અને કયા સમયે કેવા મુદ્દાને જનમાનસના મિજાજમાં શાસકપક્ષના મળેલ તકમુદ્દાને પ્લસ કરી હરેક માનસમાં તર્ક 'માઈનસ' કરવાની દિશા અને દશા બદલાવી શકે તેવા યોગ્ય સમયે રજૂઆત કરવાની 'સમય-સતર્કતા' શૈલી-તાર્કિકતાનો કોઈ પ્રભાવ પાડી શકે તેવો કોઈ સમભાવ જ ન્હોતો અને તેણે પોતે જ પોતાની આવી 'અવદશા'ની દિશામાં દોરવાઈ ગયેલી 'અસંમજસતા'માં ખોરવાઈ ગયેલ જોવા મળી હતી. આ ચૂંટણીમાં રાષ્ટ્રીય નેતા તો ઠીક પણ સ્થાનિક નેતાઓ પણ પક્ષના અસ્તિત્વને ટકાવી રાખવાની મહત્વનું ન સમજી નિરસતાની માનસિકતામાં નિતરવાની સહમતતા સાંધી લીધી હોય તેવું જણાતું હતું. ભાજપે આ વખતની ચૂંટણીમાં ઉમેદવારી માટે પક્ષના સિનીયરોને જ પહેલેથી કહી દેવાયું હતું કે, તે પોતે જ કહી દે કે ઉમેદવારી પાત્રતા માટે તેનું જ 'નામ' અનામ-પાત્રમાં (અમારે ચૂંટણી નથી લડવી) ની યાદીમાં હોવું જોઈએ...!? તેવા 'પત્રો' હાઈકમાન્ડે જ તેમની પાસેથી મંગાવ્યા અને 'દિગ્ગજો'ના 'કદ' પ્રમાણેની 'ઉમીદ' આપોઆપ ઉમેદવારોની યાદીમાંથી અલિપ્ત થઈ ગઈ...! એટલે કે પક્ષમાં અંદોરઅંદરના 'ઉન્નમાદ'માં નીતિન પટેલ, પ્રદિપસિંહ જાડેજા, વિજય રૂપાણી, સૌરભ દલાલ અને ભૂપેન્દ્રસિંહ ચુડાસમા 'બેઉમીદ' બની ગયા અને જયારે ઉમેદવારી નક્કી થઈ ત્યારે કેટલાંક 'ઉપસી' આવેલા નવા ચહેરામાંથી ૪પી વધુ વર્તમાન ધારાસભ્યો પણ 'લેપ્સરૂપી' 'સેસ'લેશમાં સમાવિષ્ઠ બની ગયા. બીજી તરફ અંદરોઅંદરના અસંતુષ્ટોને 'સમજણ' કેળવવા અમિત શાહે 'સેતુ' બની અવાર-નવાર ગુજરાતનો પ્રવાસ ખેડતા અંદરોઅંદરના અસંતુષ્ટો ઉભા થાય તે પહેલાં જ 'સંતુષ્ટ' બની ગયા. રૂપાણી સરકાર તો 'વચગાળે' બદલીને કેબિનેટમાં ધરખમ ઉપરાછાપરી ફેરફારો થઈ ગયા તેમાં મહત્વના અને મુખ્ય ફેરફારો જોઈએ તો ભીખુભાઈ દલસાણીયા અને રત્નાકરને સંગઠનમાં મહાસચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા એનું કારણ ગત ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપથી અળગા રહેલા પાટીદારોનાં મત ધરાવતી બાવન માંથી ૨૪ બેઠકો ગુમાવી હતી તેને આ વખતની ૨૦૨૨ની ચૂંટણીમાં પાટીદારોને પોતાની તરફ 'દળદાર' બનાવવા આ વખતની ટિકીટ ફાળવણીમાં ભાજપે ખોડલધામ ટ્રસ્ટના વડા નરેશભાઈ પટેલનાં સૌથી નજીકનાં ગણાતા અને અનેક સામાજીક-ઔદ્યોગિક ક્ષેત્રે સારો એવું પ્રભુત્વ ધરાવતાં રમેશ ટીલારાને પક્ષના વિરોધ વચ્ચે પણ ટિકીટ ફાળવી આ 'સોગઠી'ની ગોઠવણમાં આ વખતે પાટીદારોને 'આપણે સૌ સઘળા' બની ૪૪ બેઠકો ઉપર આ આંકડો પહોંચાડવામાં સફળ રહ્યા હતાં. અત્રે યાદ રહે કે, ગુજરાતમાં પાટીદારોનું પ્રભુત્વ હોય તેવી ૫૨ (બાવન) બેઠકો છે જેમાં કોંગ્રેસને મોટો ફટકો પડયો છે. જયારે આપને પાટીદારોના કારણે રાષ્ટ્રીય પાર્ટી બનાવવામાં સધીયારો પ્રાપ્ત થયો છે. ગુજરાતમાં આમ આદમી પાર્ટીએ ૫ બેઠકો ઉપર જીત હાંસલ કરી છે જેમાં ૪ બેઠકોની સપાટી બની 'પાટીદારોએ' જીતાડયા છે જેમાં વિસાવદર, જામજોધપુર, બોટાદ અને ગારીયાધર આશ્ચર્યની બાબત એ છે કે, જામજોધપુરમાં પાટીદાર ઉમેદવાર ન હોવા છતાં પણ પાટીદારોએ 'દળદારમાત્રામાં' મતો આપી આપના હેમંત ખવાને અપનાવ્યા (જીતાડયા) છે. અત્રે નોંધનીય છે કે, કોંગ્રેસે ૨૦૧૭માં પાટીદારોનું વર્ચસ્વ ધરાવતી ૨૩ બેઠકો ઉપર જીત મેળવ્યા બાદ આ વખતે તેમાં ૨૦નો ઘટાડો થયો છે જે ત્રણ બેઠકો લુણાવાડા, માણાવદર અને વિજાપુરનો સમાવેશ થાય છે. ગત વર્ષે લુણાવાડા બેઠક અપક્ષ ઉમેદવાર દ્વારા જીતવામાં આવી હતી અને વિજાપુર બેઠક ઉપર ભાજપનો કબજો હતો. ગુજરાતમાં પાટીદારોની વસ્તી ૧૨.૧૪ટકા જેટલી છે પરંતુ રાજયની ૧૮૨ વિધાનસભા બેઠકોમાંથી ૩૦ ટકા બેઠકો ઉપર તેમના મત નિર્ણાયક સાબિત થતા હોય છે. આ બેઠકો ઉપર પાટીદારોની વસ્તી ૨૦ ટકાથી વધારે મનાય છે. આ વખતની ચૂંટણીમાં ભાજપનું છેલ્લી ઘડીની 'ઘડામણ-સ્ટ્રેટેજી' માઈક્રોન પ્લાનીંગ જોઈએ તો કયાં રોડશો કોણ કરશે, કઈ રેલી કયાં કરાશે, કયા ક્રાઉડને કયાં નેતાઓ 'લાઉડ'બની ગ્રાઉન્ડ બનાવશે, પ્રચાર 'તત્વ-સામગ્રી' થી લઈને ડોર-ટુ ડોર પ્રચારમાં કઈ વાત કેવી રીતે કરવી, પ્રચારના કયાં પ્રચારક ચહેરાને કઈ જગ્યાએ કાર્પેટ બોમ્બીંગ કરવું, તે સહિતની નાનામાં નાની બાબત સ્થાનિકથી લઈને રાજય-રાષ્ટ્રીય લેવલના નેતાઓ સાથે અમિત શાહે સતત અને અવિરત રતે-રતનું સવિરત-સંકલન'નું આંકલન કરી સુચારૂ સંચાલન ચલનમાં મુકયું હતું.

આ વખતની ચૂંટણીમાં ૨૦૦૨માં જે થયું...પણ ત્યારબાદ ગુજરાતમાં કોઈ છમકલા થયાં હશે પણ મોટાપાયે આંછકલાને ડામી દેવાતા ૨૦૦૨નાં રમખાણો ભાજપની સતામાં થયા, પણ એ પછી ભાજપે 'કાળજી' કેળવી કે હિંદુ હોય કે મુસલમાન કોઈપણ તાબાની બહાર આબાદી ન બને તે માટે સામ-દામ-દંડ-ભેદની નીતિ અખત્યાર કરી ગુજરાતમાં માહોલ એકંદરે શાંતિપ્રિય બનાવી રાખ્યો. ખાસ ધ્યાન તે બાબત ઉપર રખાયું કે, જે પેઢીએ ૨૦૦૨ના રમખાણો જોયા છે તે ૧૯૮૪ની રમખાણોની 'ચર્ચાખાણ'માં નણ પડે અને તેઓને એટલી તો 'જાણ' થશે કે ૨૦૦૨વાળી જો કોઈ ફરી 'હાંકશે' તો તેવી માનસિકતાને 'સાંખી' નહીં લેવાય. આ જનમાનસિકતાનો 'ઝુકાવ' ભાજપ તરફી ફરી આ'દેશ બની 'આદર્શ' ઉપદેશમાં પરિવર્તિત થઈ ફરી જનાદેશ મેળવવામાં સફળ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપની આ ઐતિહાસિક જીતને રાષ્ટ્રીય મીડીયાથી માંડી આંતરરાષ્ટ્રીય મીડીયાએ મોદીની લોકપ્રિયતાનાં 'પ્રિતમ' બની પ્રશંસારૂપી સવિશેષ નોંધ લીધી છે જેમાં ખાસ કરીને વધતી મોંઘવારી, બેરોજગારી, વિકાસ અને હિંદુત્વનાં ચમત્કારિક નેતૃત્વનાં ભાગરૂપે પીએમ નરેન્દ્ર મોદીનાં નેતૃત્વ 'તત્વ'ની સ્વીકૃતિનાં સંકેતરૂપે આંકી મોટાભાગના મીડીયા અહેવાલોનુસાર અને વિશ્લેષણો મુજબ મોદીના પ્રભાવશાળી નેતૃત્વના કારણે ભાજપને અભૂતપૂર્વ સફળતા મળી છે. બ્રિટીશ ન્યુઝ પોર્ટલ ઈન્ડિપેન્ડન્ટે તેને ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા વડાપ્રધાન મોદી માટે રાહત ગણાવી છે, આવું અભૂતપૂર્વ જનસમર્થન ખાસ કરીને વધતી મોંઘવારી, બેરોજગારી વચ્ચે વિકાસ અને હિન્દુત્વનાં ચમત્કારિક મિશ્રણનું નેતૃત્વનું અતિક્ષણ (પરિણામ) માનવામાં આવે છે. કતારના અલજઝીરાએ પોતાના અહેવાલમાં લખેલ કે, પીએમ મોપદીની હિન્દુ રાષ્ટ્રવાદી પાર્ટી ભારતના પશ્ચિમી રાજય ગુજરાત ઉપર નિયંત્રણ જાળવી રાખે છે. બ્રિટીશ મીડીયા હાઉસ 'ધ ગાર્ડીયન' એ તેના અહેવાલમાં જણાવેલ કે, ઘણાં લાંબા સમયથી ગુજરાત હિન્દુ રાષ્ટ્રવાદી તરીકે ભાજપનો ગઢ રહ્યો છે, જેણે ૧૯૯૫થી સતત સાત ચૂંટણી જીતી છે. પરંતુ પરિણામો ભાજપની સૌથી મોટી ચૂંટણીની સફળતા છે. ગુજરાતને ઐતિહાસિક જીત ગણાવતા અમેરિકન મીડીયા હાઉસ એબીસી ન્યુઝે લખ્યું છે કે, વધતી જતી મોંઘવારી, બેરોજગારી અને ધાર્મિક ધ્રુવીકરણની ટીકા છતાં મોદી તેમની પાર્ટીની વધતી લોકપ્રિયતા અચંબો પમાડે તેવી છે. વિશ્વના સૌથી વધુ વેચાતા બિઝનેસ અખબારી વેબસાઈટ એશિયા નિક્કીએ લખ્યું છે કે, પોતાના 'સ્ટારપ્રચાર પાવર'થી પીએમ મોદીએ અપેક્ષિત સફળતા અપાવી છે. સિંગાપોરનાં ન્યુઝપોર્ટલ સ્ટ્રેટ ટાઈમ્સે લખ્યું છે કે, ગુજરાત ભાજપનો ગઢ છે પીએમ મોદી ૨૦૦૧થી ૨૦૧૪વચ્ચે ૧૩ વર્ષ સુધી રાજય ઉપર શાસન કર્યુ અને તેને આર્થિક પાવરહાઉસમાં ફેરવી દીધું. ટુંકમાં ભાજપની જીત પાછળનાં ત્રણ મુખ્ય 'રણનીતિત્વ' મોદીત્વ-હિન્દુત્વ અને અમિતત્વનું 'મુખ્યત્વ પીએમ મોદી'તત્વ'નાં જનમાસના મુળ પરનું પ્રભુત્વ-પ્રવેશ સાથે પરિણામમાં તમામ સ્થાનિકમુદ્દાઓ, મોરબીની મોટી દુર્ઘટના 'બાદ' પણ ભાજપે અવિશ્વસનીય, ઐતિહાસિક વિશ્વાસ જીતી જન-જનના ભરોસાને 'સકારાત્મક'તત્વ'નો આકાર આપી આ મહત્વત્તાને સાકાર કરવા ફરી 'આબાદ' ભાજપ સરકાર રચવા સફળ ભાજપની 'ત્રિતત્વ'તંત્ર સંચાલિત પ્રક્રિયાને 'એકતંત્ર'માં પરિવર્તિત કરી પુનરાવર્તનનાં અક્કળ મંત્રને 'સ્વતંત્ર-સફળ' બનાવી ફરી કાર્યાન્વિત બનવા સવિશેષ રહ્યું છે.

### વિધાનસભાની ચૂંટણી સંપન્ન થયા બાદ

## માંગરોળ નગરપાલિકાની આગામી બે માસ બાદ યોજાનારી ચૂંટણીની રાજકીય પક્ષો દ્વારા તૈયારી

(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૧૩

ભાજપ માટે પ્રમાણમાં ટફ ગણાતી ૮૯, માંગરોળ-માળીયા બેઠક ઉપર કમળ જરૂર ખીલ્યું છે. આપ અને AIMIM જેવી પાર્ટીઓએ મતોના કરેલા ધ્રુવીકરણથી આ બેઠક કોંગ્રેસ પાસેથી આંચકી લેવામાં ભાજપનો રસ્તો સરળ બન્યો હતો. ત્યારે કુલ વોટીંગના ૩૦%થી વધુ વોટ શેર કરનારી બંને પાર્ટીની નજર આગામી બે માસ બાદ યોજાનારી માંગરોળ નગરપાલિકાની ચૂંટણી ઉપર છે. હાલ કોંગ્રેસ, ભાજપના ગઠબંધન વાળી નગરપાલિકાની આગામી બે, અઢી માસ બાદ યોજાનારી ચૂંટણીમાં આ વખતે દરેક ઉમેદવારોને પરસેવો પાડવો પડશે તે નક્કી છે.

**બીજેપીની શહેરની ખાધ તો ઘટી, ૮૫ પૈકી ૫૪ ગ્રામ્ય વિસ્તારોમાં લીડ...**

વધાનસભાની આ બેઠક ઉપર આ વખતે ભારતીય જનતા પાર્ટીનું પ્રદર્શન જોરદાર રહ્યું છે. શહેરમાં હિન્દુ સમાજમાંથી થયેલા સારા મતદાન અને અન્ય પાર્ટીઓએ કરેલા મતોના વિભાજનની સાથે બીજેપીના ઉમેદવાર ભગવાનજીભાઈ કરગઠીયાની અંગત લોકપ્રિયતા નો મોટો ફાયદો થયો હતો. શહેરમાંથી બીજેપીને ૧૨૨૬૮, કોંગ્રેસને ૧૫૯૯૮ મતો મળ્યા હતા. પરિણામે કોંગ્રેસને શહેરમાંથી દર વખતે જે આઠ થી દસ હજારની લીડ મળતી હતી, તે આ વખતે ૩૭૦૦ જેટલા મત સુધી સિમિત રહી ગઈ હતી. આ ઉપરાંત માંગરોળ, માળીયા હાટીના તાલુકાના ૫૪ જેટલા ગામોમાંથી બીજેપીને વતા, ઓછા અંશે સરસાઈ મળતા આ બેઠક સરળતાથી જીતવામાં સફળતા મળી હતી.

**AIMIMનો પતંગ સામા પવને ચગ્યો, શહેરમાંથી ૭૫૦૦થી વધુ મતો અંકે કર્યા...**

મતદાનના ગણતરીના દિવસો અગાઉ ઓવૈશીની પાર્ટી AIMIM ખાસ કાંઈ લડત આપી શકે તેમ ન હોવાની ચર્ચા ઉઠી હતી. એક અંદાજ મુજબ ૩ થી ૪ હજાર મતો લઈ શકે તેવી લોકોની ધારણા હતી. પરંતુ પાર્ટીના ઉમેદવાર સુલેમાનભાઈ પટેલે શહેરમાંથી ૭૫૦૦થી વધુ મતો ખુંચવી લીધા હતા. જેના કારણે શહેરમાંથી કોંગ્રેસની લીડ ઘટી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

**કોંગ્રેસનો રકાસ, ૨૯ ગામોમાં "આપ"ને આવકાર**

ચૂંટણીના પરિણામમાં માંગરોળ-માળીયા બેઠકના ૨૯ ગામોમાં "આપ"નું પલડું ભારી રહ્યુ છે. આપના પિયુષભાઈ પરમારને આ બેઠક ઉપર ૨૩.૨૨% વોટ શેર, ૩૪,૩૧૪ મતો મળ્યા છે. જે કોંગ્રેસથી કરતા ફકત ચાર હજાર મતો ઓછા છે. માંગરોળ, માળીયા હાટીનાના ઘણાં ખરાં ગામો કે જ્યાં અગાઉ કોંગ્રેસને લીડ મળતી હતી ત્યાંથી તેઓ લીડ મેળવવામાં સફળ રહ્યા છે. જ્યારે ચોંકાવનારી બાબત એ છે કે કોંગ્રેસને માંગરોળ શહેર ઉપરાંત હુસેનાબાદ અને ગડુને બાદ કરતાં એક પણ ગ્રામ્ય વિસ્તારમાંથી લીડ મળી નથી !! જે કોંગ્રેસ માટે આત્મમંથનનો વિષય માનવામાં આવે છે.

**માંગરોળ નગરપાલિકાની ચૂંટણી રસપ્રદ બનશે**

માંગરોળ નગરપાલિકાની આગામી બે, અઢી માસ બાદ યોજાનારી ચૂંટણીનો જંગ બળાબળના પારખાં સમાન બની રહેશે. હાલમાં ૧૨ વોર્ડ અને ૩૬ સદસ્યોનું સંખ્યાબળ ધરાવતી નગરપાલિકામાં ભાજપના ટેકાથી કોંગ્રેસનું શાસન છે. વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી અને AIMIMએ ભાજપ અને કોંગ્રેસને આપેલી ટક્કરે સૌને વિચારતા કરી મુક્યા છે. "આપ"ના પિયુષભાઈ પરમારે માંગરોળ નગરપાલિકાની ચૂંટણીમાં પુરી તાકાત લગાવવાની તૈયારી દર્શાવી છે. તો AIMIMના પ્રદેશ મહામંત્રી અને જીલ્લા પ્રમુખ સુલેમાનભાઈ પટેલે જણાવ્યું છે કે, શહેરમાં શાકમાર્કેટ, દુધબજાર સહિતની જગ્યાઓ વર્ષોથી જે તે સ્થિતિમાં છે. રોડ, રસ્તા, પાણીની પ્રાથમિક સુવિધાઓ તેમજ હિતના મુદ્દા લઈ લોકો સમક્ષ જઈશું. જાતિવાદ, સગાવાદથી દૂર વંચિત ગરીબોના હક્ક અપાવવા માટે નગરપાલિકાની ચૂંટણીમાં ઝંપલાવશું. ત્યારે નગરપાલિકાની આગામી ચૂંટણીમાં પતંગ અને ઝાડું કોના ગણિત બગાડે છે ? કોને દાવપેચ બદલવા મજબુર કરે છે ? તે જોવાનું રહેશે. નવા જુનીના એંધાણ વચ્ચે ખરાખરીનો જંગ જામે તેવી શક્યતા જણાઈ રહી છે.

## ખંભાળિયામાં ચોરાઉ બાઈક સાથે યુપીનો શખ્સ ઝડપાયો



(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૧૩

ખંભાળિયા પંથકમાંથી તાજેતરમાં એક મોટરસાયકલ ચોરીનો બનાવ નોંધાયો હતો. જે સંદર્ભે સ્થાનિક પોલીસ દ્વારા કાર્યવાહી દરમ્યાન અહીંના પી.આઈ. ડી.એમ. ઝાલાના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિયમ દરમ્યાન સર્વેન્સ સ્ટાફના વિરેન્દ્રસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે મૂળ ઉત્તર પ્રદેશ રાજ્યના ફિરોઝાબાદ જિલ્લા ખાતેના વતની અને હાલ અહીંના વાછરાડાડાના મંદિર પાસે રહેતા શ્રમિક યુવાન રીસી મહેશકુમાર યાદવ નામના ૨૩ વર્ષના શખ્સને પોલીસે રૂપિયા ૨૦,૦૦૦ની કિંમતના ચોરાઉ મોટરસાયકલ તથા એક નંગ મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૨૫,૦૦૦ના મુદ્દામાલ સાથે તેની અટકાયત કરી, ધોરણસર કાર્યવાહી કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યવાહી અહીંના પી.આઈ. ડી.એમ ઝાલા, હેમતભાઈ નંદાણીયા, ખીમાભાઈ કરમુર, દિવ્યરાજસિંહ જાડેજા, જેઠાભાઈ પરમાર, વિરેન્દ્રસિંહ નટુભા જાડેજા વગેરે દ્વારા કરવામાં આવી હતી.

### :: અવસાન નોંધ ::

જૂનાગઢ : ગીરનારા સોની સ્વ. શ્રી નિર્મળાબેન દામજીભાઈ નાંઢા (ઉ.વ. ૮૪) તે સરલાબેન, ભુપતભાઈ, રમેશભાઈ, દિપકભાઈનાં માતા, ભાવેશભાઈના કાકી, દિવ્યેશ, નિકુંજ, કેયુર, નુપુરનાં દાદી, ડો. જીજ્ઞેશ, નેહાના નાની તા. ૧૧-૧૨-૨૨નાં રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું બેસણું તા. ૧૫-૧૨-૨૨ને ગુરૂવારના રોજ લોઢીયાવાડી, જલારામ સોસાયટી પાસે, જૂનાગઢ ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

## અડાલજ ત્રિમંદિરના દર્શન કરી પૂજન-અર્ચન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

### દાદા ફાઉન્ડેશનના દિપકભાઈના આશીર્વાદ પણ મેળવ્યા : ગુજરાતનો ઉત્તરોત્તર ખૂબ વિકાસ થાય એવી પ્રાર્થના દાદા ભગવાન-





(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ તા.૧૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુખ્યમંત્રી પદના શપથ લઈને સતત બીજીવાર રાજ્ય શાસનનું દાયિત્વ વિધિવત સંભાળતા પૂર્વે અડાલજ ત્રિમંદિરના દર્શને જઈને પૂજન-અર્ચન કર્યા તથા દાદા ફાઉન્ડેશનના દિપકભાઈના આશીર્વાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રીએ આ અવસરે જણાવ્યું કે, નાનામાં નાના માનવી, સામાન્ય લોકો માટે કલ્યાણ અને સદકાર્યોની પ્રેરણા પ્રભુ આપે તથા ગુજરાતનો ઉત્તરોત્તર ખૂબ વિકાસ થાય એવી પ્રાર્થના દાદા ભગવાન, સીમંધર સ્વામી અને અન્ય દેવોના શ્રીચરણમાં કરી છે. તેમણે ઉમેર્યુ કે, વિધાનસભા ચૂંટણીઓમાં મળેલો આ પ્રચંડ વિજય રાજ્યની જનતા જનાર્દનનો, તેમના ભરોસા અને વિશ્વાસનો વિજય છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, લોકોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપા ઉપર અપાર સ્નેહ અને વિશ્વાસ દર્શાવ્યો છે. એટલું જ નહિ, સૌ કાર્યકર્તાઓના પરિશ્રમ અને મહેનતનું ફળ પણ આ વિજયમાં ઝળકયું છે.

## જામનગર : ચૈતન્ય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઈકો-બ્રિકસ વિષે વર્કશોપ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા) જામનગર તા.૧૩

ચૈતન્ય ચેરીટેબલ ટ્રસ્ટ જામનગર દ્વારા તા.૫ ડીસેમ્બર ૨૦૨૨ના રોજ પ્લાસ્ટિક ફ્રી અને ગ્રીન જામનગર અભિયાન અંતર્ગત નવોદય સ્કુલ જામનગર ખાતે ઈકો-બ્રિકસ વર્કશોપ અને જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. ઈકો-બ્રિકસ વર્કશોપમાં કુલ ૩૫૮ જેટલા ધોરણ ૬ થી ૯ના વિદ્યાર્થીઓએ લાભ લીધેલ હતો. જેમાં ઈકો-બ્રિકસ એટલે શું, ઈકો-બ્રિકસનું મહત્વ શું છે ? અને ઈકો-બ્રિકસ કેમ બનાવાય તે વિષે વિગતવાર માહિતી અને પ્રત્યક્ષ નિદર્શન દ્વારા ડેમો આપી ઈકો-બ્રિકસ વિષે હિતેશ પંડ્યાએ માહિતી આપેલ હતી. આ ઉપરાંત દર્શ ભટ્ટે પર્યાવરણ જાગૃતિ અને વૃક્ષો વાવવા કેટલા જરૂરી છે અને તે માટે ચૈતન્ય ચેરીટેબલ ટ્રસ્ટ જામનગર દ્વારા ગ્રીનકોમ્યુનિટી દ્વારા ગ્રીન આર્મી તરીકે જોડાઈને વૃક્ષો વાવવા માટે જોડાવવા એક વોટ્સએપ ગ્રુપમાં જોડાઈ જવા વિષે જાણકારી આપેલ હતી. પ્લાસ્ટિક પ્રદુષણ ન થાય તે માટે દરેક બાળકોએ MLP (મલ્ટી લેયર પ્લાસ્ટિક) માટે અલગ ડસ્ટબિન રાખવાનો નિર્ધાર કર્યા હતા. એટલું જ નહી પણ દર મહીને ઈકો-બ્રિકસ બનાવી જમા કરશે તેવી ખાતરી આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે ચૈતન્ય ચેરીટેબલ ટ્રસ્ટ જામનગરના હિતેશ પંડ્યા, કાજલ પંડ્યા, વોલીયન્ટીયર ટીમ, રોટેરિયન મિતલ પટેલ, નવોદય સ્કુલ જામનગરના આચાર્ય એસ.વી. બોભાટે, શિક્ષકગણ અને સ્ટાફે જહેમત ઉઠાવી હતી. ગ્રીન કોમ્યુનિટી અને પ્લાસ્ટિકફ્રી જામનગર અભિયાન તેમજ તળાવસફાઈ કાર્યમાં ગ્રીન આર્મી તરીકે જોડાઈને ધરતીમાતાની સેવા કરવા ઈચ્છતા મિત્રો એ વધુ વિગત માટે હિતેશ પંડ્યા (મો.૯૪૨૮૯૮૬૦૨૬/ ૭૪૦૫૭૭૫૭૮૭) ઉપર સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.


### નામ બદલાવેલ

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ દિયાબેન વલ્લભભાઈ ઠુમર હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ દિયા મૌલિક હીરપરા રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

દિયા મૌલિક હીરપરા

એ-૨, બાલાજી પાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

જાહેર નિવિદા નં.૫ (૨૦૨૨-૨૩)

કાર્યપાલક ઈજનેરશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ (મંગલ નિવાસ, અક્ષરવાડી પાસે) (ફોનનં. ૦૨૮૫-૨૬૭૦૨૦૭)ની કચેરીએથી સંભવિત તા. ૦૯-૦૧-૨૦૨૩નારોજ ૧૮માં વાર્ષિક પદવિદાન સમારંભ, જૂનાગઢ માટે સમિયાણા બાંધવા, સાઉન્ડ સીસ્ટમ ગોઠવવી તેમજ ઈલેકટ્રીફીકેશન વગેરેની કામગીરી કરવા માટે રસ ધરાવતી અનુભવી પાર્ટીઓ પાસેથી વેબ મેઈલીંગ પધ્ધતિથી આઈટમ રેટ ટેન્ડર હાર્ડ કોપી મારફત મંગાવવામાં આવે છે. આ અંગેની જાહેરાત યુનિવર્સિટી વેબસાઈટ www.jau.in પર તા. ૧૪-૧૨-૨૦૨૨ થી મુકવામાં આવશે. જે મુજબ ભાવો સીલ બંધ ક્વરમાં તા. ૨૮-૧૨-૨૦૨૨ સુધી (૧૮.૦૦) કલાક સુધીમાં કચેરીમાં મોકલવાનાં રહેશે. વધુ માહિતી માટે કામકાજનાં દિવસો દરમ્યાન ઉપરોકત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે.

માહિતી/જૂના/૭૮૪/૨૦૨૨

# જૂનાગઢનાં સક્કરબાગ પ્રાણી સંગ્રાહલયનાં પક્ષી-પ્રાણીઓને ઠંડીથી બચાવવા ગરમ સુરક્ષા કવચ કરાયું

## શિયાળાની કાતીલ ઠંડી વચ્ચે પક્ષી-પ્રાણીઓની જીવસૃષ્ટીઓને હુંફાળું વાતાવરણ આપવા માટે ગ્રીન નેટ, માટલા, ઘાસ, લેમ્પ તેમજ નાઈટ સેન્ટરનો ઉપયોગ કરાયો







(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ શહેરમાં આવેલા સક્કરબાગ સંગ્રાહલયમાં વસવાટ કરતા પક્ષીઓ અને પ્રાણીઓ તેમજ તમામ જીવો માટે શિયાળીની આ કાતીલ ઠંડી વચ્ચે હુંફાળા ગરમ કવચની આગવી વ્યવસ્થા કરવામાં આવી છે અને ઠંડીની સામે રક્ષણ આપતા આ ઉપાય કરવામાં આવી રહેલ છે.

જૂનાગઢ રાજકોટ હાઈવે ઉપર સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય આવેલું છે જયાં પક્ષી-પ્રાણીઓની જીવસૃષ્ટીની અલગ જ દુનીયા રહેલી છે. અહીં દુર-દુરથી પ્રવાસી જનતા પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લે છેઅને પોતાનાં બાળકો-ભૂલકાઓને પક્ષી-પ્રાણીઓની જીવસૃષ્ટીથી પરિચીત કરાવે છે અને વારંવાર સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયની મુલાકાતે આવવાનો વાયદો પણ કરી જાય છે. હાલ શિયાળાની મોસમ શરૂ થઈ ચુકી છે અને ઠંડીનો દોર વધ-ઘટ થઈ રહ્યો છે ત્યારે ઠંડીની સામે પક્ષી-પ્રાણીઓની જીવસૃષ્ટીને હુંફાળું વાતાવરણ પુરૂ પાડવા માટે દર વર્ષાની જેમ આ વર્ષે પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયનાં અધિકારગણે જણાવ્યું હતુંકે, પક્ષીઓ અને પ્રાણીઓની તેમની જરૂરીયાત મુજબ ગરમ કવચ પુરૂ પાડવામાં આવી રહ્યું છે.

પક્ષીઓને ગરમ વાતાવરણ ઉભું કરવા માટે રૂમની અંદર હિટર, ગ્રીન નેટ, સુકુ ઘાસ વિગેરે પાથરી હુંફ આપવા પ્રયાસ કરવામાં આવેલ છે. આ ઉપરાંત લેમ્પ અને માટલાનો ઉપયોગ પણ કરવામાં આવી રહેલ છે. આ ઉપરાંત સિંહ, દિપડા, વાઘ સહિતનાં મોટા પ્રાણીઓ માટે નાઈટ સેન્ટરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ૧ હજારથી વધુ રહેલી જીવસૃષ્ટી માટે સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયનાં અધિકારીગણનાં માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા ગરમ સુરક્ષા કવચ ઉભું કરવામાં આવેલ છે અને આ રીતે પક્ષી-પ્રાણીઓને ઠંડીની સામે રક્ષણ આપવામાં આવી રહેલ છે.

# જૂનાગઢમાં ઓનલાઈન ફુટબોલ ગેમ્સ રમવામાં યુવાને રૂા. બે લાખ ગુમાવ્યા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢના એક યુવાને ઓનલાઈન એપ્લીકેશન મારફત ફુટબોલ ગેમ્સ રમવાનાં ચકકરમાં પડીને વધુ નાણા કમાવવાની લાલચે બે લાખ રૂપિયા ગુમાવ્યા હોવાનો કિસ્સો સાયબર પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે.

જૂનાગઢ શહેરનાં કોલેજ રોડ ઉપર ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતા અને ખાનગી કંપનીમાં છેલ્લા ત્રણ વર્ષાથી માર્કેટીંગ એસોસીએટ તરીકે કામ કરતા શિવમ અનિલભાઈ ગોંડલીયા (ઉ.વ. ૨૫)ને તેનાં મિત્ર અર્જુન સુથાર (મહેસાણા)એ ઓનલાઈન ગેમ્સ બતાવી હતી. જેનો લઈને તેણે ગુગલ પ્લે સ્ટોરમાંથી દાની દાતા સપોર્ટ ડેટા નામની એપ્લીકેશન ડાઉનલોડ કરીને તેમાં ઓનલાઈન ફુટબોલ ગેમ્સ રમવાની હતી. જેમાં મેચનાં અલગ અલગ સ્કોરમાં ખોટું અનુમાન લગાડીને પૈસા રોકવાનાં હતાં તેમાં મેચ સ્કોર ૩-૩૩માં ફિકસ વળતર ૦.૭૫ ટકા મળતું હતું. જેમાં પૈસા ગુમાવવાની શકયતા ન હતી. જેને લઈને તેણે વધુ રકમ લગાવવા માટે પોતાનાં બેંક એકાઉન્ટનાં ગુગલ પે, એમેઝોન વોલેટ, પેટીએમ મારફત અલગ અલગ મળીને કુલ રૂા.૨,૦૧,૫૦૦ જમા કર્યા હતાં. બાદમાં એજ દિવસ જોયું તો તેનાં ગેમ્સ એકાઉન્ટમાં એકપણ રૂપિયો જમા બતાવતો ન હતો. અને બાદમાં તે એપ્લીકેશન અને ફુટબોલ ગેમ્સનું ઓનલાઈન પેજ પણ બતાવતું બંધ થઈ જતાં આખરે માલુમ પડયું કે તેની સાથે છેતરપીંડી થયેલ છે જેથી શિવમ ગોંડલીયાએ જૂનાગઢ સાયબર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

શ્રી પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અંધકન્યા છાત્રાલય તેમજ સત્યમ સેવા યુવક મંડળ દ્વારા


# જૂનાગઢમાં ગુજરાતની વિવિધ સંસ્થાઓની પ્રજ્ઞાચક્ષુ બહેનો માટે હરીફાઈનાં કાર્યક્રમનું આયોજન

## સાડી પરિધાન, એન્ડ્રોઈડ મોબાઈલ સ્પર્ધા, એકપાત્રીય અભિનય અને રાસ-ગરબા સ્પર્ધા યોજાશે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૩

શ્રી પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અંધકન્યા છાત્રાલય તેમજ સત્યમ સેવા યુવક મંડળ દ્વારા જૂનાગઢમાં ગુજરાતની વિવિધ સંસ્થાઓની પ્રજ્ઞાચક્ષુ બહેનો માટે હરીફાઈનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સાડી પરિધાન, એન્ડ્રોઈડ મોબાઈલ સ્પર્ધા, એકપાત્રીય અભિનય અને રાસ-ગરબા સ્પર્ધા યોજાશે. આ અંગેની વિગત આપતા સત્યમ સેવક યુવક મંડળનાં પ્રમુખ મનસુખભાઈ વાજાએ જણાવ્યું હતું કે, જૂનાગઢમાં લોઢીયાવાડી ખાતે આ સ્પર્ધાનાં કાર્યક્રમો યોજાશે. જેમાં તા. ૧૭-૧૨-૨૦૨૨ શનિવારે બપોરે ૨ કલાકે લગ્નગીત સ્પર્ધા, સાંજે ૫ કલાકે એકપાત્રીય અભિનય સ્પર્ધા, ૫:૩૦ કલાકે એન્ડ્રોઈડ સ્માર્ટ મોબાઈલ સ્પર્ધા, રાત્રીનાં ૯ કલાકે ડાંડીયારાસ-ગરબા તેમજ તા. ૧૮-૧૨-૨૦૨૨ રવિવારે સાડી પરિધાન સ્પર્ધા યોજાશે અને સવારે ૧૦ કલાકે ઈનામ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ સ્પર્ધાનું કાર્યક્રમનું ઉદઘાટન ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, કમિશ્નર રાજેશભાઈ તન્ના અને પ્રવિણાબેન ગીરીશભાઈ ચોકસીનાં હસ્તે કરાશે. ત્યારે સમારંભનાં અધ્યક્ષ સ્થાનો જાણીતા ઉદ્યોગપતિ જવાહરભાઈ ચાવડા તેમજ ડીવાયએસપી હિતેશ ધાંધલીયા રહેશે. આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રનાં અગ્રણી, આગેવાનો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ અંતર્ગત સંસ્થાનાં ટ્રસ્ટી નરેન્દ્ર જોશી (બટુકબાપુ)નાં અમૃત મહોત્સવ ઉજવણી થશે. કાર્યક્રમને સફળ બનાવવા મનસુખભાઈ વાજા, પ્રોજેકટ ચેરમેન મુકેશગીરી એસ. મેઘનાથી અને સર્વે ટ્રસ્ટીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહીછે.

# શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે શિલાન્યાસ મહોત્સવનો પ્રારંભ






(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢ શહેરમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે શ્રી રાધારમણદેવ નૂતન ભોજનાલયનો ખાતમુહર્ત તેમજ શીલાન્યાસ મહોત્સવનાં કાર્યક્રમનાં ભાગરૂપે આજ તા.૧૩ થી તા.૧૯ ડિસેમ્બર ૨૦૨૨ દરમ્યાન આયોજન કરવામાં આવેલ છે. આ સાથે જ આ મહોત્સવ અંતર્ગત શ્રીમદ સત્સંગી તથા ઘરસભાનો કાર્યક્રમ યોજવામાં આવી રહેલ છે. અને ૪૦૨મી આ કથાનો કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.

ચેરમેન પૂજય કોઠારી સ્વામિ દેવનંદનદાસજી તથા મહંત શાસ્ત્રી સ્વામિ પ્રેમસ્વરૂપદાસજી (નાવાગઢવાળા) અને કોઠારી પી.પી. સ્વામિ, કુંજ સ્વામિ સહિતનાં સંતો અને સેવકગણ દ્વારા ધાર્મિક, સામાજીક, સેવાકીય કાર્યો કરવામાં આવી રહેલ છે. આ મંદિરનાં સર્વાંગી વિકાસ માટે પણ અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. અહિં બિરાજમાન સિધ્ધેશ્વર મહાદેવ સહિતનાં દેવો ભકતજનોની મનોકામનાં પૂર્ણ કરે છે ત્યારે દુર-દુરથી ભાવિકો અને સેવકો દર્શનાર્થે આવી રહ્યા છે. તેઓનાં માટે રહેવા તથા ભોજન માટેની સુંદર વ્યવસ્થા મંદિર પરિસરમાં કરવામાં આવી રહી છે. દરમ્યાન અહીં આવનારા દર્શનાર્થીઓ માટે એક સાથે ૧૦૦૦ દર્શનાર્થીઓ ભોજન-પ્રસાદ લઈ શકે તેવી વ્યવસ્થા માટે રાધારમણ દેવ નૂતન ભોજનાલયનાં નિર્માણનો શુભ પ્રસંગ અંતર્ગત ખાતામુહર્ત, શીલાન્યાસ મહોત્સવ યોજવામાં આવી રહેલ છે.

જૂનાગઢધામમાં બિરાજમાન સોરઠ પ્રદેશનાં ધીંગા ધણી શ્રી રાધારમણ દેવની સામીપે બિરાજમાન આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજની પૂર્ણકૃપાથી વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહરાજશ્રી રૂડા આશીર્વાદથી દેવોનાં દર્શનાર્થે પધારનાર હરિભકતોને સુંદર સુવિધા પ્રાપ્ત થાય તેવા શુભ હેતુથી સૌ સંતો-ભકતોની ભાવના મુજબ મંદિર પરિસારની કાયા પલટનાં સંકલ્પદ્રષ્ટા પૂ.કો. સ્વા. દેવનંદનદાસજી (ચેરમેનશ્રી)નાં માર્ગદર્શન મુજબ મંદિર પરિસરમાં શ્રી રાધારમણ દેવ નૂતન ભોજનાલયનું ખાતમુહુર્ત-શિલાયન્યાસ વિધિ સં.૨૦૭૯ મહા વદ-૭, તા.૧૫-૧૨-૨૦૨૨નાં રોજ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે ૯૮૨ થી ૯૮૮મી ઘરસભા અંતર્ગત તા.૧૫-૧૨-૨૦૨૨ માગશર વદ-૫ થી તા.૧૯-૧૨-૨૦૨૨ માગશર વદ-૧૧ સુધી સ.ગુ. શ્રી શતાનંદ સ્વામિ રચિત ૪૦૨મી શ્રીમદ સત્સંગિજીવન કથાપારાયણનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. જેનાં વકતાપદે પૂ.સ.ગુ. સ્વામિ શ્રી નિત્યસ્વરૂપદાસજી વ્યાસાસનારૂઢ બની અને સંગીતની સુરાવલીનાં સથવારે સુમધુર કથા ચરિત્રામૃતનાં પિયુષ પાન કરાવશે. આજે શ્રીમદ સત્સંગી જીવન કથા પારાયણનો પ્રારંભ કરવામાં આવી રહયો છે. અને તેનાં ભાગરૂપે આજે સ્વામિનારાયણ ગુરૂકુળ કોલેજ રોડ ખાતેથી પોથીયાત્રા યોજાનાર છે જેમાં સંતો અને હરીભકતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા છે.

# વિસાવદર : રોઝડુ આડુ ઉતરતા અકસ્માત, એકનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ જીલ્લાનાં વિસાવદર ખાતે રહેતા યોગેશભાઈ પોપટભાઈ ભુવાએ પોલીસમાં એવા મતલબની જાણ કરી છે કે, તેમનાં પિતા તથા કુટુંબીક ભાઈ બંનો જણા તેઓની મોટરસાઈકલમાં બેસી મોણપરીથી વિસાવદર આવતા હતા તે દરમ્યાન સત્તાધાર ફાટક પાસે રોઝડુ આડું પડતા મોટરસાઈકલમાં ભડકાઈ જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં પોપટભાઈ ગોરધનભાઈ ભુવા (ઉ.વ.૫૪)ને માથાનાં ભાગે ઈજા થતા તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ જયાં સારવાર તેમનું મૃત્યું થયું છે.

# જૂનાગઢ તાલુકાનાં ડુંગરપુર નજીક ડમ્પરે હડફેટે લેતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ તાલુકાનાં બિલખા ગામનાં વિપુલભાઈ કમલેશભાઈ સોની (ઉ.વ. ૩૩)એ અજાણ્યા ડમ્પર વાહનનાં ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, અજાણ્યા ડમ્પરનાં ચાલકે પોતાનું ડમ્પર પુરઝડપે ચલાવી અને ડુંગરપુર ગામ નજીક ફરિયાદીનાં કાકાને હડફેટે લઈ ઠોકર મારી દેતા તેઓ પડી ગયા હતા અને શરીરનાં વિવિધ ભાગો ઉપર ગંભીર ઈજાઓ પહોંચતા તેનું મૃત્યું થયું છે. આ ફરિયાદનાં આધારે પોલીસે અજાણ્યા ડમ્પર ચાલક વિરૂધ્ધ અકસ્માત સર્જી મોત નિપજાવવા અંગેનો ગુનો દાખલ કરવામાં આવેલ છે.

### જૂનાગઢમાં જુગાર દરોડો, ૪ ઝડપાયા

એડીવીઝન પોલીસે ગઈકાલે ગણેશનગર કામદાર સોસાયટી નજીકથી જાહેરમાં જુગાર રમતા ૪ શખ્સોને રૂા. ૧૦,૩૮૦ની રોકડ સાથે ઝડપી લઈ તેમનાં વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# મેંદરડા નજીક કાર ચાલકે બાઈકને ઠોકર મારતા માતાનું મોત : પુત્રને ઈજા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢનાં જામકા ગામના માતા-પુત્ર બાઈક ઉપર મીઠાપુર ગામ તરફ જતા હતા ત્યારે રસ્તામાં મેંદરડા નજીક એક કાર ચાલકે તેમને ઠોકર મારીને નાસી જતાં ૮૫ વર્ષીય વૃધ્ધ માતાનું મોત થયું છે જયારે ૫૩ વર્ષીય પુત્રને ઈજાઓ થયેલ છે.

જૂનાગઢ તાલુકાનાં જામકા ગામે રહેતા રમેશભાઈ આંબાભાઈ વિરાણી (ઉ.વ. ૫૩) બાઈક ઉપર પોતાનાં માતા શાંતાબેન (ઉ.વ. ૮૫)ને બેસાડીને જામકાથી મીઠાપુર જતા હતા ત્યારે રસ્તામાં મેંદરડાનાં ચિરોડા ગામ પાસે કાર નં. જીજે-૦૭- બીએન ૦૧૫૭નાં ચાલકે બાઈકનો પાછળથી ઠોકર મારી દેતા માતા-પુત્ર ફંગોળાઈ ગયા હતાં.

અકસ્માત સર્જીને કાર ચાલક નાસી ગયેલ અને ઈજાગ્રસ્ત માતા-પુત્રને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવતાં શાંતાબેન (ઉ.વ. ૮૫)નું મૃત્યું નિપજયું હતું. જે અંગે રમેશભાઈએ મેંદરડા પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.

# જૂનાગઢ સહિત સોરઠમાં સુસવાટા મારતો પવન ફુંકાયો

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢ સહીત સોરઠ પંથકમાં આજે વહેલી સવારે તેમજ મોડી રાત્રીનાં સુસવાટા મારતો પવન ફુંકાયો હતો. શિયાળાની શરૂઆત થયા બાદ ડીસેમ્બર માસ એટલે ઠંડીનો ભરપુર મહીનો ગણાય છે. તાપમાનનો પારાની વધઘટ વચ્ચે ઠંડીની તીવ્રતા રહેલી છે. આ સંજોગોમાં આજે જૂનાગઢ શહેરનું તાપમાન જોઈએ તો મેકસીમમ ૨૦.૦, મીનીમમ ૧૯.૦૩, ભેજ ૭૨ ટકા અને પવનની ગતી ૬.૮ રહી છે. ઠંડીનાં કાતીલ દોર વચ્ચે જનજીવન પ્રભાવિત બન્યું છે અને ઠંડી સામે રક્ષણ મેળવવા માટે રાત્રીનાં તાપણાની મોસમ પણ શરૂ થઈ ગઈ છે.

# જૂનાગઢ ઉપલા દાતારના બ્રહ્મલીન મહંત પૂજ્ય વિઠ્ઠલ બાપુની ચોથીપુણ્યતિથિએ સમાધિ પૂજન અને ભવ્ય ભંડારા મહોત્સવ યોજાયો

જૂનાગઢ તા. ૧૩



જૂનાગઢ કોમી એકતા ના પ્રતિક સમી ઉપલા દાતારની ધાર્મિક જગ્યામાં આજરોજ જગ્યાના બ્રહ્મલીન મહંત પૂજ્ય વિઠ્ઠલ બાપુની ચોથી પુણ્યતિથિ નિમિત્તે જગ્યાના મહંત પૂજ્ય ભીમ બાપુના કરકમળો દ્વારા પૂજ્ય વિઠ્ઠલ બાપુની સમાધીનું પૂજન અને પધારેલા ભાવિકો અને સેવક સમુદાય માટે ભોજન પ્રસાદનું અનેરૂ આયોજન કરાયું હતું જેમાં હજારોની સંખ્યામાં દાતાર સેવકો અને ભાવિકો ઉમટી પડ્યા હતા અને પૂજ્ય વિઠ્ઠલ બાપુની સમાધીના દર્શન કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી આટલી ઉંચાઈ ઉપર આવેલી દાતાર બાપુની આ ધાર્મિક જગ્યામાં આસનસિદ્ધ મહંતો કે જેવો કદી પણ જગ્યા છોડી નીચે નથી ઉતર્યા તેવા પૂજ્ય વિઠ્ઠલ બાપુ અને પૂજ્ય પટેલ બાપુની દિવ્ય સમાધિના લોકોએ દર્શન કરી ધન્ય બન્યા હતા અને હાલના મહંત પૂજ્ય ભીમ બાપુ દ્વારા પધારેલા ભાવિકોને મહાપ્રસાદ અને દર્શનનો લાભ આપ્યો હતો.

(તસ્વીર : વિજયત્રિવેદી)

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

MI-GL

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

બીના ઈલેક્ટ્રોનિકસ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨